અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૯ એપ્રિલ ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, ચૈત્ર સુદ ૧૨ | અંક : ૨૭૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### સુધારેલી જોગવાઈઓનો ૧૦ એપ્રિલથી થશે અમલ

## ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા

### સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે. સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે. રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની કરવામાં આવેલી જોગવાઈઓ અને સુધારા-વધારા* વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.

*રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે. રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.

*વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.

*ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણીરકમ વસૂલ કરવામાં આવશે.* તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે. એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે.

*ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે.

*ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે. આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે. વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

### ટ્રેડ વોરઃ ટ્રમ્પની ચીનને ધમકી

## ૨૪ કલાકમાં નિર્ણય લો, નહીંતર ૫૦ ટકા ટેરિફ નાંખીશ : ડોનાલ્ડ ટ્રમ્પ

### ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીને વળતી કાર્યવાહી ન કરવાની ચેતવણીની અવગણના કરતા ટેરિફમાં ૩૪ ટકા વધારો કર્યો છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૮ ।

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચીનને ચેતવણી આપી છે કે જો ચીન તેમના પરનો ૩૪ ટકા ટેરિફ ૮ એપ્રિલ ૨૦૨૫ સુધીમાં પડતો નહીં મૂકે તો તેઓ તેના પર બીજો ૫૦ ટકા ટેરિફ લાદશે, એમ ટ્રમ્પે ટ્રુથ સોશિયલ પ્લેટફોર્મ પર જણાવ્યું હતું. ચીને ગઈકાલ અમેરિકા પર ૩૪ ટકા ટેરિફ લાદ્યો હતો. અમેરિકાએ લાદેલા ૩૪ ટકા ટેરિફના જવાબમાં ચીને આ ટેરિફ લાદ્યો હતો. તેમણે ઉમેર્યુ હતું કે જો ચીન અમેરિકા પરનો ૩૪ ટકા ટેરિફ નહીં પરત ખેંચે તો તેઓ ચીન પર બીજો ૫૦ ટકા ટેરિફ લગાવશે. તેનો અમલ પણ નવમી એપ્રિલથી થશે. ટ્રમ્પે તેની સાથે ચીન સાથે બદા જ પ્રકારની મંત્રણા પડતી મૂકવાની ધમકી પણ આપી હતી.



તેના પછી ટેરિફથી લઈ કોઈ મુદ્દે અમેરિકા સાથે વાતચીત શક્ય નહીં બને. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે વૈશ્વિક બજારોમાં ભારે ઘટાડા છતાં અમેરિકામાં કોઈ મોંઘવારી નથી. તેમણે તેમના વર્તમાન નિર્ણય માટે અગાઉના અમેરિકન પ્રમુખોને દોષિત ઠેરવ્યા હતા. ટ્રમ્પે જણાવ્યું હતું કે અગાઉના પ્રમુખોની નીતિઓના લીધે ચીન જેવા દેશને અમેરિકાનો ફાયદો ઉઠાવવાની તક મળી. વિશ્વભરમાં આવેલી મંદી અંગે જણાવ્યું હતું કે તેલનો ભાવ ઘટયો છે, વ્યાજદરો ઘટયા છે.આની સાથે તેમણે ફેડ રિઝર્વએ હવે વ્યાજદરમાં ઘટાડો કરવો જોઈએ તેમ જણાવ્યું હતું. તેણે જણાવ્યું હતું કે ખાદ્યપદાર્થોની કિંમત ઘટી ગઈ છે. ફુગાવો તો છે જ નહીં. લાંબા સમયથી આર્થિક દુર્વ્યવહારનો શિકાર અમેરિકા પહેલેથી લાગુ કરવામાં આવેલા ટેરિફનો દૂરુપયોગ કરવાવાળા દેશો પાસેથી દર સપ્તાહે અબજો ડોલર ઉસેટી રહ્યું છે.ટ્રમ્પે જણાવ્યું હતું કે ચીને વળતી કાર્યવાહી ન કરવાની ચેતવણીની અવગણના કરતા ટેરિફમાં ૩૪ ટકા વધારો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે પહેલાથી જ લાગુ કરવામાં આવેલા ટેરિફના લીધે દરરોજે અબજો ડોલરની આવક થઈ રહી છે.

### ન્યૂઝ બ્રિફ

#### સોનું ખરીદવાની સુવર્ણ તક; ફરી સસ્તું થયું ગોલ્ડ

। નવીદિલ્હી, તા.૮ ।

જો તમે સોનું કે ચાંદી ખરીદવાનું વિચારી રહ્યા છો, તો હવે તમારા માટે એક શ્રેષ્ઠ તક છે. વૈશ્વિક ટેરિફ વોર અને મંદીની અસરને કારણે સોના અને ચાંદીના ભાવમાં ભારે ઘટાડો થયો છે. મંગળવાર, ૮ એપ્રિલે, સોનાના ભાવમાં ૨૩૦ રુપિયાનો ઘટાડો જોવા મળ્યો છે. દિલ્હીમાં આજે ૨૪ કેરેટ સોનું રૂ.૯૦,૫૩૦ રુપિયા પર પહોંચી ગયું છે. જ્યારે ૨૨ કેરેટ સોનાની કિંમત ૮૩,૦૦૦ રુપિયા પર પહોંચી ગયું છે.

#### વક્ફ સંશોધન કાયદો ૨૦૨૫ સત્તાવાર રીતે લાગુ

। નવીદિલ્હી, તા.૮ ।


રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ૫ એપ્રિલ ૨૦૨૫ના રોજ વક્ફ કાયદામાં સુધારા માટે સંસદે પસાર કરેલા બિલને આખરે મંજૂરી આપી દીધી હતી. ત્યારથી આ બિલ કાયદામાં ફેરવાઈ ગયું હતું. ત્યારબાદ આજથી (૮ એપ્રિલ, ૨૦૨૫) વક્ફ સંશોધન કાયદો, ૨૦૨૫ સત્તાવાર રીતે લાગુ થયો છે. આ અંગે કેન્દ્ર સરકારે નોટિફિકેશન જાહેર કર્યું છે. આમ, હવે સમગ્ર દેશમાં આ કાયદો હવે લાગુ થશે અને સાથે જ આ કાયદો આઝાદી પૂર્વેના મુસલમાન વક્ફ કાયદાનું સ્થાન લેશે.

## નરેન્દ્ર મોદીએ મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવા પર લાભાર્થીઓ સાથે વાતચીત કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવા પર લાભાર્થીઓ સાથે વાતચીત કરી. પીએમ મોદીએ 'X' પર લખ્યું, 'મેં સમગ્ર ભારતમાંથી મુદ્રા લાભાર્થીઓને મારા નિવાસસ્થાને આમંત્રણ આપ્યું હતું. લાભાર્થીઓએ આ યોજનાથી તેમના જીવનમાં જે ફેરફારો કર્યા છે તે વિશે રસપ્રદ માહિતી શેર કરી હતી.

પીએમ મોદીએ લખ્યું, 'આજે જ્યારે આપણે મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂરા કરી રહ્યા છીએ, ત્યારે હું તે તમામ લોકોને અભિનંદન આપવા માંગુ છું જેમનું જીવન આ યોજનાને કારણે બદલાઈ ગયું છે. આ દાયકામાં મુદ્રા યોજનાએ ઘણા સપનાઓને વાસ્તવિકતામાં પરિવર્તિત કર્યા છે. તેણે એવા લોકોને સશક્ત કર્યા છે જેમને અગાઉ નાણાકીય સહાય નકારી હતી. આ બતાવે છે કે ભારતના લોકો



માટે કશું જ અશક્ય નથી!' પીએમે વધુમાં કહ્યું કે, ભારતના લોકો માટે કંઈ પણ અશક્ય નથી, ૩૩ લાખ કરોડ રૂપિયા દેશના લોકોને કોઈ ગેરંટી વિના આપવામાં આવ્યા, આનાથી જીવન બદલાઈ ગયું છે, મોટાભાગની મહિલાઓ આગળ આવી છે.

પીએમ મોદીએ કહ્યું કે મુદ્રા યોજના મોદી માટે નથી પરંતુ દેશના યુવાનો માટે છે. પીએમ મોદીએ કહ્યું- આપણા દેશમાં બહુ ઓછા લોકો છે જે જાણે છે કે ક્રાંતિ ચૂપચાપ કેવી રીતે થઈ રહી છે.

### સુપ્રીમ કોર્ટે CBI તપાસ પર લગાવી રોક

## શિક્ષક ભરતી કૌભાંડ કેસમાં મમતા સરકારને મોટી રાહત

### સરકારે કહ્યું કે ૨૫,૦૦૦ થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે

। પશ્ચિમ બંગાળ, તા.૮ ।

પશ્ચિમ બંગાળમાં શિક્ષક ભરતી કૌભાંડના કેસમાં સુપ્રીમ કોર્ટે મમતા બેનર્જીની સરકારને મોટી રાહત આપી છે. કોર્ટે કલકત્તા હાઈકોર્ટના એ આદેશને રદ કર્યો જેમાં રાજ્ય સરકારના સુપરન્યુમરરી પોસ્ટ્સ બનાવવાના નિર્ણયની સીબીઆઈ તપાસનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. આ નિર્ણય ૮ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ આવ્યો, જ્યારે સુપ્રીમ કોર્ટે પશ્ચિમ બંગાળ સરકારની અરજી પર સુનાવણી કરી. પશ્ચિમ બંગાળ સરકારે કોર્ટમાં દલીલ કરી હતી કે હાઈકોર્ટે સમગ્ર ભરતી પ્રક્રિયા રદ કરીને "ઉતાવળમાં" નિર્ણય લીધો છે. સરકારે કહ્યું કે ૨૫,૦૦૦



થી વધુ નોકરીઓ ગુમાવવાથી શિક્ષણ પ્રણાલી લકવાગ્રસ્ત થશે અને વિદ્યાર્થીઓ પર નકારાત્મક અસર પડશે. સરકારે એમ પણ કહ્યું કે બધી નિમણૂકો ખોટી નહોતી અને સાચા અને ખોટાનો ભેદ પાડી શકાય છે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને ઝ્રમ્ૈંને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં. જોકે, ભરતીમાં થયેલી ગેરરીતિઓની તપાસ ચાલુ રહેશે. સુપ્રીમ કોર્ટે અગાઉ ૭ મે, ૨૦૨૪ ના રોજ હાઈકોર્ટના રદ કરવાના આદેશ પર સ્ટે આપ્યો હતો અને સીબીઆઈને તપાસ ચાલુ રાખવાની મંજૂરી આપી હતી, પરંતુ કોઈની સામે કડક કાર્યવાહી ન કરવા કહ્યું હતું. હવે તાજેતરના નિર્ણયમાં, કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે સુપરન્યુમરરી પોસ્ટ્સના કિસ્સામાં સીબીઆઈ તપાસ થશે નહીં.

### પથ્થરમારાના બનાવો, વાહનો ફૂંક્યા

## વક્ફ કાયદા વિરૂદ્ધ પશ્ચિમ બંગાળમાં ભડકી હિંસા

। પશ્ચિમ બંગાળ,તા.૮ ।

પશ્ચિમ બંગાળના મુર્શિદાબાદ જિલ્લામાં વક્ફ કાયદાના વિરોધમાં શુક્રવારે સાંજે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે આક્રમક અથડામણ થઈ હતી. જંગીપુર વિસ્તારમાં વક્ફ વિરૂદ્ધ વિરોધ પ્રદર્શન હિંસક બન્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને આગચાંપીની ઘટનાઓ બની હતી. જંગીપુર વિસ્તારમાં મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી વક્ફ સુધારા કાયદા વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરીને પ્રદર્શન કર્યું હતું. જ્યારે પ્રદર્શનકારીઓએ રસ્તો બ્લોક કરવાનો પ્રયાસ કર્યો ત્યારે પરિસ્થિતિ બેકાબૂ બની હતી. પોલીસે પરવાનગી વિના મોટી સંખ્યામાં ટોળું ભેગું થતાં તેમને અટકાવવાનો પ્રયાસ કરતાં અથડામણ શરૂ થઈ હતી. જેમાં પ્રદર્શનકારીઓએ પોલીસના વાહનોને આગ ચાંપી હતી. ઘણા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી અને પોલીસ પર પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે પોલીસે ટીયર ગેસના સેલ છોડવા પડ્યા અને લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

### મૃતદેહને દફનાવવા માટે રૂમમાં પાંચ ફૂટ ઊંડો ખાડો પણ ખોદવામાં આવ્યો

## યુપીમાં બજરંગ દળના નેતાની હત્યા, ગળું કાપીને પરિવારના સભ્યોએ કરી હત્યા

। (એજન્સી) બિજનૌર, તા.૮ ।

ઉત્તર પ્રદેશના બિજનૌરમાં જિલ્લા બજરંગ દળના ગૌરક્ષા સંરક્ષણ પ્રમુખ સતેન્દ્ર ઉર્ફે મોન્ટી બજરંગી (૩૦)ની ગળું કાપીને હત્યા કરી દેવામાં આવી હતી. અને તેના મૃતદેહને દફનાવવા માટે રૂમમાં પાંચ ફૂટ ઊંડો ખાડો પણ ખોદવામાં આવ્યો હતો. આ હત્યા પાછળ મૃતકના મામા ભગેન્દ્રએ પિતા બલરાજ, પિતરાઈ માં મધુબાલા, પિતરાઈ ભાઈ માનવ ઉર્ફે બન્ટુ, પિતરાઈ બહેન શાલુ અને સાળા અનુજના નામ આપ્યા છે. જે બાદ પોલીસે બન્ટુની ધરપકડ કરી છે. કિરાતપુર પોલીસ સ્ટેશન વિસ્તારના ગોવિંદપુર ગામમાં સતેન્દ્ર ઉર્ફે મોન્ટીના ઘરે સોમવારે સવારે દૂધવાળો દૂધ આપવા ગયો હતો. જ્યાં મોન્ટીની પિતરાઈ માં મધુબાલા અર્ધબેભાન હાલતમાં જોવા મળી હતી. જ્યારે દૂધવાળાએ ઘરમાં ડોકિયું કર્યું, તો તે ચોકી ઉઠ્યો હતો. કેમ કે, મોન્ટીનો મૃતદેહ એક રૂમમાં ખાટલા પર પડેલો હતો. અને લોહીથી લથબથ ચાદર તેના પર ઢાંકેલી હતી. મૃતકના પરિવારના ભાઈએ લોકોને દીપડાના હુમલાથી મૃત્યુ થયું હોવાથી માહિતી આપી હતી. પરંતુ જ્યારે મોન્ટીના મામા ભગેન્દ્ર અને નાનપુરા ગામના અન્ય સંબંધીઓએ તીક્ષ્ણ હથિયારોથી થયેલા ઊંડા ઘા જોયા, ત્યારે તેઓ ગુસ્સે ભરાયા હતા.

### જામા મસ્જિદ ફરી એકવાર સમાચારોમાં

## સંભલની શાહી જામા મસ્જિદનું નામ બદલવામાં આવ્યું, નવું બોર્ડ થયું તૈયાર

। (એજન્સી) સંભલ,તા.૮ ।

ઉત્તર પ્રદેશમાં સંભલની શાહી જામા મસ્જિદ ફરી એકવાર સમાચારોમાં છે, આ વખતે કોઈ વિવાદ કે નિવેદનને કારણે નહીં પરંતુ ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા મોકલવામાં આવેલા નવા સાઈનબોર્ડને કારણે. જેમાં મસ્જિદને તેના સામાન્ય નામ શાહી જામા મસ્જિદને બદલે "જુમા મસ્જિદ" લખવામાં આવ્યું છે. એવું માનવામાં આવે છે કે આ સાઈન બોર્ડ ટૂંક સમયમાં મસ્જિદ પર લગાવવામાં આવશે.ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ એ તેના દસ્તાવેજોમાં જામા મસ્જિદનું નામ જુમા મસ્જિદ રાખ્યું છે. ASI દાવો કરે છે કે નવું સાઈનબોર્ડ તેમના રેકોર્ડમાં નોંધાયેલા નામ પ્રમાણે છે. આ મસ્જિદ અગાઉ પણ વિવાદમાં રહી છે, જેમાં તેને હિંદુ મંદિર હોવાનો દાવો કરતી અરજી દાખલ કરવામાં આવી હતી. ગયા વર્ષે પણ કરવામાં આવેલા સર્વે દરમિયાન હિંસા થઈ હતી. ASI વકીલ વિષ્ણુ શર્માએ કહ્યું કે પહેલા મસ્જિદની બહાર ASI બોર્ડ લગાવવામાં આવ્યું હતું.

## સંગઠનને વધુ મજબૂત કરવા પર ભાર । કોંગ્રેસના તમામ જિલ્લાધ્યક્ષોને સોંપાશે નવી જવાબદારી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

ગુજરાતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનો પ્રારંભ થયો છે. ત્યારે સરદાર પટેલ સ્મારક ખાતે કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક ચાલી રહી છે. આ બેઠકમાં શું મહત્વપૂર્ણ ચર્ચા ચાલી રહી છે તે અંગે જણાવતા સચિન પાયલોટે જણાવ્યુ કે ગાંધી સરદારની ભૂમિ પર કોંગ્રેસનું ઐતિહાસિક અધિવેશન થવા જઈ રહ્યુ છે અને હાલ અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીની વિસ્તારીત કાર્યસમિતિની બેઠક ચાલી રહી છે. જેમા કોંગ્રેસને જમીની સ્તરે વધુ મજબૂત કરવા માટે જિલ્લાધ્યક્ષોને પહેલા કરતા વધુ સશક્ત બનાવવામાં આવશે. જિલ્લાધ્યક્ષોને



વધુ રાજનીતિક તાકાત આપવામાં આવશે, તેમની જવાબદારી નક્કી કરવામાં આવશે. તેમને સશક્ત બનાવી, બ્લોક, મંડળ, ગામો અને બુથ સુધી પહોંચવામાં વધુ મદદ મળશે. ગ્રાઉન્ડ લેવલે કોંગ્રેસને વધુ મજબુત કરવા પર ભાર મુકવામાં આવ્યો. કોંગ્રેસના આ રાષ્ટ્રીય અધિવેશનને 'ન્યાયપથઃ સંકલ્પ, સમર્પણ, સંઘર્ષ'ની ટેગલાઈન આપવામાં આવી છે ત્યારે ન્યાયપથ નામથી રિઝોલ્યુશન લાવવામા આવશે.

### બંધારણની આઝાદીની લડાઈ ઉગ્ર બનાવવાનો કોંગ્રેસનો સંકલ્પ

**કોંગ્રેસના અધિવેશનના એક દિવસ પહેલા (૮ એપ્રિલ, ૨૦૨૫) કોંગ્રેસ વર્કિંગ કમિટી એ ભવિષ્યની રૂપરેખા, જિલ્લા કોંગ્રેસ કમિટીઓને સશક્ત બનાવવા સહિત સંગઠનની મજબૂતી, જવાબદારી નક્કી કરવા અને આગામી વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ પર મંથન કર્યું. વિસ્તૃત કાર્ય સમિતિની આ બેઠકમાં અધિવેશન સંબંધિત પ્રસ્તાવો પર વિચાર-વિમર્શ કરાયો. ત્યારબાદ ઝઉઝની બેઠકમાં પ્રસ્તાવ પસાર કરાયો હતો. અમદાવાદના સરકાર વલ્લભ ભાઈ પટેલ રાષ્ટ્રીય સ્મારકમાં આયોજિત બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે, પાર્ટી સંસદીય દળના પ્રમુખ સોનિયા ગાંધી, લોકસભામાં નેતા વિપક્ષ રાહુલ ગાંધી, સંગઠન મહાસચિવ કેસી વેણુગોપાલ, મહાસચિવ જયરામ રમેશ, મુકુલ વાસનિક, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ કમિટીના અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ અને કેટલાક અન્ય વરિષ્ઠ નેતાઓ સામેલ થયા.**

# માહિમ-બાંદ્રાની વચ્ચે પુલ સંખ્યા ૨૦ના એબટમેન્ટ ના પુનર્નિર્માણ કાર્યને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે

। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે દ્વારા માહિમ અને બાંદ્રા સ્ટેશનો ની વચ્ચે બ્રિજ સંખ્યા ૨૦ ના સાઉથ એબટમેન્ટ ના પુનર્નિર્માણ કાર્યને ધ્યાનમાં રાખીને ૧૧/૧૨ એપ્રિલ, ૨૦૨૫ અને ૧૨/૧૩ એપ્રિલ, ૨૦૨૫ ની મધ્યરાત્રિએ (II ફેઝ) મેજર બ્લોક લેવામાં આવ્યો છે. જેના કારણે કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. વિગતો નીચે મુજબ છે.

**શોર્ટ ટર્મિનેટ થનારી ટ્રેનો**

૧. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૯૦૨ અમદાવાદ–દાદર ગુજરાત મેલ પાલઘર સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને પાલઘર અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૨. ૧૧ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૧૬ પોરબંદર-દાદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને દાદર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

૩. ૧૨ એપ્રિલ ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૨૯૪૬ ઓખા–મુંબઈ સેન્ટ્રલ સૌરાષ્ટ્ર મેલ બોરીવલી સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે અને બોરીવલી અને મુંબઈ સેન્ટ્રલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**શોર્ટ ઓરીજીનેટ થનારી ટ્રેનો**

૧. ૧૩ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૯૦૧૫ દાદર-પોરબંદર સૌરાષ્ટ્ર એક્સપ્રેસ બોરીવલીથી શોર્ટ ઓરીજીનેટ થશે અને દાદર અને બોરીવલી વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

**રિશેડ્યૂલ/રેગ્યુલેટ થનારી ટ્રેનો**

૧. ૧૨ એપ્રિલ ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ ને એક કલાક રીશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૬:૪૦ વાગ્યે ઉપડશે.

૨. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ ને ૧૫ મિનિટ માટે રિશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ થી ૦૬:૧૫ વાગ્યે ઉપડશે.

૩. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૦૦૯ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ શતાબ્દી એક્સપ્રેસ ને ૧૦ મિનિટ રીશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી સવારે ૦૬:૩૦ વાગ્યે ઉપડશે.

૪. ૧૩ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૨૯૫૩ મુંબઈ સેન્ટ્રલ-અમદાવાદ ગુજરાત એક્સપ્રેસ ને ૦૩:૨૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી ૦૯:૦૦ વાગ્યે ઉપડશે.


૫. ૧૩ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ-ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ ને ૦૨:૫૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલથી ૦૮:૫૦ કલાકે ઉપડશે.

૬. ૧૨ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૪૭૦૭ લાલગઢ-દાદર રાણકપુર એક્સપ્રેસ ને ૦૧.૩૦ કલાક રીશેડ્યુલ કરવામાં આવશે અને આ ટ્રેન લાલગઢથી ૦૯.૨૫ કલાકે ઉપડશે.

૭.૧૨ એપ્રિલ, ૨૦૨૫ ની ટ્રેન સંખ્યા ૧૨૨૬૮ હાપા-મુંબઈ સેન્ટ્રલ દુરંતો એક્સપ્રેસ ૦૧:૩૦ કલાક રેગ્યુલેટ (મોડી) થશે.

મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને મુસાફરી કરો. ટ્રેનોના રોકાણ, માર્ગ અને સંરચના વિશે વિગતવાર માહિતી માટે યાત્રી કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને અવલોકન કરી શકે છે.

## જળાશયોમાં પૂરતું પાણી, ઉનાળામાં કોઈ તકલીફ નહીં પડે



। (એજન્સી) ગાંધીનગર, તા.૮ ।

રાજ્યમાં ગત ચોમાસા દરમ્યાન સાર્વત્રિક અને પૂરતા પ્રમાણમાં વરસાદ થવાને કારણે હાલની સ્થિતિએ સરદાર સરોવર સહિત રાજ્યના ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૭ ટકાથી વધારે જળ સંગ્રહાયેલું છે એટલે આ વખતે ઉનાળની સીઝનમાં નાગરિકોને જરૂરી પાણીની બિલકુલ તકલીફ નહીં પડે. ગત ૭મી, એપ્રિલ-૨૦૨૪ની સ્થિતિએ રાજ્યના ૨૦૭ જળાશયોમાં ૫૦.૮૪ ટકા જળ સંગ્રહ હતો. જળ સંપત્તિ મંત્રી કુંવરજી બાવળીયાએ કહ્યું હતું કે, સરદાર સરોવર યોજનામાં હાલમાં કુલ સંગ્રહશક્તિના ૬૧.૯૫ ટકા પાણી ઉપલબ્ધ છે. જ્યારે દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયોમાં ૬૨ ટકાથી વધુ જળ સંગ્રહ, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયોમાં ૫૬.૨૧ ટકા, સૌરાષ્ટ્રના ૧૪૧ જળાશયોમાં ૪૪.૪૪ ટકા, કચ્છના ૨૦ જળાશયોમાં ૪૧ ટકાથી વધુ અને ઉત્તર ગુજરાતના ૧૫ જળાશયોમાં ૩૪.૯૫ ટકા જળ સંગ્રહ ઉપલબ્ધ છે.જ્યારે, જળ સંપત્તિ રાજ્ય મંત્રી મૂકેશભાઈ પટેલ જણાવ્યું હતું કે, મોરબી ખાતે આવેલું મચ્છુ-૩ જળાશય હાલમાં પણ ૧૦૦ ટકાથી વધુ ભરાયેલું છે. જ્યારે ૨૧ જળાશયો ૭૦ થી ૧૦૦ ટકા, ૪૪ જળાશયો ૫૦ થી ૭૦ ટકાથી વધુ, ૭૪ જળાશયો ૨૫ થી ૫૦ ટકા વચ્ચે ભરાયેલા છે. માત્ર ૬૭ જળાશયો એવા છે કે, જેમાં ૨૫ ટકાથી વધુ જળ સંગ્રહ ઉપલબ્ધ છે. આ ઉપરાંત સરદાર સરોવર ડેમમાં ૨૫૦૫, વણાકબોરી ડેમમાં ૩૭૦૦ અને કડાણા ડેમમાં ૧૭૪૨ કયુસેક પાણીની આવક ચાલુ છે એટલે હવે, ઉનાળા દરમિયાન રાજ્યમાં ગ્રામીણ અને શહેરી વિસ્તારોમાં નાગરીકોની જરૂરિયાત મુજબ પૂરતા પ્રમાણમાં પાણી પુરૂ પાડવામાં આવશે.

### ચારે જણાએ મહિલા વકીલ પાસે અગાઉ ઉછીના રૂપિયા પણ લીધા હતા

## યુવતી સહિત ૪ લોકોએ મહિલા વકીલના ઘરમાંથી રૂપિયા ૫.૬૦ લાખની મતા ચોરી

### અલ્પાબેને ખુશ્બૂ, આસીફખાન, સુનિતાદેવી અને દિપેશ બાબુ સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

નારોલમાં મહિલા વકીલે ઘરઘાટી રાખવા માટે ઉત્તર પ્રદેશના શખ્સનો સંપર્ક કર્યો હતો. તે શખ્સે એક યુવતીને ઘરઘાટી તરીકે મોકલી હતી. ઘરઘાટી યુવતી ઘરે એકલી હોવાથી તકનો લાભ લઈને સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂ.૫.૬૦ લાખનો મુદ્દામાલ ચોરી ફરાર થઈ ગઈ હતી. આટલું જ નહિ મહિલા વકીલ પાસે શખ્સ સહિત ચાર લોકોએ યુવતીની માતાની તબિયત ખરાબ કહીને રૂપિયા પણ પડાવ્યા હતા.

આ અંગે મહિલા વકીલે ચાર લોકો સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. નારોલમાં રહેતા અલ્પાબેન છાટબાર સિટી સિવિલ કોર્ટમાં વકીલાત તરીકે પ્રેક્ટિસ કરે છે. તેમના માતા ચંપાબેન વૃદ્ધ હોઈ અને પુત્રી અભ્યાસ કરતી હોવાથી તેમને ઘરઘાટીની જરૂર હતી. તેથી ઓળખીતાને આ અંગે વાત કરતા તેમનો સંપર્ક ઉત્તર પ્રદેશના આસીફખાન સાથે કરાવ્યો હતો. આસીફે કાનપુરની ખુશ્બૂ નામની છોકરીનો સંપર્ક કરાવ્યો હતો અને તે તમારા ઘરે ઘરઘાટી તરીકે કામ કરશે અને તમારી માતાનું ધ્યાન રાખશે તેમ જણાવ્યુ હતુ. આસીફ અને તેની પત્ની સુનિતાદેવીએ ખુશ્બૂને નોકરી પર રાખવાની ભલામણ કરીને તેની માતાની તબિયત ખરાબ છે કહીને રૂ. ૩ હજાર માગતા અલ્પાબેને આપ્યા હતા. અલ્પાબેન પરિવાર સાથે ફરવા ગયા હતા ત્યાંથી તેઓ ખુશ્બૂને લેવા ઉત્તર પ્રદેશ કાસગંજ ગયા હતા. ત્યાં ખુશ્બૂના સંબંધીઓએ તેની માતાની તબિયત ખરાબ છે કહીને રૂ. ૮૪ હજાર માગતા આપ્યા હતા. ખુશ્બૂને લઈને તેઓ અમદાવાદ આવ્યા હતા. ગત ૨૦ જાન્યુઆરીએ ચંપાબેનની સારવાર ચાલતી હોવાથી તેઓ પુત્રના ઘરે ગયા હતા અને અલ્પાબેનને પુત્રી ટ્યૂશનમાં ગઈ હતી. રાત્રે અલ્પાબેને ઘરે આવતા લોક હતું. ઘર ખોલીને જોતા બધો સામાન અસ્તવ્યસ્ત હતો. તપાસ કરતા સોના-ચાંદીના દાગીના અને રોકડ સહિત કુલ રૂ. ૫.૬૦ લાખનો મુદ્દામાલ ચોરીને ખુશ્બૂ ફરાર થઈ ગઈ હતી. ચાવી પાડોશીને આપીને ગઈ હતી. અલ્પાબેને ખુશ્બૂ, આસીફખાન, સુનિતાદેવી અને દિપેશ બાબુ સામે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

### બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ રહેશે બંધ

## ભીષણ ગરમી વચ્ચે રાજકોટમાં પ્રશાસનનો મહત્વનો નિર્ણય

### ભીષણ ગરમીના કારણે અમદાવાદમાં ઈમરજન્સીના કેસમાં વધારો કરાયો હતો, ૧૦ દિવસમાં ૧૦૮ને ગરમીને લગતા કેસોના ૨૩૨ કોલ મળ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભીષણ ગરમી વચ્ચે રાજકોટમાં પ્રશાસને મહત્વનો નિર્ણય લીધો હતો. રાજકોટમાં બપોરના સમયે ટ્રાફિક સિગ્નલ બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આકરા તાપના કારણે સરકારી સ્કૂલોનો સમય પણ સવારનો કરાયો છે. જાહેર સ્થળોએ ORS-છાશ વિતરણ કેંદ્રો શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. દવાનો સ્ટોક પૂરતી માત્રામાં રાખવા સૂચના આપવામાં આવી છે.સોમવારે રાજકોટમાં ઉનાળાની સીઝનનું રેકોર્ડ બ્રેક ૪૪.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.આકાશમાંથી જાણે અગન જ્વાળાઓ વરસી રહી હોય તેવો અનુભવ શહેરીજનો કરી રહ્યા છે. આકરા તાપના કારણે શહેરમાં બપોરના સમયે તમામ ટ્રાફિક સિગ્નલો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારી શાળાઓનો સમય સવારનો કરાયો છે. એટલે બપોરની પાળીમાં ચાલતી શાળાઓનો સમય સવારનો કરવા સૂચના અપાઈ છે. જ્યારે જાહેર સ્થળોએ લોકો માટે ORS અને છાશ વિતરણ કેંદ્રો શરૂ કરવા માટે નિર્દેશ અપાયા હતા. હીટવેવની સ્થિતિ વચ્ચે ઝાડા, ચક્કર સહિતના કેસો પણ વધતા હોય છે ત્યારે આરોગ્ય કેન્દ્રો, દવાખાનાઓમાં દવાઓનો સ્ટોક પૂરતી માત્રામાં રાખવાના નિર્દેશ અપાયા હતા.ભીષણ ગરમીના કારણે અમદાવાદમાં ઈમરજન્સીના કેસમાં વધારો કરાયો હતો. ૧૦ દિવસમાં ૧૦૮ને ગરમીને લગતા કેસોના ૨૩૨ કોલ મળ્યા હતા. ૧૦ દિવસમાં હીટસ્ટ્રોક સહિત વિવિધ રોગના ૨૩૨ કેસ નોંધાયા હતા. ડિહાઈડ્રેશન, ઝાડા-ઉલટી, પેટના દુઃખાવાના ૧૦૮ને ૨૩૨ કોલ મળ્યા હતા. રાજ્યમાં વિવિધ પ્રકારની ઈમરજંસીના ૯૦૨ કેસ નોંધાયા હતા. અમદાવાદમાં ૨૮ માર્ચે સૌથી વધુ ૨૬ કોલ મળ્યા હતા.આગામી દિવસોમાં પણ ચામડી દઝાડતી ગરમી પડવાની આગાહી હતી.

## વિશ્વ સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે અમદાવાદ મંડળમાં વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન






। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલવે ના અમદાવાદ મંડળ માં તબીબી વિભાગ દ્વારા ૭ એપ્રિલ ૨૦૨૫ ના રોજ વિશ્વ સ્વાસ્થ્ય દિવસ નિમિત્તે વિવિધ જાગૃકતા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.આ આયોજન મુખ્ય તબીબી અધિક્ષક (સીએમએસ) શ્રીમતી ડો. ભાનુમતિ શેખરના માર્ગદર્શન હેઠળ આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં મંડળ ના વિભિન્ન ભાગોમાં સ્વાસ્થ્ય જાગૃતિ લાવવા માટે અનેક પ્રવૃત્તિઓ આયોજિત કરવામાં આવી.

મંડળ રેલ્વે હોસ્પિટલ સાબરમતી માં એક ખાસ વ્યાખ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું, જેનું નેતૃત્વ એસીએમએસ ડૉ. મોનિકા શર્માએ કર્યું હતું. આ સત્રમાં મંડળ રેલ્વે હોસ્પિટલના તમામ સ્ટાફ અને ૧૦૦ થી વધુ લાભાર્થીઓએ ભાગ લીધો હતો. આ વ્યાખ્યાનમાં સ્વસ્થ જીવનશૈલી અને પોષણ સંબંધિત ઘણા મહત્વપૂર્ણ પાસાઓની ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસંગે ડૉ. સુશાંત રંજન સિનિયર ડીએમઓ (બાળરોગ) એ શિશુ અને નાના બાળકોના પોષણ અંગે સંક્ષિપ્ત પરિચય આપ્યો. તેમણે માતાના પોષણ, સ્તનપાન, પૂરક પોષણ, રસીકરણ, જંક ફૂડની અસરો અને જીવનશૈલી થી થનારા નુકસાન પર વિગતવાર ચર્ચા કરી.ડૉ. રંજને જણાવ્યું હતું કે સારા સ્વાસ્થ્ય માટે યોગ્ય આહાર અને નિયમિત કસરત અત્યંત મહત્વપૂર્ણ છે, અને બાળકોને સ્વસ્થ પોષણ પૂરું પાડવું તેમના સર્વાંગી વિકાસ માટે જરૂરી છે. કાર્યક્રમ દરમિયાન, અમદાવાદ, કાંકરિયા, પાલનપુર અને મહેસાણા રેલ્વે હેલ્થ યુનિટ અને અમદાવાદ, કાંકરિયા, પાલનપુર, મહેસાણા, સાબરમતી, વટવા, વિરમગામ અને ધ્રાંગધ્રા રેલ્વે કોલોની સહિત અનેક સ્થળોએ સ્વાસ્થ્ય જાગૃકતા રેલીઓ કાઢવામાં આવી હતી અને બેનરો અને પોસ્ટરો પણ લગાવવામાં આવ્યા હતા. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય રેલ્વે કર્મચારીઓ અને સ્થાનિક રહેવાસીઓને સ્વસ્થ જીવનશૈલીના મહત્વ વિશે જાગૃત કરવાનો અને તેમને યોગ્ય પોષણ, નિયમિત કસરત અને માનસિક સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રેરિત કરવાનો હતો.

### વીએસ હોસ્પિટલ પાસેના મહેતા કોમ્પ્લેક્સનો બનાવ

## ઓનલાઇન ગેમમાં પૈસા હારી જતા ઠપકાની બીકે યુવકે પડતું મૂક્યું

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

વીએસ હોસ્પિટલ પાસે આવેલા મહેતા કોમ્પ્લેક્સના પાંચમા માળેથી એક યુવક પટકાયો હતો. ત્યાં હાજર લોકો તાત્કાલિક તેને સારવાર માટે લઈ ગયા હતા. જ્યાં ટૂંકી સારવાર બાદ ફરજ પરના ડોક્ટરોએ યુવકને મૃત જાહેર કર્યો હતો. આ મામલે એલિસબ્રિજ પોલીસને જાણ કરાતા પોલીસે અકસ્માત મોત નોંધી યુવકના પિતાની પૂછપરછ કરી હતી. જેમાં સામે આવ્યું કે યુવક ઓનલાઈન ગેમ રમતો હોવાથી પૈસા હારી જતા ઠપકાની બીકે આ પગલું ભર્યું હતું. ઓઢવની ગાયત્રીપાર્ક સોસાયટીમાં રહેતો ૧૯ વર્ષીય સમર્થ ભોળે એલજે કોલેજમાં અભ્યાસ કરતો હતો. ગત શનિવારે સમર્થ વીએસ હોસ્પિટલ પાસેના મહેતા કોમ્પ્લેક્સના પાંચમા માળેથી પડી ગયો હોવાની પોલીસને વર્ધી મળી હતી. સમર્થને લોકોએ સિવિલમાં સારવાર માટે ખસેડ્યો હતો. જ્યાં એલિસબ્રિજ પોલીસ પહોંચી ત્યારે સમર્થના પિતા સુવાસભાઈ ભોળે મળી આવ્યા હતા. તેમની પૂછપરછ કરતા તેમણે જણાવ્યું કે ઘટનાના દિવસે તેમના એકાઉન્ટમાંથી ધીરે ધીરે રૂ. ૩૬,૫૦૦ ઉપડ્યા હોવાનો મેસેજ આવ્યો હતો. જેથી તેમણે સમર્થને જાણ કરતા તેણે થોડીવારમાં ફોન કરું તેમ કહીને ફોન મૂકી દીધો હતો. સમર્થની સારવાર ચાલી રહી હતી તે દરમિયાનમાં ગત રવિવારે ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. પોલીસે સમર્થના પિતાની પૂછપરછ કરતા સામે આવ્યું કે તે ઓનલાઈન ગેમ રમતો હોવાથી પૈસા હારી જતા ઠપકાની બીકે પગલું ભર્યું હોઈ શકે છે. એલિસબ્રિજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### "મારી તરસમાં એટલી શ્રધ્ધા હતી કે, ઝાંઝવાને પણ જળ બની વહેવુ પડયું" । જીવનમાં પ્રગતિ કરવી હોય તો કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવવુ જ પડે : ડો.કિશોરસિંહ સોલંકી

## વિધાર્થીઓ અને યુવાનો માટે આગળ વધવાનું પ્રેરણાદાયી ઉદાહરણ ડો. કિશોરસિંહ સોલંકી

। અમદાવાદ ।

બાળપણથી જ જીવનમાં આગળ વધવાના મક્કમ મનોબળ સાથે મુશ્કેલીઓ સહન કરવાની તૈયારી હોય તો સફળતા ચોક્કસ આવી મળે છે. એક કવિએ સરસ લખ્યુ છે... મારી તરસમાં એટલી શ્રધ્ધા હતી કે, ઝાંઝવાને પણ જળ બની વહેવુ પડયું...

પ્રખ્યાત સાહિત્યકાર અને અમદાવાદમાં સ્થાયી થયેલ ડૉ. કિશોરસિંહ સોલંકીનો જન્મ તા. ૧-૪-૧૯૪૯ ના રોજ બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના મગરવાડા મુકામે થયો હતો.

તેમના બાળપણ અને પ્રાથમિક શિક્ષણનો સમયગાળો એટલે ૧૯૬૦ આસપાસનો સમય.

કેવો હતો તે સમય.....!!!

તેની હકીકત તો તે સમયની મુશ્કેલીઓ સહન કરનાર કોઈ ઉંમરલાયક વડીલને પુછીએ ત્યારે સમજાય.

મોટેભાગે બધે જ ધુળીયા કાચા રસ્તા. વાહન પણ કયાંક ભાગ્યે જ જોવા મળે. ગામડાના લોકોને વિજળીના બલ્બનું અજવાળુ પાલનપુર જેવા શહેર કે મહત્વના ઠેકાણે જ જોવા મળે.

પ્રખ્યાત સાહિત્યકાર ડૉ. કિશોરસિંહ સોલંકીના ૭૭ માં જન્મદિન પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદ, આશ્રમરોડ અમદાવાદ ખાતે સન્માન સમારંભ યોજાયો હતો.

આ પ્રસંગે ડૉ. કિશોરસિંહ સોલંકીએ તેમના બાળપણનાં સંસ્મરણો યાદ કરતાં જણાવ્યું કે, તે સમયે ખેતીકામ અને પશુપાલનના કામને પ્રાયોરિટી આપવામાં આવતી હતી. ભણવાનુ તો ઠીક છે હવે....

ખેતરમાં પાકની વાવણી કરવી. તેને સમયાંતરે પાણી પાતા રહેવુ, પાક તૈયાર થાય ત્યારે તેને વાઢીને ઉપાડીને ખળામાં લાવી જે તે પધ્ધતિથી પાક લેવો. બીજી બાજુ ખેતરમાં નવા પાકની વાવણી કરવા ખેતર ખેડવાથી શરૂ કરવાનુ. ખેડૂતને આ ચક્ર બારેમાસ ચાલતુ જ રહે.

તે સાથે ખેતીકામ માટે બળદો અને ગાયો ભેંસોને પણ સાચવવાની. કેટ કેટલુ કામ રહેતુ હશે વિચારો તો ખરા....!

ડૉ. કિશોરસિંહે પોતાની જીવનસફર વિશે બોલતાં કહ્યું કે, મારે ૭ માં ધોરણની વાર્ષિક પરીક્ષાનું પેપર હતુ ને મને કહ્યું કે, ખેતરમાં જા પાણત કરવાનુ છે. (પાકને પાણી પાવાનું) તેમણે પાણત કરી દોડતા શાળામાં જઈ પરીક્ષા આપી હતી. તેમ છતાં મગરવાડા કેન્દ્રમાં પ્રથમ હરોળમાં પાસ થયા હતા.

ડૉ. કિશોરસિંહ સોલંકીએ કહ્યું કે, અમારા ગામની શાળાની લાયબ્રેરી જોઈને હું ખુબ ખુશ થયેલો. તેઓ ૬ઠ્ઠા ધોરણમાં હતા ત્યારે ધિરૂભાઈ ઠાકરનો ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ પુસ્તક ૭ વખત વાંચ્યુ હતું. તે વાંચીને તેમને વિચાર આવતો કે, આપણે પણ આવા કેમ ના બની શકાય..!



ડૉ. સોલંકીએ કહ્યું કે, એસ.એસ.સી. ના વિદાય સમારંભ વખતે પાલનપુર કોલેજના તે સમયના પ્રિન્સીપાલ શ્રી નટવરલાલ યાજ્ઞીક મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત હતા. તે પ્રસંગે કિશોરસિંહે "વિદાય" કાવ્ય લખેલુ જેનું તેમણે પઠન કર્યુ હતુ. કાવ્યને સાંભળી પ્રિન્સીપાલે કહ્યું કે, તારે પાલનપુર ભણવા આવવાનું છે.

પાલનપુરની વાત સાંભળી કિશોરસિંહે કહ્યું કે, સાહેબ મારી પાસે તો ફી ના પૈસા નથી કે પાલનપુરમાં રહેવાની સગવડ પણ નથી. એટલે પાલનપુર નહિ અવાય. પણ સગા સબંધીઓ અને મિત્રોની મદદથી ફી ભરાઈ ગઈ. અને પોલીસ ખાતામાં નોકરી કરતા તેમના સગા સબંધીઓએ કહ્યું રહેવા કવાર્ટર પર આનંદથી આવી જાઓ.

પ્રિ. અને એફ. વાય. સુધી પાલનપુર કોલેજમાં અભ્યાસ કર્યો. પણ પ્રોફેસરોએ તેમની લેખન સજ્ઞતા જોઈને કહ્યું કે, સાહિત્ય ક્ષેત્રે આગળ વધવા તારે અમદાવાદ જવું પડશે.

ડૉ. કિશોરસિંહના ખાસ મિત્ર રતીલાલ નાઈના સહયોગથી બન્ને મિત્રો અમદાવાદ ગયા. ત્યાં એલ. ડી. આર્ટસ કોલેજ અને ગુજરાત યુનિવર્સીટી ભાષા ભવનમાં શિક્ષણ મેળવ્યુ.

ત્યારબાદ તલોદ અને પ્રાંતિજ કોલેજમાં પાર્ટ ટાઈમ, મોડાસામાં પૂર્ણ સમયના અધ્યાપક તરીકે કારકિર્દી શરૂ કરી. મહુધામાં ઘણા વરસો સુધી પૂર્ણ સમયના અધ્યાપક તરીકે અને ગાંધીનગર સમર્પણ કોલેજમાં પ્રિન્સીપાલ તરીકે યશસ્વી સેવાઓ આપી હતી.

ડૉ. કિશોરસિંહ સોલંકીએ કહ્યું કે, જીવનમાં પ્રગતિ કરવી હોય, સુખી થવું હોય તો, કમ્ફર્ટ ઝોનમાંથી બહાર આવી જે પણ મુશ્કેલીઓ પડે તેને મેનેજ કરતાં શિખવુ જ પડશે. મુશ્કેલીઓથી માણસનું સારૂ ઘડતર થાય છે.

ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહ વાઘેલા (બાપુ) સાહિત્યકારો સવશ્રી કુમારપાળ દેસાઈ, માધવ રામાનુજ, અખીલ ભારતીય નાટય સંગીત અકાદમીના અધ્યક્ષ શ્રી જોરાવરસિંહ જાદવ, ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ શ્રી હર્ષદભાઈ, શ્રી મણીભાઈ, પૂર્વ મંત્રીશ્રી કાનજીભાઈ પટેલ, પ્રખ્યાત ધારાશાસ્ત્રી શ્રી સામંતસિંહ સોલંકી, શ્રી મદારસિંહ હડીયોલ સહિત અગ્રણીઓ, પ્રોફેસરશ્રીઓ અને સાહિત્યરસીકો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમનુ આયોજન ઓમ કોમ્યુનિકેશન દ્વારા અને પ્રોફે. નિસર્ગ આહિરના સહયોગથી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મહાનુભાવો અને મિત્રો દ્વારા ડૉ. કિશોરસિંહ સોલંકીનુ ભવ્ય સન્માન કરવામાં આવ્યુ હતું.

**ડો.કિશોરસિંહ સોલંકીના સાહિત્ય સર્જન વિશે...**

ડૉ.કિશોરસિંહ સોલંકીએ સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેઓએ ગુજરાતી સાહિત્યમાં સંખ્યાબંધ નવલકથાઓ, કવિતાસંગ્રહો, પ્રવાસ નિબંધો, લલિત નિબંધો, ટુંકી વાર્તા સંગ્રહ, અને સંપાદન ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની નવલકથા અરવલ્લીનો ભારતીય જ્ઞાનપીઠ દ્વારા હિન્દી અનુવાદ કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

## ન્યુઝ બોક્ષ

### અમેરિકામાં ભારતીય મૂળના ૩૬ વર્ષીય યુવક પર ગંભીર આરોપ

। (એજન્સી) અમેરિકા, તા.૮ ।

અમેરિકામાં ભારતીય મૂળના એક યુવક પર ફ્લાઈટમાં યૌન શોષણનો આરોપ લાગ્યો છે. અહેવાલો અનુસાર, ૩૬ વર્ષીય ભારતીય મૂળના વ્યક્તિએ ડોમેસ્ટિક ફ્લાઈટમાં સાથી મુસાફર સાથે આ કૃત્ય કર્યું. મોન્ટાનાના ફેડરલ પ્રોસિક્યુટર કર્ટ એલ્મે ત્રીજી એપ્રિલના રોજ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, 'ભાવેશકુમાર શુક્લા પર મોન્ટાનાથી ટેક્સાસ જતી ફ્લાઈટમાં યૌન શોષણનો આરોપ છે.' અહેવાલો અનુસાર, ભાવેશકુમાર શુક્લા ન્યુ જર્સીના લેક હિયાવાથાના રહેવાસી છે. તે અમેરિકાની સ્પેશિયલ એરક્રાફ્ટમાં યૌન શોષણનો આરોપ છે. જો ભાવેશકુમાર શુક્લા દોષિત ઠરે છે, તો તેને બે વર્ષની જેલની સજા થઈ શકે છે. આ ઉપરાંત ૨૫૦,૦૦૦ અમેરિકન ડોલરનો દંડ પણ થઈ શકે છે. આ ઉપરાંત પાંચ વર્ષ સુધી દેખરેખ હેઠળ રહેવું પડશે. ભાવેશકુમાર શુક્લાએ ૧૭મી એપ્રિલે ફરિયાદ પક્ષમાં હાજર થવાનું છે. આરોપમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે ૨૬મી જાન્યુઆરી ૨૦૨૫ના રોજ બોઝેમેનથી ડલ્લાસ જતી અમેરિકન એરલાઈન્સની ફ્લાઈટમાં તેણે પરવાનગી વિના યુવતી સાથે જાતીય સંબંધ બાંધ્યા હતા.

### સિંગાપોરની શાળામાં આગ લાગતાં પવન કલ્યાણનો પુત્ર ઈજાગ્રસ્ત

। (એજન્સી) આંધ્રપ્રદેશ, તા.૮ ।

આંધ્રપ્રદેશના નાયબ મુખ્યમંત્રી પવન કલ્યાણના નાના પુત્ર માર્ક શંકર સિંગાપોરમાં તેમની શાળામાં આગની દુર્ઘટનામાં દાઝ્યો થયા હોવાનું જનસેના પાર્ટીએ જણાવ્યું હતું. જનસેના પાર્ટીએ જણાવ્યું હતું કે આ ઘટનામાં માર્કના હાથ અને પગ દાઝી ગયા હતા, જ્યારે ધુમાડામાં શ્વાસ લેવાને કારણે તેના ફેફસાં પણ પ્રભાવિત થયા હતા અને તે હાલમાં ત્યાંની એક હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પવન કલ્યાણે કહ્યું, "મેં અરાકુ ખીણ નજીક કુરિડીના ગ્રામજનોને વચન આપ્યું હતું કે હું સમયપત્રક મુજબ તેમની મુલાકાત લઈશ અને હું મારી મુલાકાત પૂર્ણ કરવા માટે પ્રતિબદ્ધ છું." તેમણે કહ્યું કે આદિવાસી વિસ્તારમાં વિકાસ કાર્યક્રમની વ્યવસ્થાને અંતિમ સ્વરૂપ આપ્યા પછી, તેઓ તાત્કાલિક સિંગાપોર જવા રવાના થશે. તેમના પુત્રના સ્વાસ્થ્ય અંગે વધુ માહિતીની રાહ જોવાઈ રહી છે. તમને જણાવી દઈએ કે સિંગાપોરની એક ખાનગી શાળામાં આગ લાગી હતી. સિંગાપોર સિવિલ ડિફેન્સ ફોર્સે ફેસબુક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "ત્રીજા માળના યુનિટની બહારના પ્લેટફોર્મ પર ઘણા લોકો ફસાયેલા હતા." બાંધકામ કામદારો સહિત જાહેર જનતાએ ફસાયેલા લોકો સુધી પહોંચવા માટે ધાતુના પાલખ અને સીડીનો ઉપયોગ કર્યો. અને તેમાંથી ઘણાને સુરક્ષિત સ્થળે ખેંચ્યા.

### જયપુરમાં નશામાં ધૂત કારચાલકે ૯ લોકોને અડફેટે લીધા

। (એજન્સી) રાજસ્થાન, તા.૮ ।

રાજસ્થાનના જયપુર નાહરગઢ વિસ્તારમાં સોમવારે (સાતમી એપ્રિલ) સાંજે હિટ એન્ડ રનની ઘટના સામે આવી હતી. અહીં એક બેકાબૂ જીંફ કારે રસ્તા પર ચાલી રહેલા અનેક ટુ-વ્હીલર સવારો અને રાહદારીઓને કચડી નાખ્યા હતા. આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યાં હતા, જ્યારે ૭ લોકો ઈજાગ્રસ્ત થયા હતા. પોલીસે જણાવ્યું કે ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, આ હિટ એન્ડ રનની ઘટના રાજસ્થાનના જયપુરના નાહરગઢ વિસ્તારમાં બની હતી, આ ઘટનાનો એક સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યો છે. વીડિયોમાં જોઈ શકાય છે કે કેવી રીતે એક બેકાબૂ સફેદ કાર અનેક વાહનોને ટક્કર મારે છે. અકસ્માત બાદ સ્થાનિક લોકોએ તાત્કાલિક કારનો પીછો કર્યો, તેને ઘેરી લીધી અને ડ્રાઈવરને પકડીને પોલીસને સોંપી દીધો. પોલીસે જણાવ્યું હતું કે શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું છે કે કારચાલક ખૂબ જ નશામાં હતો. હવા મહલના ધારાસભ્ય બાલમુકુન્દાચાર્યએ જણાવ્યું હતું કે, 'કારચાલક એટલો નશામાં હતો કે તે ભાનમાં નહોતો. તેણે પહેલા MI રોડ પર એક વ્યક્તિને ટક્કર મારી, તે જ કારે ગાલ્ટા ગેટ વિસ્તારમાં ઘણાં લોકોને ટક્કર મારી હતી.





પોર્ટુગલના લિસ્બન ખાતે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા પોર્ટુગીઝ રિપબ્લિક (એસેમ્બલીયા દા રિપબ્લિકા)ની એસેમ્બલીમાં વૃક્ષ રોપવામાં આવ્યું.

#### સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો

## ડોનાલ્ડ ટ્રમ્પ વિરુદ્ધ એક થયા ૨૭ જેટલા દેશો, અમેરિકા પર ૨૫ ટકા જવાબી ટેરિફની ધમકી

### ૨૭ દેશોના ગ્રૂપ એટલે કે યુરોપીય આયોગે પણ ટ્રમ્પને ટક્કર આપવા માટે કમર કસી લીધી

। (એજન્સી) અમેરિકા, તા.૮ ।

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે રીતે ટેરિફ વોર શરુ કરી છે, તેનાથી સમગ્ર વિશ્વમાં ખળભળાટ મચી ગયો છે. પરંતુ વિશ્વમાં કેટલાક દેશો એવા પણ છે જેણે ટ્રમ્પને ટ્રમ્પની સ્ટાઈલમાં જ ટક્કર આપવાનો પ્લાન બનાવી દીધો છે. ચીને અમેરિકાને આ મામલે પહેલા જ અરીસો દેખાડી દીધો છે. અને હવે બીજી તરફ ૨૭ દેશોના ગ્રૂપ એટલે કે યુરોપીય આયોગે પણ ટ્રમ્પને ટક્કર આપવા માટે કમર કસી લીધી છે. એક સમાચાર એજન્સીએ જણાવ્યું કે, EUએ સોમવારે કેટલીક અમેરિકન વસ્તુઓ પર ૨૫% ટેરિફ લગાવવાનો પ્રસ્તાવ આપ્યો છે. એજન્સીએ દસ્તાવેજોનો હવાલો આપતાં કહ્યું કે, કેટલીક વસ્તુઓ પર ટેરિફ ૧૬ મેથી અમલમાં આવશે. જોકે, કેટલીક અન્ય વસ્તુઓ પર પણ



આ વર્ષથી ટેરિફ લાગુ થઈ જશે. તેમાં હીરા, ઈંડા, ડેન્ટલ ફ્લોસ, પોલ્ટ્રી સહિત અનેક વસ્તુઓ સામેલ છે. સભ્ય દેશો દ્વારા વાંધો ઉઠાવવામાં આવ્યા બાદ આ યાદીમાંથી કેટલીક વસ્તુઓ હટાવી દીધી હોવાના અહેવાલો પણ સામે આવી રહ્યા છે. બદામ અને સોયાબીન પર ટેરિફ ડિસેમ્બરથી શરુ થશે. EUના વેપાર પ્રમુખ મારોસ સેફકોવિકે સોમવારે કહ્યું કે, જવાબી ટેરિફની અસર અગાઉ જાહેર કરાયેલા ૨૬ બિલિયન યુરો (૨૮.૪૫ બિલિયન ડૉલર) કરતાં ઓછી હશે. માર્ચમાં તૈયાર કરાયેલી યાદીમાંથી બોરબન, વાઈન અને ડેરી ઉત્પાદનોને હટાવી દેવામાં આવ્યા છે. કમિશને અગાઉ બોરબન પર ૫૦% ટેરિફ લાદવાની યોજના બનાવી હતી, ત્યારબાદ ટ્રમ્પે EUના શરાબ પર ૨૦૦% ટેરિફ લાદવાની ધમકી આપી હતી. ફ્રાન્સ અને ઈટાલી ખાસ કરીને આ ખતરાથી ચિંતિત હતા કારણ કે તેમનો વાઈન ઉદ્યોગ ખૂબ મોટો છે. આ ઉપરાંત EUએ ૧ એપ્રિલથી સ્ટીલ પરના હાલના સલામતી નિયમો કડક કર્યા, જેનાથી આયાતમાં ૧૫% ઘટાડો થયો. કમિશન હવે એલ્યુમિનિયમ માટે આયાત ક્વોટા પર પણ વિચાર કરી રહ્યું છે. EU સભ્ય દેશો ૯ એપ્રિલે આ પ્રસ્તાવ પર મતદાન કરશે. આ પગલું ટ્રમ્પના સ્ટીલ અને એલ્યુમિનિયમ ટેરિફ સામે EUની વ્યૂહરચનાનો એક ભાગ છે.

## અલ્લાહે મને કોઈ કારણથી જીવતી રાખી છે, પાછી આવી રહી છું : શેખ હસીના

### યુનુસ અને તેમના લોકોએ તેને આતંકવાદીઓનો દેશ બનાવી દીધો છે ત્યા રોજ મર્ડર થઈ રહ્યા છેઃ શેખ હસીના

। (એજન્સી) બાંગ્લાદેશ, તા.૮ ।

બાંગ્લાદેશમાંથી દેશનિકાલ કરાયેલા પૂર્વ વડાંપ્રધાન શેખ હસીનાએ મોહમ્મદ યુનુસ અને વચગાળાની સરકાર સામે મોરચો માડ્યો છે. હસીનાએ યુનુસને ચોર અને બાંગ્લાદેશ સરકારને આતંકવાદીઓની સરકાર કહી છે. અને તેમણે કહ્યું કે,અલ્લાહે મને કોઈ કારણથી જીવતી રાખી છે, અને હવે ટૂંક સમયમાં જ બાંગ્લાદેશ પરત ફરી રહી છું.' સોશિયલ મીડિયા પર આવામી લીગના કાર્યકર્તાઓ સાથે વાતચીત કરતાં હસીનાએ કહ્યું કે, 'હું મરી નથી, એટલે કે હું ફરીથી પરત આવી રહી છું. અલ્લાહે લોકોને સંદેશ આપ્યો છે. પરત આવ્યા પછી વચગાળાની સરકાર અને તેમના લોકોને અદાલતથી જેલ સુધી ઘસડી જઈશ. હસીનાનું કહેવું છે કે, હું હતી ત્યાં સુધી બાંગ્લાદેશનો ખૂબ જ વિકાસ થયો હતો. લોકો દેશને એક વિકસિત રાષ્ટ્ર તરીકે જોતા હતા, પરંતુ યુનુસ અને તેમના લોકોએ તેને આતંકવાદીઓનો દેશ બનાવી દીધો છે. ત્યા રોજ મર્ડર થઈ રહ્યા છે, પરંતુ સરકારને કોઈનાથી મતલબ નથી. હસીનાના કહેવા પ્રમાણે



બાંગ્લાદેશમાં પત્રકારો અને વકીલોને બોલવા દેવામાં આવતા નથી. તેમના પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. આવા લોકો સાથે જલ્દી ન્યાય થવો જોઈએ. આ ઉપરાંત તેમણે યુનુસ પર સરકારી પૈસે એશો આરામ કરવાનો આરોપ લગાવ્યો હતો. વાતચીત દરમિયાન અવામી લીગના કાર્યકર્તાઓના એક સવાલના જવાબમાં હસીનાએ કહ્યું કે, 'હું જીવતી છું અને જલ્દી બાંગ્લાદેશ પરત આવી રહી છું. તમે દરેક લોકો શાંતિ જાળવી રાખો. તમારી સાથે ન્યાય થશે. જે પણ લોકો તમને મારવા આવી રહ્યા છે, તેમને શોધી શોધીને અહીં લાવવામાં આવશે.'હસીનાએ કહ્યું કે, 'અલ્લાહ કે ઘર દેર હૈ, પર અંધેર નહીં.'



નવી દિલ્હીમાં કૃષિ ક્ષેત્રમાં સહયોગ માટે ભારત અને ઇઝરાયલ વચ્ચે થયેલા એમઓયુના વિનિમયના સાક્ષી તરીકે કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ અને ઇઝરાયલના કૃષિ મંત્રી અવી ડિચટર હાજર રહ્યા હતા.

## પંજાબના જલંધરમાં ભાજપ નેતાના મકાનમાં વિસ્ફોટ, બેની ધરપકડ

। (એજન્સી) પંજાબ, તા.૮ ।

પંજાબના જલંધરમાં ભાજપ નેતા મનોરંજન કાલિયાના નિવાસસ્થાને મોડી રાત્રે ગ્રેનેડ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં પોલીસે ૧૨ કલાકની અંદર બે લોકોની ધરપકડ કરી છે. આ હુમલાની જવાબદારી આતંકવાદી હેપ્પી પાસિયાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને લીધી છે. બીજીતરફ આ હુમલામાં લૉરેન્સ બિશ્નોઈ ગેંગ અને પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીનું કનેક્શન સામે આવ્યું છે. મળતા અહેવાલો મુજબ રાષ્ટ્રીય તપાસ એજન્સી એ આતંકી પાસિયા પર પાંચ લાખ રૂપિયાનું ઈનામ જાહેર કર્યું હતું. હુમલાની તપાસ કરી રહેલી પોલીસે જે બે લોકોની ધરપડ કરી છે, તેઓ લૉરેન્સ બિશ્નોઈના નજીકના હોવાનો ખુલાસો થયો છે. જ્યારે પાસિયા ખાલિસ્તાની આતંકી સંગઠન બબ્બર ખાલસાનો કમાન્ડર છે. તે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISIના વિશ્વાસ પાત્ર વ્યક્તિ સાથે કામ કરી ચુક્યો છે, તેથી એવું માનવું છે કે, હુમલાની ઘટના પાછળ ISIનો હાથ હોઈ શકે છે. આતંકી પાસિયા અગાઉ પણ ગ્રેનેડ હુમલો કરી ચુક્યો છે. પોલીસના હાથમાં આવેલા CCTV ફુટેજમાં જોવા મળી રહ્યું છે કે, હુમલાખોર મોડી રાત્રે ઈ-રિક્ષામાં આવ્યો હતો.

#### વૈષ્ણોદેવી જનારા ભક્તો માટે સૌથી મોટા ખુશખબર

## કટરા-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો

### આ અકસ્માતમાં બે લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યાં હતા, જ્યારે ૭ લોકો ઈજાગ્રસ્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

ભારતીય રેલ્વેએ દેશભરમાં કનેક્ટિવિટી વધારવા માટે ઘણી નવી ટ્રેનો ચલાવવાની જાહેરાત કરી છે. આ સંબંધમાં કટરા-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જે અહીં પ્રવાસનને પણ પ્રોત્સાહન આપશે. શ્રી માતા વૈષ્ણો દેવી મંદિરે જનારાઓ માટે સારા સમાચાર છે. વાસ્તવમાં શ્રીનગર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૯ એપ્રિલે કાશ્મીર વંદે ભારત એક્સપ્રેસને લીલી ઝંડી આપવા જઈ રહ્યા છે. આ સાથે દેશમાં કોઈ પણ વ્યક્તિ કન્યાકુમારીથી કાશ્મીર સુધી ટ્રેનમાં મુસાફરી કરી શકશે. હાલમાં કટરાથી શ્રીનગર જવા માટે લગભગ ૬ થી ૭ કલાકનો સમય લાગે છે, પરંતુ નવી વંદે ભારત ટ્રેન શરૂ થતાં આ મુસાફરી માત્ર ૩ કલાકમાં પૂર્ણ કરી શકાશે. કટરા-શ્રીનગર વંદે ભારત એક્સપ્રેસનું ઉદ્ઘાટન ૧૯ એપ્રિલ, ૨૦૨૫ના રોજ વડાપ્રધાન



નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવશે. આ ટ્રેન કટરા અને શ્રીનગર વચ્ચેની કનેક્ટિવિટી વધારશે, જે વિશ્વના સૌથી ઊંચા રેલ્વે બ્રિજ, ચિનાબ રેલ બ્રિજ સહિત અનેક સ્થળોએથી પસાર થશે. અહેવાલો અનુસાર દિલ્હીથી ટ્રેનમાં મુસાફરી કરનારા મુસાફરોએ નવી દિલ્હીથી શ્રીનગરની ટિકિટ લેવી પડશે, પરંતુ કટરા પહોંચ્યા પછી મુસાફરોએ બીજી ટ્રેન લેવી પડશે. વંદે ભારત એક્સપ્રેસ કટરાથી ઉપડશે અને ઉધમપુર, રામબન, બનિહાલ અને અનંતનાગ થઈને શ્રીનગર પહોંચશે. આ ટ્રેન સવારે કટરાથી ઉપડશે અને બપોર સુધીમાં શ્રીનગર પહોંચશે. પરત ફરતી વખતે તે સાંજે શ્રીનગરથી રવાના થશે અને રાત્રે કટરા પહોંચશે. જો કે, ચોક્કસ સમયપત્રક હજુ જાહેર કરવામાં આવ્યું નથી. વંદે ભારત એક્સપ્રેસનું ભાડું અંતર અને કોચના આધારે નક્કી કરવામાં આવશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, કટરાથી શ્રીનગર સુધી ચેર કારનું ભાડું ૮૦૦ રૂપિયાથી ૧૦૦૦ રૂપિયાની વચ્ચે નક્કી કરી શકાય છે. જ્યારે એક્ઝિક્યુટિવ ક્લાસનું ભાડું રૂ. ૧,૬૦૦ થી રૂ. ૨,૦૦૦ની વચ્ચે હોઈ શકે છે. આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી. વંદે ભારત દ્વારા કટરાથી શ્રીનગરની યાત્રા માત્ર ૩ કલાકમાં પૂર્ણ કરી શકાય છે. તમને જણાવી દઈએ કે કાશ્મીરને રેલ દ્વારા જોડવાનો આ પ્રોજેક્ટ ૧૯૯૭માં શરૂ થયો હતો, પરંતુ તેના કામમાં ઘણી સમસ્યાઓ આવી હતી, જેના કારણે નિર્માણમાં સતત વિલંબ થતો હતો.

## જાતિ આધારિત વસતી ગણતરી સમાજના એક્સ-રે સમાનઃ રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ જાતિ આધારિત વસતી ગણતરીની માગણી સાથે ભાજપ-આરએસએસ નેતૃત્વની ફરી એક વખત ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે, ભાજપ-આરએસએસ જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી રહ્યા છે પરંતુ જમીની વાસ્તવિકતાના આધારે સામાજિક ન્યાયને સુદૃઢ બનાવતી નીતિઓ ઘડવામાં કોંગ્રેસ પાછી પાની નહીં કરે. સંઘના વડા મોહન ભાગવત જાતિ આધારિત વસતી ગણતરીનો વિરોધ કરી છે, પરંતુ આ પ્રકારની વસતી ગણતરી સમાજના એક્સ રેસમાન છે. તેનાથી વસતીની સાચી સ્થિતિ જાણી શકાશે અને સર્વગ્રાહી નીતિઓ ઘડી શકાશે. પટણા ખાતે સંવિધાન બચાઓ સંમેલનમાં રાહુલ ગાંધીએ તેલંગાણામાં કોંગ્રેસના જાતિ આધારિત સર્વેની વાત કરી હતી. તેમણે દાવો કર્યો હતો કે તેનાથી રાજ્યના રાજકીય પરિદૃશ્યને ફરી ઘડી શકાશે. તેલંગાણા જેવી જ અસર દેશના અન્ય રાજ્યોમાં પણ જોઈ શકાશે. બિહાર કોંગ્રેસના નેતૃત્વમાં પરિવર્તન અંગે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યુ હતું કે, અગાઉ બિહારના બે તૃતિયાંશ ડિલ્લા પ્રમુખો ઉચ્ચ જાતિના હતા. મલ્લિકાર્જુન ખડગેના નેતૃત્વમાં અત્યારે બે તૃતિયાંશ જિલ્લા પ્રમુખો ઓબીસી, ઈબીસી,



દલિત અને મહાદલિત સમાજના છે. વસતીના આંકડાના આધારે નેતૃત્વની ભૂમિકામાં ફેરફાર કરાયો છે. પક્ષના કાર્યકરોને પછાત સમાજો સાથે સંકલન વધારવાની હાકલ કરતાં રાહુલ ગાંધીએ નાગરિક લક્ષી રાજકીય અભિયાન પર ભાર મૂક્યો હતો. બિહારે દરેક વખતે પરિવર્તનની આગેવાની લીધી છે અને આ વખતે પણ બિહાર જ અગ્રીમ મોરચે રહેશે. બંધારણ અંગે વાત કરતાં રાહુલે કહ્યુ હતું કે, તેમાં દેશના પ્રાચીન મૂલ્યોનું પ્રતિબિંબ છે. સાવરકરના વિચારોને તેમાં કોઈ સ્થાન નથી. ડો. બી. આર. આંબેડકર અને મહાત્મા ગાંધીની પ્રશંસા કરતાં રાહુલે કહ્યું હતું કે, આંબેડકરે દલિતોની પીડાને અધિકારોમાં બદલી હતી. લોકોના સંઘર્ષમાંથી બોધપાઠ લઈને મહાન નેતાઓએ તેને કાયદામાં સમાવ્યા છે. સત્ય માટેની આ લડાઆ હજુ અવિરત છે.

## તંત્રી લેખ...

## પેન્શન ચુકવણીમાં કોઈપણ વિલંબ માટે વાર્ષિક ૮% ના દરે વ્યાજ ચૂકવવું ફરજિયાત

કેન્દ્ર અને રાજ્ય સરકારના કર્મચારીઓને પેન્શન વિતરણ કરતી તમામ બેંક્રોએ જો પેન્શનની ચૂકવણીમાં વિલંબ કર્યો તો તેણે વાર્ષિક ૮ ટકાના દરે વ્યાજ ચૂકવવુ પડશે. આરબીઆઈએ માસ્ટર સર્ક્યુલર જાહેર કરી બેંક્રોને આદેશ આપ્યો છે કે, હવે પેન્શન ચુકવણીમાં કોઈપણ વિલંબ માટે વાર્ષિક ૮% ના દરે વ્યાજ ચૂકવવુ ફરજિયાત છે. આનો ઉદ્દેશ્ય પેન્શનર્સને તેમના બાકી લેણાંની મોડી ચુકવણી માટે વળતર આપવાનો છે. આરબીઆઈની સર્ક્યુલરમાં જણાવવામાં આવ્યું છે કે, 'પેન્શન ચૂકવનારી બેંક્રોએ ચુકવણીની નિયત તારીખ પછી પેન્શન/બાકી જમા કરવામાં વિલંબ કર્યો તો પેન્શનધારકને વાર્ષિક ૮ ટકાના નિશ્ચિત વ્યાજ દરે વળતર આપવું પડશે.' નિર્દેશમાં સ્પષ્ટતા આપવામાં આવી છે કે, આ વળતર પેન્શનર્સના કોઈપણ દાવા વિના જ ઓટોમેટિક એકાઉન્ટમાં જમા કરાવવામાં આવશે. ચુકવણીની તારીખ પછી થતા કોઈપણ વિલંબ માટે વાર્ષિક ૮% ના નિશ્ચિત વ્યાજ દરે વળતર ચૂકવવાનું રહેશે. જે દિવસે બેંક સુધારેલા પેન્શન અથવા બાકી પેન્શનની રકમ જમા કરશે તે જ દિવસે પેન્શનધારકના ખાતામાં વ્યાજ જમા કરવામાં આવશે, આ નિયમ ૧ ઓક્ટોબર, ૨૦૦૮થી તમામ મોડી ચુકવણીઓ પર લાગુ થશે. સર્ક્યુલરમાં આરબીઆઈએ જણાવ્યું હતુ કે, આ સર્ક્યુલરમાં બેંક્રો દ્વારા પેન્શન વિતરણની પ્રક્રિયાને સુવ્યવસ્થિત અને સુચારૂ રૂપે સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો છે, જેથી સંબંધિત પેન્શન ચૂકવતા અધિકારીઓ દ્વારા પેન્શન ઓર્ડરની નકલો તાત્કાલિક ધોરણે મેળવી શકાય. બેંક્રોને આરબીઆઈના નિર્દેશોની રાહ જોયા વિના પેન્શન ચૂકવણી પ્રક્રિયા પૂર્ણ કરવાની સૂચના આપવામાં આવી છે, જેથી પેન્શનર્સ હવે દરમહિને નિશ્ચિત સમય મર્યાદામાં વ્યાજનો લાભ મેળવી શકે. ખાસ કરીને વૃદ્ધ પેન્શનર્સ માટે સરળ પ્રક્રિયા બનાવી વધુ સારી ગ્રાહક સેવા પૂરી પાડવા પણ નિર્દેશ છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં ૭, લોક કલ્યાણ માર્ગ પર પ્રધાનમંત્રી મુદ્રા યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મુદ્રા યોજનાના લાભાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો હતો. તેમણે ઉપસ્થિત તમામ લોકોનો હૃદયપૂર્વક આભાર માન્યો હતો અને મહેમાનોનું સ્વાગત કરવાના સાંસ્કૃતિક મહત્વ અને તેમની હાજરીથી ઘરમાં આવતી પવિત્રતા પર ભાર મૂક્યો હતો. તેમણે સહભાગીઓને તેમના અનુભવો જણાવવા આમંત્રણ આપ્યું હતું. શ્રી મોદીએ પાલતુ પ્રાણીઓ, દવાઓ અને સેવાઓનો પુરવઠો પૂરો પાડનાર ઉદ્યમી સાથે વાતચીત કરતાં પડકારજનક સમયમાં કોઈની ક્ષમતામાં વિશ્વાસ ધરાવતાં લોકો પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. તેમણે લાભાર્થીને લોનને મંજૂરી આપનારા બેંક અધિકારીઓને આમંત્રિત કરવા અને લોનને કારણે થયેલી પ્રગતિ દર્શાવવા જણાવ્યું હતું. શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતુ કે, આ પ્રકારનાં પગલાંથી તેમનાં વિશ્વાસને સ્વીકારવાની સાથે-સાથે મોટાં સ્વપ્નો જોવાની હિંમત કરનારી વ્યક્તિઓને ટેકો આપવાનાં તેમનાં નિર્ણયમાં આત્મવિશ્વાસ પણ વધશે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે, તેમના સમર્થનના પરિણામો દર્શાવવાથી નિઃશંકપણે તેઓ વિકાસ અને સફળતાને પ્રોત્સાહન આપવામાં તેમના યોગદાન પર ગર્વ અનુભવે છે. કેરળનાં એક ઉદ્યોગસાહસિક શ્રી ગોપી કૃષ્ણ સાથે વાત કરતાં પ્રધાનમંત્રીએ પ્રધાનમંત્રી મુદ્રા યોજનાની પરિવર્તનકારી અસર પર પ્રકાશ પાડ્યો હતો, જેણે તેમને સફળ ઉદ્યોગસાહસિક બનવા સક્ષમ બનાવ્યાં હતાં, જેમાં તેમણે રોજગારીની તકો ઊભી કરવાની સાથે-સાથે ઘરો અને ઓફિસો માટે પુનઃપ્રાપ્ય ઊર્જાનાં સમાધાનો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. પ્રધાનમંત્રીએ મુદ્રા લોન વિશેની જાણકારી મળતાં દુબઈમાં પોતાની કંપનીમાંથી રાજીનામું આપવાનો નિર્ણય લીધા પછી લાભાર્થીઓની સફરની નોંધ લીધી હતી. તેમણે નોંધ્યું હતું કે, પ્રધાનમંત્રી સૂર્ય ઘર પહેલ હેઠળ સૌર સ્થાપનો બે દિવસની અંદર પૂર્ણ થઈ ગયા હતા. તેમણે પ્રધાનમંત્રી સૂર્ય ઘર પહેલના લાભાર્થીઓની પ્રતિક્રિયાઓ વિશે પણ સાંભળ્યું હતું અને નોંધ્યું હતું કે, કેરળમાં ભારે વરસાદ અને ગીચ વૃક્ષોના આવરણ જેવા પડકારો છતાં હવે ઘરોમાં નિઃશુલ્ક વીજળીનો આનંદ મળે છે. શ્રી કૃષ્ણએ નોંધ્યું હતુ કેવીજળીનું બિલ, જે અગાઉ રૂ.૩,૦૦૦ આસપાસ હતું તે હવે ઘટીને રૂ. ૨૪૦-રૂ.૨૫૦ થઈ ગયું છે, જ્યારે તેમની માસિક આવક રૂ.૨.૫ લાખ કે તેથી વધુ થઈ ગઈ છે. પ્રધાનમંત્રીએ છત્તીસગઢના રાયપુરથી હાઉસ ઑફ પુચકાના સ્થાપક અને મહિલા ઉદ્યોગસાહસિક સાથે વાતચીત કરી હતી, જેમણે કાફેના સફળ વ્યવસાયની સ્થાપના માટે ઘરે બેઠાં રસોઈ બનાવવા સુધીની તેમની પ્રેરક સફર અંગે જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે નફાના માર્જિન અને ફૂડ કોસ્ટ મેનેજમેન્ટના સંશોધનએ આ ઉદ્યોગસાહસિક સફળતામાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, યુવાનોના મનમાં ભય છે, તેમણે જણાવ્યું હતું કે, ઘણા લોકો જોખમ લેવાને બદલે નોકરીમાં સ્થાયી થવાનું પસંદ કરે છે. તેના જવાબમાં પ્રધાનમંત્રીએ જોખમ લેવાની ક્ષમતાનાં મહત્ત્વ પર ભાર મૂક્યો હતો અને જણાવ્યું હતું કે, ૨૩ વર્ષની ઉંમરે હાઉસ ઑફ પુચકાનાં સ્થાપકે જોખમ લેવાની તેમની ક્ષમતાનો અને પોતાનાં વ્યવસાયનાં નિર્માણ માટે પોતાનાં સમયનો અસરકારક રીતે ઉપયોગ કર્યો હતો. લાભાર્થીએ રાયપુરના મિત્રો, કોર્પોરેટ જગત અને વિદ્યાર્થીઓ વચ્ચેની ચર્ચા પર ટિપ્પણી કરી હતી અને ઉદ્યોગસાહસિકતા વિશે તેમની જિજ્ઞાસા અને પ્રશ્નોની નોંધ લીધી હતી. તેમણે વધુમાં સરકારી યોજનાઓ અંગે યુવાનોમાં જાગૃતિના અભાવ પર પ્રકાશ પાડ્યો હતો. જે કોલેટરલની આવશ્યકતા વિના ભંડોળ પૂરું પાડે છે. તેમણે મુદ્રા લોન અને પીએમઈજીપી લોન જેવી યોજનાઓ સંભવિતતા ધરાવતા લોકો માટે નોંધપાત્ર તકો પૂરી પાડવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો તથા યુવાનોને આ યોજનાઓ પર સંશોધન કરવા અને સાહસિક પગલાં લેવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને જણાવ્યું હતું કે, વૃદ્ધિ અને સફળતા મેળવવા ઈચ્છુક લોકો માટે કોઈ બંધન નથી. અન્ય લાભાર્થી, બારામુલ્લા, કાશ્મીરના બેક માય કેકના માલિક શ્રી મુદાસિર નકશબંદીએ નોકરી શોધનારથી નોકરી આપનાર બનવા સુધીની પોતાની સફર શેર કરતા કહ્યું કે તેમણે બારામુલ્લાના દૂરના વિસ્તારોમાંથી ૪૨ લોકોને સ્થિર રોજગાર પૂરો પાડ્યો છે. મુદ્રા લોન મેળવતા પહેલા પ્રધાનમંત્રીએ તેમની કમાણી વિશે પૂછ્યું, જેના જવાબમાં મુદાસિરએ કહ્યું કે તેઓ હજારોમાં કમાતા હતા, પરંતુ તેમની ઉદ્યોગસાહસિક યાત્રાએ હવે તેમને લાખો અને કરોડો કમાવી દીધા છે.

**મિત્રો સમાજમાં ઘટતી આવી ઘટનાઓ રોજ-બ-રોજ જોઈને પણ આપણું અંતર જો "મને શી ખબર!!!" એવું કહેતું હોય તો તેને જરાક ટટોળો!**

## સમાજની શાંતિ માટે "મને શી ખબર"! તે એક તકીયા કલામને તોડવો બહુ જરૂરી છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**સાંજના પાંચ વાગ્યા એટલે રેવા આવી, રેવા એક સુંદર મજાની ૨૬ વર્ષની યુવતી હતી, મેં તેને આવકારી અને અમે દીવાનખંડમાં બેઠાં, મેં તેનાં ફેમિલી વિશે પૂછ્યું, રતનસિંહ વિશે પણ કહ્યું કે, તે મહોલ્લાનો સૌથી ઉતાર એટલે કે મવાલી જેવો છોકરો છે, અને તું નાહકની એને આડી આવીશ તો તે તારી જિંદગી બરબાદ કરી નાખશે.**

આપણે સૌ વારે ઘડીએ મોકો મળે ત્યારે દેશના અર્થતંત્રની ખામી કાઢીએ છીએ, કે પછી ન્યાયતંત્ર બરોબર કામ નથી કરતું, એવી વાત કરતાં હોઈએ છીએ! કે પછી અહીં આમ કરવાની જરૂર હતી! ત્યારના હોદ્દેદારો એ જ બધું બગાડ્યું! વગેરે વગેરે! એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે અન્યની ખામીઓ આપણે તરત કાઢી શકીએ છીએ, પણ જ્યારે ફરજ નિભાવવાનો વારો આવે ત્યારે, આપણે પીછેહટ કરવામાં જ માનીએ છીએ, કે એવી ઝંઝટમાં કોણ પડે એવું વિચારીને દૂર રહીએ છીએ. એ ઉપરથી કહીં શકાય છે સમાજની અવ્યવસ્થા કે અશાંતિ માટે, આપણે પણ જવાબદાર છીએ. આવો જ એક કિસ્સો આજે બુધવાર બોધકથા માં આપણે જોઈએ. મંજુ જોતો આ બાહર શેનો દેકારો થાય છે??,મંજુ એ જોયા વગર જ કહ્યું કે,એ તો શેરીના નાકે પોલીસ આવી હતી અને આ બધાએ કહ્યું "કે મને શી ખબર!!" એટલે ચાલી ગઈ. રોજનું થયું છે હો બેનબા! પેલો રતનસિંહ ગુંડાગીરી માંથી બાજ આવતો નથી ,અને વારે ઘડીએ તેની ખિલાફ કમ્પ્લેન થાય, એટલે આપણા મહોલ્લામાં રહેતો હોવાથી, પોલીસ અહીં આવે. પણ આજે શું કર્યું હતું તેણે? એવું મેં પૂછ્યું. એ તો કંઈ નહીં પેલી નવી પત્રકાર આવી છે ને રેવા મહેતા, તેણે તેના દેશી દારૂના અડ્ડાઓ પકડી પાડ્યાં, અને પોલીસમાં ફરિયાદ કરી હતી, એટલે પોલીસ આવી હતી. પણ આપણાં મહોલ્લોનાં લોકોને તો તમે ઓળખો છો ને!, કોઈને કંઈ રસ નથી વિકાસમાં, જે થતું હોય તે થાવા દ્યો.પોતાના ઘર હપ્તાથી અને લાંચ રૂશ્વતથી, ભરાતા હોય એટલે પોલીસો પણ કંઈ કરતા નથી. બસ આવીને ખાલી કમપ્લેન હોય એટલે જીપ લઈને આવી જાય. સાચી વાત છે તારી, એમ કર કે રેવાને ઘરે જઈને કહીં આવ કે સાંજે મળવા આવે, કહેજે દીદીને તમારું કામ છે, એમ ખાસ કહેજે. મંજુ રેવાનાં ઘરે જઈને કહી આવી કે, સાંજે ચા પાણી પીવા માટે દીદી એટલે કે કામિનીબેન એ તમને બોલાવ્યા છે. સાંજના પાંચ વાગ્યા એટલે રેવા આવી. રેવા એક સુંદર મજાની ૨૬ વર્ષની યુવતી હતી. મેં તેને આવકારી અને અમે દીવાનખંડમાં બેઠાં. મેં તેનાં ફેમિલી વિશે પૂછ્યું. રતનસિંહ વિશે પણ કહ્યું કે, તે મહોલ્લાનો સૌથી ઉતાર એટલે કે મવાલી જેવો છોકરો છે, અને તું નાહકની એને આડી આવીશ તો તે તારી જિંદગી બરબાદ કરી નાખશે. પણ તેણે કહ્યું દીદી આવી બીકથી જ આવા મવાલી તત્વોને પ્રોત્સાહન મળતું હોય છે, અને તે સમાજમાં બેરોકટોક ઈજ્જતથી જીવતા હોય છે. અન્યાયને હાથે કરીને અણદેખ્યો કરવો તે અન્યાય કરવા જેટલું જ ખરાબ છે. હું એમ મારી નજર સામે ઘટતી ઘટનાઓને કેમ નજર અંદાજ કરી શકું? મારુ આ પ્રોફેશનમાં એટલે કે પત્રકારત્વમાં આવવાનું આ એક મોટું કારણ છે કે, મારી નાની બહેન એટલે કે તેજલને આવી જ રીતે એક મવાલી એ હેરાન કરી હતી, અને પછી તેણે આત્મહત્યા કરી લીધી હતી. હું મક્કમ છું! હું રતનસિંહને સજા કરાવીને જ રહીશ. બીજી થોડી ઘણી ઔપચારિક વાત કરીને રેવા તો ચાલી ગઈ. પણ મારા મનમાં એક અજબનો ઉત્પાત મૂકીને ગઈ, હું એટલે કે કામિની દેસાઈ એક સ્કૂલમાં પ્રિન્સિપાલની સર્વિસ કરું છું, અને મારા પતિ એટલે કે પ્રભાત દેસાઈ એક સામાયિકના એડિટર હતા, અને તે એક પત્રકાર હતા. આ પત્રકારત્વ જ તેને મોંઘુ પડ્યુંને જીવનથી હાથ ખોઈ બેઠા. બરાબર આજથી એક વર્ષ પહેલાં મારી સ્કૂલમાં જ આ ઘટના ઘટેલી. મોટા મોટા ટ્રસ્ટી મંડળનાં વેપારીઓ અને ઉદ્યોગપતિઓનાં છોકરાઓ અમારે ત્યાં ભણતાં, તેવો જ એક છોકરો કંદર્પ હતો. એક જાણીતી જ્વેલરી શોપનાં જમનાદાસનો દિકરો. રૂપિયા પૈસાની કોઈ કમી ન્હોતી, અને તેમાં એકનો એક દીકરો. એટલે ખૂબ જ લાડમાં ઉછેર્યો, પણ આ લાડ તેને અવળે રસ્તે ચડાવી દીધો, અને તે ગુંડાગીરીની ગેંગનો એક સભ્ય બની ગયો. એક દિવસ તેને ગમતી એક છોકરી, એટલે કે મારી નાની બહેનની દીકરી કાવેરીની તેણે છેડતી કરી. હવે પ્રિન્સિપાલ હોવાને નાતે આખો કેસ મારી સામે આવ્યો. ટ્રસ્ટીનો દિકરો અને આ બાજુ મારી બેનની દીકરી, બંને પક્ષે સરખું દબાણ હતું. આ વાતની જાણ મારા પતિ પ્રભાતનેં થઈ, અને તેમણે કંદર્પ વિરુદ્ધ પુરાવાઓ એકઠા કર્યાને, તેને સગીર બાળાને છેડતી કરવાના કેસમાં પાંચ સાલની સજા કરાવવા માટે તે મક્કમ હતા. જમનાદાસ એક પહોંચેલો અઠંગ ખેલાડી હતો, તેને જાણ થતા તેણે અને કંદર્પે મળીને પ્રભાતને મારી નાખવાની ઘણી કોશિશો કરી. દર વખતે પ્રભાત બચી જતા, પણ તે એક ગોઝારી રાત્રે જ્યારે તેવો ઘરે પાછા ફરતા હતા ત્યારે, પાછળથી આવી અને તેના માથામાં એક જોરદાર ડંડો ફટકારી તેને સ્થળ ઉપર જ મૃત્યુ સાથે ભેટો કરાવી દીધો. અમે નિઃસંતાન હતાં ,અને મારી પર જાણે આભ તૂટી પડયું હોય તે, રીતે હું નિઃસહાયને લાચાર બની ગઈ. કાવેરીને પણ પોતાના માટે થઈને માસાનું કત્લ થઈ ગયું તેવું લાગ્યું. તેવો આઘાત સહન ન થતાં આત્મહત્યા કરી લીધી. મારા હાથ ટ્રસ્ટીઓએ બાંધી દીધા હતાં, એટલે મને શું કરવું તે સમજ પડતી નહોતી, અને પ્રિન્સિપાલની નોકરી છોડી દેવાનો નિર્ણય કર્યો. પણ સ્કુલની રેપ્યુટેશનનો સવાલ ઊભો થઈ જાય,અને ભણતાં વિદ્યાર્થીઓની કેરિયર પર પણ અસર થાય છે.આથી આ ટમ પૂરતું મારે કામ ચાલુ રાખવું, તેવો નિર્ણય તેઓનાં આગ્રહથી લીધો. આજે રેવાની વાતથી મારું અંતર હલબલી ગયું કે, માત્ર ૨૫, ૨૬ વર્ષની છોકરીમાં આટલી હિંમત ક્યાંથી આવી?? શું હું તે હિંમત દેખાડી શકું નહીં? કે પછી દરેકની જેમ મારે આખી જિંદગી એમ જ બોલવાનું છે કે "મને શી ખબર!!" " મને શી ખબર"! એવું મારો અંતરાત્મા મને કહી રહ્યો હતો. રતનસિંહની ગુંડાગીરી તો રોજ કોઈને કોઈ રૂપમાં બહાર આવતી, તેના સાથીઓ તેને બચાવી લેતાં.દરેક વખતે પોલીસ મહોલ્લામાં આવતી અને પૂછપરછ હતી. પણ કોઈ દિવસ કોઈના મોઢા માંથી "મને શી ખબર!!" સિવાય બીજો એક પણ શબ્દ નીકળ્યો નહીં. આજે પણ પોલીસ આવી હતી, જાલીનોટનાં કેસમાં તે રંગેહાથ પકડાયો હતો. મંજુનો બડાબડાટ ચાલુ થયો, દીદી આ તો હવે રોજનું થયું આ મહોલ્લામાંથી, આપણે હવે બીજે રહેવા ચાલ્યા જઈએ. નહીં તો આ આપણા જીવનમાં કોઈક દિવસ આંધી લાવશે, અને મનોમન એક નિર્ણય લીધો, અને હું મારા રોજિંદા કાર્યમાં અટવાઈ ગઈ. મેં રાજીનામું આપ્યું અને પછી રતનસિંહ વિરુધ્ધ કોર્ટમાં ગવાહ બનવા માટે હું પોલીસ સ્ટેશન પહોંચી. ઈન્સ્પેક્ટરને બધી જ વાત કરી. સોગંદનામું કરીને મારી ગવાહીનુ લખાણ થયું, અને તેની ઉપર સહી-સિક્કા થયા, અને કોર્ટની તારીખ મને જણાવવામાં આવી. રતનસિંહનેં સજા થશે કે કેમ?? રેવા બચી જશે કે કેમ? તે કોઈ જ વાતનો મને ખ્યાલ નથી, પણ મનમાં એક આત્મસંતોષ છે, કે મેં "મને શી ખબર!!!" તે એક તકીયા કલામને તોડ્યો, અને સમાજમાં આવાં અસામાજીક તત્વો દ્વારા થતાં ગુનાઓ સામે હું "રેવા" જેવી બહાદુર છોકરીનો સાથ હંમેશા આપીશ. પછી તો રતનસિંહને સજા થઈ, અને મહોલ્લામાંથી પણ બીજા ઘણા લોકો આગળ આવ્યાં. મહોલ્લાની કાયમી ગંદકી જેવો, રતનસિંહ આજે જેલમાં છે. મેં અને રેવા એ મળી અને એક સ્ત્રી શાંતિનિકેતન નામની એનજીઓ સંસ્થા શરૂ કરી, જેમાં અમે આવા તત્વોથી સ્ત્રીઓનું રક્ષણ કરીએ છીએ. મિત્રો સમાજમાં ઘટતી આવી ઘટનાઓ રોજ-બ-રોજ જોઈને પણ આપણું અંતર જો "મને શી ખબર!!!" એવું કહેતું હોય તો તેને જરાક ટટોળો! બાકી આમને આમ જ સમાજ માંથી બુરાઈ કદીએ જશે નહીં, તે વાત ચોક્કસ છે. માટે એક ડગલું આગળ વધવું જ રહ્યું.

**રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી, પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે**

## જીવનની સૌથી મોટી લડાઈ તો માણસ પોતાના વિચારો સાથે જ લડતો હોય છે, બાકી સંજોગો સાથે તો સમાધાન જ કરવુ પડતુ હોય છે!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**શંકરના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો, જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ સફળ થશે, અનુકરણ રામજીનું કરવાનું છે, શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી, પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે, ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે, રામજીનું સમગ્ર વર્તનઅનુકરણીય છે, રામ સર્વ ગુણોના ભંડાર છે, પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ રાખતા, મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે.**

ભગવાન મહાવીરની જન્મ જયંતિ તરીકે હર્ષલ્લાસપૂર્વક ઉજવીશું એ પછી બજરંગ બલીદાદાનો જન્મ દિવસ હનુમાન જયંતી તરીકે ઉજવાશે ત્યારે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી કંઈક નવું જાણવા પ્રયત્ન કરીએ.બધા દિવ્ય સદગણો જેમાં એક થાય છે તે પરમાત્મા છે. લક્ષ્મણજી વિવેકનું ભરતજી વૈરાગ્યનું અને શત્રુદન સદવિચારનું સ્વરૂપ છે. ભરત અને શત્રુઘ્નને અયોધ્યામાં ન હોય તો દશરથ કૈકેયીને એટલે વૈરાગ્ય અને સદ્ વિચાર. આધીન થાય,નહીંતર નહીં. ચંદન અને પુષ્પથી રામજીનીસેવા કરો એ ઠીક છે, પણ રામજીની આજ્ઞાનું પાલન કરોએ રામજીની ઉત્તમ સેવા છે. ભગવાનની ઉત્તમ સેવા એ છે કે, ભગવાનની આજ્ઞા ઓનું પાલન કરવું. જો તેમ કરવા માં ન આવે તો ઈશ્વર કહે છે કે, મારું કહેલું તું કરતો નથી, તો તારી સેવા હું સ્વીકારતો નથી. રામજીનું ચરિત્ર એટલું પવિત્ર છે કે, તેનું સ્મરણ કરતાં આપણે પવિત્ર થઈ જઈએ છીએ.જેવું રાખો અને રામનામનો રીબો અને રામનામનો જપ કરો તો તાળવામાંથી અમૃત ઝરશે. રામજીની ઉત્તમ લેવા એ જેલ રામજીનો એકએક સદગણો જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરો. રામચંદ્રજીનો અવતાર રાક્ષસોનો સંહાર કરવા માટે થયો નથી,પરંતુ મનુષ્યોને ઉચ્ચ આદર્શ બતાવવા માટે થયો છે. જગતનો ઉદભવ માનવધર્મનો ઉપદેશ આપવા માટે થયો છે. રામજી સકળ સદગુણો નો ભંડાર છે. પરમાત્મા હોવા છતાં તેઓ સકળ મર્યાદાઓનું બરાબર પાલન કરે છે. વાલ્મિકી વિચાર કરે છે કે,રામને કોની સાથે સરખાવું? રામને શું ઉપમા આપું?બહુ વિચાર કર્યો,પરંતુ કોઈઉપ મા ન જડી ત્યારે બોલ્યા કે,રામ જેવા રામ જ છે.તમે માનો ગમે તે દેવને, શંકરને, વિષ્ણુને કે કોઈ દેવદેવીને, પરંતુ વર્તન રામજી નું જેવું રાખો. શંકરના ભક્ત હો કે શ્રીકૃષ્ણના, પણ વર્તન રામ જેવું રાખો.જેનું વર્તન રામ જેવું હશે તેની ભક્તિ સફળ થશે. અનુકરણ રામજીનું કરવાનું છે.શ્રીકૃષ્ણલીલાઓ અનુકરણ કરવા માટે નથી,પણ તે લીલાઓ શ્રવણ કરી તન્મય થવા માટે છે. ગોકુળલીલામાં પુષ્ટિ છે, રામલીલામાં મર્યાદા છે. રામજીનું સમગ્ર વર્તનઅનુકરણીય છે. રામ સર્વ ગુણોના ભંડાર છે. પ્રત્યેક સ્ત્રીમાં રામજી માતૃભાવ રાખતા.મનુષ્ય એક બાજુથી પુણ્ય કરે છે અને બીજી બાજુથી પાપ પણ ચાલુ રાખે છે. સરવાળે કંઈપણ હાથમાં આવતું નથી. રામજી સ્થિર ભાવ રાખવાનું કહે છે.રામ માતાપિતાની અલકતનાં લેતાં સંકોચ-શરમ નડતાં નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે! માતાપિતા લક્ષ્મી નારાયણ બેશાં રહેતા. રામ સદા દશરથ-કૌશલ્યા ને પ્રણામ કરતાં. આજે તો છોકરા ઓને પિતાની મિલકત લેતા સંકોચ તા નથી અને વંદન કરવામાં સંકોચ થાય છે માતા-પિતા લક્ષ્મી નારાયણ સ્વરૂપ છે તેમને વંદન કરો સ્વચ્છંદી રીતે કદી ન વર્તો. રઘુનાથજીની ઉદારતાનો રઘુનાથ જીની દિનવત્સલતાનો જોટો જગ માં નથી રામ જેવા રાજા થયા નથી અને થવાના નથી રામચરિત્ર દિવ્ય છે રામજીનું ચરિત્ર સર્વને બોલાવે છે તેથી મહાત્માઓ તે ચરિત્રને દિવ્ય કહે છે. રામજીની કથા એવી દિવ્ય છેકે, જે એ સાંભળેતે એમાં ભાવ વિભોર થઈ ડોલવા માંડે છે. દેવો, ગંધર્વો પણ આમ ડોલી ઊઠે છે અને કથામાં મસ્ત બની જાય છે. એ જોઈ બ્રાહ્મણને ચિંતા થઈ કે, શેષનાગ,જેની ફણા પર આ પૃથ્વી રહેલી છે,તે જો આ રામ કથા સાંભળી ડોલવા માટે તો સૃષ્ટિની શું દશા થાય?તેથી તેમણે શેષનાગને-સર્પમાત્રને કાન આપ્યા નથી એમ કવિઓ કહે છે. રામની કથાનું આટલું માહાત્મ્ય છે. રામજી પિતૃભક્ત છે. પિતાનું બધું રાખ્યું, પણ એક વસ્તુ એમણે રાખી નથી. દશરથનું બહુપત્નીત્વ તેમણે સ્વીકાર્યું નથી.મુખથી નહીં, પણ પોતાના આચરણથી તેમણે એ બતાવ્યું છે. રામજી સર્વ સદ ગુણના ભંડાર છે.સર્વમાંથી શુભ લેનારા છે, પણ વડીલોમાં જે લેવા જેવું તે જ લીધું છે.પુરુષ એક જ સ્ત્રીમાં ભાવ રાખે અને ધર્માનુકૂલ જીવન ભોગવે તોતે ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી છે. રામજી આંખ ઊંચી કરી કોઈને જોતા નથી. સીતાજી પણ આંખ ઊંચી કરી પરપુરુષને જોતાં ન હતાં.આ શાસ્ત્રની મર્યાદા છે. આવી મર્યાદા પાળશો તો જીવન સુધરશે. વાલ્મીકિ-રામાયણના સુંદરકાંડમાં એક કથા છે. હનુમાનજી સીતાજીને અશોક વનમાં મળે છે. વિદાય વખતે સીતાજી તેમને કહે છે, તું આવ્યો તે સારું થયું, પણ તારા ગયા પછી રાક્ષસીઓ મને ત્રાસ આપશે. ત્યારે હનુમાનજી કહે છે કે,આજ્ઞા કરો તો હમણાં જ આપને ઉપાડી ને રામજી પાસે લઈ જાઉં. સીતાજી કહે છે કે,ના.તું મારો દીકરો છે, તું બાળબ્રહ્મચારી છે, પવિત્ર છે, પણ તું પુરૂષ અને હું સ્ત્રી છું.મારા માટે પરપુરુષનો સ્પર્શ વર્જ્ય છે. મનુષ્ય જીવનના આવા ઉચ્ચ આદર્શ રામકથામાં આપણને જોવા મળે છે. તેવા બીજે ક્યાંય નથી મળતાં. સ્ત્રી પતિ સિવાય કોઈ સાધુસંતોનો પણ ચરણસ્પર્શ ન કરે. સીતાજી આદર્શ સ્ત્રીધર્મનું તત્ત્વ જગતને બતાવે છે, રામ સરળ છેપણ સીતાજીની સરળતા અલૌકિક છે. વડીલનું દિલ કોઈ દિવસ ન દુભાવવું.રામજીને કૈકેયીએ વન વાસ આપ્યો. ત્યારે કૈકેયીને પગે લાગી રામજીએ કહ્યું છે, મા, મારો ભરત રાજા થતો હોય તો ચૌદ વર્ષ તો શું,હું કાયમને માટે વનમાં રહેવા તૈયાર છું.મા,હું જાણું છું કે, તારો મારા તરફ પક્ષપાત છે. ભરત કરતાં તારો પ્રેમ કે મારામાં વિશેષ છે એ હું જાણું છું.હું જાણું છું કે, ઋષિમુનિ ઓનો મને સત્સંગ પ્રાપ્ત થાય એટલા જ માટે તેં મને વનવાસ આપ્યો છે.અમારા કલ્યાણ સિવાય તમારા મનમાં બીજી કોઈ કામના નથી. આવું જેનું મન છે તેની સામે કૈકેયીપણું પણ આખરે ટકી શકતું નથી. શિવજી રોજ રામકથા ઉમાને સંભળાવે છે. હનુમાનજી રામકથા સાંભળે છે.રામાયણની કથા શિવ જીએ એક કરોડ શ્લોકમાં લખીછે એક વખત દેવો,ઋષિઓ અને મનુષ્યો શિવજી પાસેએ રામાયણ ની માગણી કરવા ગયા. રામાયણ ના શ્લોક એક કરોડ તેના ત્રણ ભાગ કરતાં દરેક ભાગે તેત્રીસ લાખ તેત્રીસ હજાર ત્રણસો તેત્રીસ શ્લોક આવ્યા. વહેંચણી કરતાં એક શ્લોક વધ્યો. તેને માટે ત્રણ વચ્ચે ઝઘડો થયો. એક પણ કોઈ જવા દેવા તૈયાર નથી.શિવ જીને ઝગડો ગમતોનથી. ત્યાં યુદ્ધ નથી,વેર નથી,સ્વાર્થ નથી વાસના નથી,વિષમતા નથી,ત્યાં અયોધ્યા છે અને ત્યાં જ રામ અવતાર ધારણ કરીને આવે છે.જ્યારે કૈકેયીના મનમાં વિષમતા, વાસના કે સ્વાર્થ જાગે કે,ત્યારે રામ અયોધ્યા છોડી જાય છે. બળદ- સિંહ,ઉંદર -સર્પ, મોર અને સર્પ વચ્ચે જન્મસિદ્ધ વેર છે. છતાં શિવજીના દરબારમાં આવ્યા પછી એ પશુઓ પણ વેર ભૂલી જાય છે અને બળદ સિંહ સાથે રહે છે. ગરુડ અને સર્પને પણ જન્મથી વેર છે, છતાં વિષ્ણુ ભગવાન પાસે વેર સેતું નથી. શિવજીએ કહ્યું કે, શ્લોક એક છે અને લેનાર ત્રણ છે.શ્લોકમાં અક્ષરો હતા બત્રીસ, એટલે શ્લોક ના અક્ષરો ગણ્યા તો બત્રીસ થયા તેમાંથી એકએકને દસ દસઆપ્યા આ પ્રમાણે ત્રીસ,અક્ષરો જતાં બાકી રહ્યા બેઅક્ષરો શિવજીએ કહ્યુ કે, આ બે અક્ષરો હું રાખી લઉં છું. બધું આપ્યું પણ રામ શિવજીએ બે અક્ષર કોઈને આપ્યા નહીં. તે પ્રમાણે રામને હંમેશાં હૃદયમાં રાખજો. ભગવાન શંકર રામાયણના આચાર્ય કહેવાય છે. શિવજી જગતને બતાવે છે કે,ઝેર પી ગયા પણ રામનામના પ્રતાપથી મને કાંઈ થયું નહીં. જીવનમાં ઝેર પીવાના અનેક પ્રસંગો આવે છે. જ્યારે ઝેર પીવાનો પ્રસંગ આવે ત્યારે પ્રેમથી શ્રીરામ શ્રીરામ બોલો સંસારમાં પણ નિંદા, વ્યાધિ વગેરે ઝેર છે.બાળવા આવે ત્યારે રામ નામનો જપ કરજો. ભગવાન શિવ રામ નામામૃતનું નિત્ય પાન કરે છે તેથી તે શિવ છે. કલ્યાણ સ્વરૂપ છે. શિવજીએ કહ્યું છે કે, હું રામજીની કથા કરું છું, પણ રામજી કેવા છે તે હજુ હું જાણતો નથી. શિવજીનો આ વિનય છે. જે જાણે છે કે હું કાંઈ જાણતો નથી એ જ બધું જાણે છે. શિવજી જેવા આવો વિનય કરે છે, જ્યારે આપણા અલ્પ ભણેલા ઓ મહાજ્ઞાની હોવાનો દેખાવ કરે છે. અયોધ્યામાં રઘુનાથજીનું પ્રાગટ્ય થયું છે. લક્ષ્મણ-ભરત-શત્રુઘ્નની સાથે રઘુનાથજી કૌશલ્યાના આંગણામાં રમે છે.ધીરે ધીરે રામ ચંદ્રજી મોટા થયા છે. રામચંદ્રજી રમતગમતમાં પણ નાના ભાઈઓ નાં દિલ દુભાવતા નથી. રમતમાં પણ તેઓ જીતવાનું પસંદ કરતા નથી.પોતાના નાના ભાઈની જીતને પોતાની જીત સમજે છે. રમતમાં પણ રામજીએ ભરતનું દિલ દુભવ્યું નથી. ત્યારે આપણે શું કરીએ છીએ? આજે તો ભાઈની મિલકત માટે કે પૈસા માટે એક બીજા પર દાવો કરે છે, કોર્ટે જાય છે,પણ જો મોટો ભાઈ રામ બને અને નાનો ભાઈ ભરત બને, તો આજે પણ રામરાજ્ય થાય. ભરતજી કૈકેયીન કહે છે, મા, મોટા ભાઈ સમર્થ છે, મને માન આપે છે. રામજીએ વાળ લીલામાં પણ મર્યાદાનો ભંગ કર્યો નથી. જેને પોતાના ભાઈમાં ઈશ્વર ન દેખાય તેને કોઈમાં શ્વર દેખાવાનો નથી. રામજીની બાળ લીલા સરળ છે.મા પાસે પણ તેઓ કાંઈ માગતા નથી.વો ભોળો રામ છે. રામજીએ માતાને કોઈ દિવસ પજવ્યાં નથી, પણ કનૈયો એથી જુદો છે. તૈયાએ વિચાર કર્યો કે, રામાવતારમાં મેં બહુ મર્યાદાનું પાલન કર્યું એટલે દુઃખી થયો. હવે કૃષ્ણાવતારમાં મર્યાદાનું પાલન નહીં કરું. કનૈયો માને પણ પજવે છે. કનૈયો તો માતાને કહે કે, તું મને ખોળામાં રમાડયા કર. મને છોડીને જઈશ નહીં. યશોદાને-બુદ્ધિને શ્રીકૃષ્ણ કહે છે, આખો દિવસ મને જ રમાડે, રામચંદ્રજીનો અવતાર અને મર્યાદા પુરુષોત્તમનો છે, શ્રીકૃષ્ણ અવતારએ પુષ્ટિ પુરુષોત્તમ છે. રામજીની લીલામાં મર્યાદા છે, શ્રી કૃષ્ણલીલામાં પ્રેમ છે. વાચક ચાહક મિત્રો,સૌને ઈશ્વરીય અવતારી માસ ચૈત્રની શુભ કામના આવતી કાલે ચૈત્ર સુદ તેરસ મહાવીર જયંતી ઉજવણી ધામધૂમથી કરવામાં આવશે.. અસ્તુ.. જય માતાજી.

# અલ્લુ અર્જુન અને એટલીની ફિલ્મમાંથી પ્રિયંકા ચોપરા આઉટ

**આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ડબલ રોલ ભજવશે, 'એસએસએમબી ૨૯' સાથે, પ્રિયંકા ૨૩ વર્ષના લાંબા ગાળા પછી તેલુગુ સિનેમામાં પરત ફરશે**





તાજેતરમાં એવી અફવાઓ હતી કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને એટલીની આગામી ફિલ્મમાં મુખ્ય ભૂમિકા ભજવશે, પરંતુ સૂત્રોએ તેને ખોટી ગણાવી છે. સુત્રોએ જણાવ્યું છે કે પ્રિયંકા ચોપરા અલ્લુ અર્જુન અને દિગ્દર્શક એટલીની આગામી ફિલ્મનો ભાગ નથીઆ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા એક સૂત્રએ પુષ્ટિ આપી હતી કે, "અલ્લુ અર્જુન અભિનીત અને એટલી દિગ્દર્શિત આ ફિલ્મ ખૂબ જ મોટા પાયે બનાવવામાં આવી રહી છે અને તેની ખૂબ જ અપેક્ષા છે. જ્યારથી આ પ્રોજેક્ટ જાહેર થયો છે, ત્યારથી તેની સાથે ઘણા નામો જોડાયેલા હોવાની અફવાઓ ચાલી રહી છે. પ્રિયંકા ચોપરાનું નામ પણ ચર્ચામાં રહ્યું છે, પરંતુ તે ક્યારેય આ ફિલ્મનો ભાગ રહી નથી. બધા અહેવાલો ફક્ત અટકળો છે."આ બહુપ્રતિક્ષિત ડ્રામા ફિલ્મમાં અલ્લુ અર્જુન સાથે કોણ જોડાય છે તે જોવું રોમાંચક રહેશે. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, આ ફિલ્મમાં અલ્લુ અર્જુન ડબલ રોલ ભજવશે, જ્યારે પહેલા એવી ચર્ચા હતી કે ફિલ્મમાં બે હીરો હશે. અલ્લુ અર્જુનની ટીમે પુષ્ટિ આપી છે કે અલ્લુ અર્જુન આ પ્રોજેક્ટમાં મુખ્ય ભૂમિકા ભજવશે. ફિલ્મનું નિર્માણ શરૂઆતના તબક્કામાં હોવાથી, ફિલ્મના કલાકારો, ક્રૂ અને વાર્તા વિશે વધુ વિગતો ગુપ્ત રાખવામાં આવી છે. અલ્લુ અર્જુન છેલ્લે 'પુષ્પા-૨'માં જોવા મળ્યો હતો, જે ખૂબ જ સફળ રહ્યો હતો અને તેણે બોક્સ ઓફિસના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. દરમિયાન, પ્રિયંકા ચોપરા હાલમાં એસએસ રાજામૌલીની ફિલ્મના શૂટિંગમાં વ્યસ્ત છે. તાજેતરમાં તે ઓડિશામાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહી હતી. તેની આગામી ફિલ્મમાં, તે પહેલી વાર મહેશ બાબુ સાથે સ્ક્રીન શેર કરતી જોવા મળશે. આ સાહસિક પ્રોજેક્ટમાં, મહેશ બાબુ ભગવાન હનુમાનથી પ્રેરિત ભૂમિકામાં જોવા મળશે. અહેવાલો અનુસાર, આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ ૯૦૦-૧૦૦૦ કરોડ રૂપિયાના વિશાળ બજેટમાં બનાવવામાં આવશે. આ બહુચર્ચિત ફિલ્મ બે ભાગમાં બને તેવી શક્યતા છે.તમને જણાવી દઈએ કે 'એસએસએમબી ૨૯' સાથે, પ્રિયંકા ૨૩ વર્ષના લાંબા ગાળા પછી તેલુગુ સિનેમામાં પરત ફરશે. તેમની છેલ્લી ટોલીવુડ ફિલ્મ પી રવિશંકરની ૨૦૦૨ માં આવેલી રોમેન્ટિક ફિલ્મ 'અપુરૂપમ' હતી.

## જયાનું આવું વર્તન ટીકાને પાત્ર બન્યું

# બોલિવૂડ અભિનેત્રી જયા બચ્ચને વધુ એકવાર તોછડાઈનું પ્રદર્શન કર્યું



**સફેદ સલવાર અને કમીઝ પહેરીને અને કાળા રંગનું પર્સ સાથે રાખીને, તેણી સ્વર્ગસ્થ અભિનેતા મનોજ કુમારની પ્રાર્થના સભામાં આવી હતી**

બોલિવૂડ અભિનેત્રી અને સાંસદ જયા બચ્ચનનો મૂડ ઘણીવાર ગરમ જોવા મળે છે. તે ઘણીવાર પોતાના વલણને કારણે હેડલાઈન્સમાં રહે છે. ક્યારેક તે લોકો પર ગુસ્સે થાય છે તો ક્યારેક તે કોઈને ઠપકો આપે છે. આ સમય દરમિયાન તે બિલકુલ વિચારતી નથી કે આ બધું જોયા પછી લોકો શું કહેશે. તેણી જે રીતે યોગ્ય લાગે છે તે રીતે પ્રતિક્રિયા આપે છે અને આ માટે તેણીની ટીકા થાય છે. હવે તેમનો એક વીડિયો સામે આવ્યો છે, જેના પર લોકો અલગ અલગ રીતે પ્રતિક્રિયા આપી રહ્યા છે.વાસ્તવમાં, અભિનેતા મનોજ કુમારનું ૮૭ વર્ષની વયે ૪ એપ્રિલના રોજ સવારે ૩:૩૦ વાગ્યે અવસાન થયું. ૫ એપ્રિલના રોજ, તેમના અંતિમ સંસ્કાર તેમના પુત્રોએ સંપૂર્ણ વિધિ અને ધાર્મિક વિધિઓ સાથે કર્યા. હવે ૬ઠ્ઠી તારીખે પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં ઘણા બોલિવૂડ સ્ટાર્સ પ હોંચ્યા હતા. ઉદિત નારાયણ, જોની લીવર, આશા પારેખ, રાકેશ રોશન, રંજીત, આમિર ખાન, પ્રેમ ચોપરા, પદ્મિની કોલ્હાપુરી, સોનુ નિગમ જેવી હસ્તીઓ જોવા મળી હતી.હવે આ પ્રસંગે જયા બચ્ચન પણ પહોંચી ગયા. સફેદ સલવાર-કમીઝ પહેરીને અને કાળા રંગનું પર્સ સાથે રાખીને , તે સ્વર્ગસ્થ અભિનેતા મનોજ કુમારની પ્રાર્થના સભામાં આવી હતી. આ સમય દરમિયાન, જ્યારે તે ઉભી હતી, ત્યારે એક મહિલાએ તેની પીઠ થપથપાવી. તે આશ્ચર્યચકિત થઈને તેમની તરફ ફરી અને તેમને જોતાંની સાથે જ તેણે તે સ્ત્રીનો હાથ પકડીને જોરથી હલાવ્યો. અને તેણે મહિલાના પતિને પણ ઠપકો આપ્યો, જે વીડિયો બનાવી રહ્યો હતો. જે પ છી બંનેએ હાથ જોડીને હેલો કહ્યું પરંતુ અભિનેત્રીએ કંઈક એવું કહ્યું જેનાથી બંને ત્યાંથી ચાલ્યા ગયા. જયાનું આવું વર્તન ટીકાને

## તાજેતરમાં તેમના નવા કામચલાઉ નિવાસસ્થાનમાં જોવા મળ્યો હતો

# શાહરૂખે મન્નત બંગલો છોડ્યો, પરિવાર સાથે પાલી હિલના ફ્લેટમાં શિફ્ટ થયો



બોલીવુડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને તેના પરિવારે તેમના પ્રતિષ્ઠિત ઘર, મન્નતને અસ્થાયી રૂપે વિદાય આપી છે, કારણ કે તેનું નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરમાં, તેઓ બાંદ્રાના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા, જ્યાં તેઓ લગભગ બે વર્ષ રહેશે. શાહરૂખ, તેની પત્ની ગૌરી ખાન અને પુત્રી સુહાના ખાન સાથે, તાજેતરમાં તેમના નવા કામચલાઉ નિવાસસ્થાનમાં જોવા મળ્યો હતો. પરિવારના ઘરનું હાલમાં નવીનીકરણ ચાલી રહ્યું છે. તાજેતરના વિડિઓમાં શાહરૂખ, તેની પત્ની ગૌરી અને પુત્રી સુહાના તેમની કારમાંથી બહાર નીકળીને એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં પ્રવેશતા જોવા મળ્યા હતા. સુહાના તેજસ્વી પીળા રંગના પોશાક પહેરેલી જોવા મળી હતી, જ્યારે શાહરૂખે કડક સફેદ શર્ટ પહેરીને સાદગી રાખી હતી. આખા પરિવારને એકસાથે જોઈને ચાહકોમાં ઉત્સાહ ફેલાયો હતો. શાહરૂખ, પત્ની ગૌરી અને બાળકો - આર્યન, સુહાના અને અબરામ - બાંદ્રાના નજીકના પાલી હિલ વિસ્તારમાં એક વૈભવી એપાર્ટમેન્ટ બિલ્ડિંગના ચાર માળમાં સ્થળાંતરિત થયા છે. એક અહેવાલ મુજબ, શાહરૂખે આ માળ ફિલ્મ નિર્માતા વાશુ ભગનાની પાસેથી ભાડે લીધા છે. શાહરૂખની રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટે ભગનાનીના અભિનેતા પુત્ર, જેકી ભગનાની અને તેમની પુત્રી, દીપશિકા દેશમુખ સાથે રજા અને લાઈસન્સ કરાર કર્યો છે, જેઓ પૂજા કાસા નામની મિલકતના સહ-માલિક છે.સૂત્રોએ જણાવ્યું હતું કે મન્નતમાં નવીનીકરણનું કામ મે મહિનામાં શરૂ થવાનું હતું. આમાં બંગલાના લાંબા સમયથી પ્રસ્તાવિત વિસ્તરણનો સમાવેશ થાય છે, જેના માટે શાહરૂખે કોર્ટની પરવાનગી મેળવવી પડી હતી. મન્નત ગ્રેડ ૩ હેરિટેજ માળખું છે, અને કોઈપણ માળખાકીય ફેરફાર યોગ્ય પરવાનગી મેળવ્યા પછી જ થઈ શકે છે.

# અભિનેતા બોબી દેઓલ અને રાઘવ જુયાલ નવા જ અવતારમાં દેખાશે



**આશ્રમ શ્રેણીમાં નકારાત્મક ભૂમિકાઓ ભજવીને પોતાના ચાહકોમાં એક અલગ છબી બનાવી છે**

શાહરૂખ ખાનના પુત્ર આર્યન ખાનની ડેબ્યૂ સિરીઝ 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ'માં બોબી દેઓલ રાઘવ જુયાલ નવા અવતારમાં જોવા મળશે. આર્યન તેની પહેલી વેબ સિરીઝ દ્વારા દિગ્દર્શનમાં ડેબ્યૂ કરવા જઈ રહ્યો છે. આર્યન ખાનની પહેલી શ્રેણી 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' આ વર્ષે નેટફિલક્સ પર રિલીઝ થવા જઈ રહી છે. શ્રેણીની સ્ટારકાસ્ટને લઈને દર્શકોમાં ઘણો ઉત્સાહ છે. એવા અહેવાલો છે કે આ શ્રેણીમાં બોબી દેઓલ અને રાઘવ જુયાલ જોવા મળશે.બોબી દેઓલે એનિમલ, કાંગુવા અને આશ્રમ શ્રેણીમાં નકારાત્મક ભૂમિકાઓ ભજવીને પોતાના ચાહકોમાં એક અલગ છબી બનાવી છે. જ્યારે રાઘવ જુયાલ કિલ અને સિદ્ધાંત ચતુર્વેદીની ફિલ્મ યુદ્ધમાં વિલનની ભૂમિકામાં જોવા મળ્યો હતો. હવે, 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' માં બંનેને સાથે જોવું એ ચાહકો માટે બેવડા આશ્ચર્યથી ઓછું નહીં હોય. પરંતુ ખાસ વાત એ છે કે આ શ્રેણીમાં બંને સ્ટાર્સની ભૂમિકા અલગ અલગ હશે.એક અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, 'બોબી અને રાઘવને અલગ રીતે કાસ્ટ કરવા એ એક જાણી જોઈને બનાવેલો સર્જનાત્મક નિર્ણય છે.' તાજેતરના સમયમાં, બંનેએ ગંભીર, શક્તિશાળી ખલનાયકોની ભૂમિકા ભજવીને ખ્યાતિ મેળવી છે, તેથી તેમને સંપૂર્ણપણે નવા અવતારમાં જોવું એ દર્શકો માટે એક તાજગીભર્યો ફેરફાર હશે. તેમની કેમેસ્ટ્રી અદ્ભુત છે અને આર્યન તેના એક એવા પાસાને બહાર લાવ્યો છે જે પહેલાં ક્યારેય જોવા મળ્યો નથી. આ એક સાહસિક પગલું છે જે મોટા પાયે ફાયદાકારક સાબિત થવાનું છે.નેટફિલક્સે આર્યન ખાનની દિગ્દર્શિત ડેબ્યૂ શ્રેણી 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' ની ઝલક બતાવી હતી. ઓટીટી પ્લેટફોર્મે ૨૦૨૫ માં જ આ શ્રેણીના રિલીઝ વિશે માહિતી આપી હતી, જોકે શ્રેણીની રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પિંકવિલાના રિપોર્ટ અનુસાર, 'ધ બેડ્સ ઓફ બોલિવૂડ' જૂન ૨૦૨૫ ના પહેલા અઠવાડિયામાં નેટફિલક્સ પર સ્ટ્રીમ થઈ શકે છે.

# સનીને હવે ઓટીટી પ્રોજેક્ટ્સમાં રસ જાગ્યો

**સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે**



એક તરફ, સની દેઓલ ફિલ્મ જાટ માટે સમાચારમાં છે. હવે તેણે તેના આગામી ઓટીટી પ્રોજેક્ટ્સ વિશે વાત કરી છે. સની દેઓલ આ દિવસોમાં ફિલ્મ જાટને લઈને સમાચારમાં છે. આ ફિલ્મ ૧૦ એપ્રિલના રોજ રિલીઝ થવાની છે. સની દેઓલ પૂરા જોશથી ફિલ્મનું પ્રમોશન કરી રહ્યો છે. સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે સની દેઓલે કહ્યું, 'હું ઓટીટી માટે ઘણા પ્રોજેક્ટ્સ કરી રહ્યો છું. તે પ્રોજેક્ટ્સ રૂપેરી પડદા માટે નથી. કારણ કે ત્યાંના પ્રેક્ષકો અલગ છે. તેથી ઓટીટી પર જવું સારું છે. લોકોએ તમારી ફિલ્મો જુદા જુદા પ્લેટફોર્મ પર જોતા રહેવું જોઈએ.સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે. કારણ કે તે લોકોને વિવિધ જાતો આપી રહ્યું છે અને તમે કોઈ પણ વસ્તુથી બંધાયેલા નથી. સની દેઓલે કહ્યું કે ઓટીટી પ્લેટફોર્મ્સે તેમને આવનારી પેઢીમાં સુસંગત રહેવામાં મદદ કરી છે. જે લોકો તેમની ફિલ્મો મોટા પડદા પર નથી જોતા, તેઓ તેમને સ્ટ્રીમિંગ પ્લેટફોર્મ પર જુએ છે.સની દેઓલે જાટ વિશે વાત કરી. તેમણે કહ્યું કે તેઓ પહેલી વાર દક્ષિણના કોઈ દિગ્દર્શક સાથે કામ કરી રહ્યા છે. તેને ખૂબ જ સારો અનુભવ થયો. સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે સની દેઓલે વધુમાં કહ્યું કે ઓટીટી એ કલાકારો અને દિગ્દર્શકો માટે એક રસપ્રદ માધ્યમ છે સની દેઓલના આગામી પ્રોજેક્ટ્સ વિશે વાત કરીએ તો, જાટ પછી, તે લાહોર ૧૯૪૭ માં જોવા મળશે. આમિર ખાન આ ફિલ્મનું નિર્માણ કરી રહ્યા છે. આ ફિલ્મમાં સની દેઓલની સામે પ્રીતિ ઝિન્ટા છે. સની દેઓલ બોર્ડર ૨ માં પણ જોવા મળશે. આ ૧૯૯૭ ની ફિલ્મની સિક્વલ છે. આ ફિલ્મમાં વરુણ ધવન અને અહાન શેટ્ટી છે. આ ઉપરાંત તે રામાયણમાં પણ જોવા મળશે. આ ફિલ્મમાં તે હનુમાનની ભૂમિકામાં જોવા મળશે.

## શ્રેયાના એક્સ પર ૬૯ લાખ ફોલોઅર્સ

# શ્રેયાનું એક્સ એકાઉન્ટ બે મહિના બાદ રિસ્ટોર કરાયું

સિંગર શ્રેયા ઘોષાલનું બે મહિના પહેલાં હેક થઈ ગયેલું એક્સ એકાઉન્ટ આખરે રિસ્ટોર થઈ ગયું છે. શ્રેયાએ પોતાને આ એકાઉન્ટ પાછું મળ્યું હોવાની પોસ્ટ મૂકી ખુશી વ્યક્ત કરી હતી. સાથે સાથે તેણે ચાહકોને વચન આપ્યું હતું કે પોતે હવે અગાઉ કરતાં વધારે સક્રિય રહેશે. એક્સ પર શ્રેયા ૬૯ લાખ ફોલોઅર્સ ધરાવે છે. જોકે, હજુ પણ શ્રેયા વિશે વિચિત્ર લેખો, એઆઈ જનરેટેડ ઈમેજ સાથે સ્પામ લિંક્સ યથાવત શ્રેયાના જણાવ્યા અનુસાર હજુ પણ એક્સ પ્લેટફોર્મ પર તેના વિશે વિચિત્ર લખાણ ધરાવતા લેખો, એઆઈ જનરેટેડ ઈમેજીસ વગેરે સાથેની સ્પામ લિંક્સ એડ સ્વરુપે મૂકાઈ રહી છે. પોતે આ અંગે એક્સ સાથે ફોલો અપ કરી રહી છે. એક્સ દ્વારા જાહેરખબર સ્વરુપે આવી લિંક્સને પ્રમોટ કરાય છે પરંતુ તેનાથી લોકો ફસાઈ શકે છે. તેણે આશા વ્યક્ત કરી છે કે એક્સ દ્વારા આ લિંક્સ દૂર કરવા માટે પગલાં લેવામાં આવશે. શ્રેયાએ થોડા સમય અગાઉ જણાવ્યું હતું કે તેનું એક્સ એકાઉન્ટ હેક થઈ ગયા બાદ તેને એક્સ પ્લેટફોર્મ તરફથી મદદ મળી રહી નથી. તેને માત્ર ઓટો જનરેટેડ જવાબો જ મળે છે. એકાઉન્ટ રિસ્ટોર થયાની જાહેરાત કરતી વખતે પણ તેણે લખ્યું હતું કે પોતાને આ એકાઉન્ટ પાછું મેળવવામાં ભારે સંઘર્ષ વેઠવો પડયો છે.

# શ્રીલીલાને ભીડમાં એક વ્યક્તિએ હાથ પકડીને ખેચતા અભિનેત્રી થથરી ગઈ

**બીજી તરફ ચાહકોએ કાર્તિક પર પણ ગુસ્સો વ્યક્ત કર્યો અને અવગણવા બદલ તેની મજાક ઉડાવી**





તાજેતરમાં શ્રીલીલા સાથે એવી ઘટના બની કે તે ખૂબ જ ગભરાઈ ગઈ. તેમની સાથે કાર્તિક આર્યન પણ હતો, જે શ્રીલીલાની આગળ ચાલી રહ્યો હતો. પણ શ્રીલીલાનું શું થયું તે તે જાણી શક્યો નહીં. પરંતુ અભિનેત્રીની ટીમ તરત જ એક્શનમાં આવી અને તેને બચાવી લીધી. હકીકતમાં, તાજેતરમાં કેટલાક લોકોએ શ્રીલીલાને પકડી લીધી અને ભીડમાં ખેંચી લીધી. તેનો વીડિયો પણ સામે આવ્યો છે, જે વાયરલ થઈ રહ્યો છે.એ વાત જાણીતી છે કે અભિનેત્રી શ્રીલીલા હાલમાં કાર્તિક આર્યન સાથે એક ફિલ્મનું શૂટિંગ કરી રહી છે, જેનું નામ હજુ નક્કી થયું નથી. પાપારાઝીએ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં શ્રીલીલા અને કાર્તિક આર્યન તેમની ટીમ સાથે ફરતા જોવા મળે છે. આસપાસ લોકોની ભીડ છે.ભીડમાંથી કોઈએ શ્રીલીલા ખેંચી, જો કે કાર્તિક આર્યન ધ્યાન ન આપી રહ્યો હતો પછી ભીડમાંથી કોઈએ શ્રીલીલાનો હાથ પકડીને પોતાની તરફ ખેંચી લીધો. પરંતુ જ્યારે આ ઘટના બની ત્યારે કાર્તિક આર્યનનું ધ્યાન બીજે ક્યાંક હતું. પરંતુ પરિસ્થિતિ વધુ ખરાબ થાય તે પહેલાં, શ્રીલીલાની ટીમે તેમને પાછળ ખેંચી લીધા અને ઘેરી લીધા. શ્રીલીલા ખૂબ ડરી ગઈ હતી, પણ પછી તે થોડું હસતી અને ગભરાયેલી દેખાતી હતી.જો કે થોડીવાર માં જ બાજી સંભાળી લેવામાં આવી હતી. તો બીજી તરફ ચાહકોએ કાર્તિક આર્યન પર પણ ગુસ્સો વ્યક્ત કર્યો હતો અને અવગણવા બદલ તેની મજાક ઉડાવી.

# સાઉથના સ્ટાર મિર્ઝા અલીની કામ માટે સ્ટ્રગલ

**સ્ટાર મિર્ઝા અબ્બાસ અલીએ દેવું ચૂકવવા માટે બધા ફ્લેટ અને જમીન વેચ્યા**



**૨૦૦૦થી ૨૦૦૬ની વચ્ચે, તેમણે જબરદસ્ત સ્ટારડમનો અનુભવ કર્યો અને ઘણી હિટ ફિલ્મો આપી**

સાઉથના સ્ટાર મિર્ઝા અબ્બાસ અલી આજકાલ કામ માટે ખુબ સ્ટ્રગલ કરી રહ્યો છે. ઐશ્વર્યા અને તબ્બુ સહિત ઘણી અભિનેત્રીઓ સાથે કામ કર્યું. તે કમલ હાસન અને મામૂટી જેવા સ્ટાર્સ સાથે પણ જોવા મળ્યો હતો. ૨૦૦૦ થી ૨૦૦૬ ની વચ્ચે, તેમણે જબરદસ્ત સ્ટારડમનો અનુભવ કર્યો અને ઘણી હિટ ફિલ્મો આપી, પરંતુ અચાનક તેમની કારકિર્દી એટલી હદે નીચે આવી ગઈ કે તેમણે ટોઈલેટ ક્લીનર તરીકે કામ કરવાનું શરૂ કર્યું.અભિનેતા મિર્ઝા અબ્બાસ અલી, જે હવે ફક્ત અબ્બાસના નામથી પ્રખ્યાત છે. મિર્ઝા અબ્બાસે લગભગ બે દાયકા સુધી ફિલ્મ ઉદ્યોગમાં કામ કર્યું. આ સમય દરમિયાન, તે કમલ હાસન અને શાહરૂખ ખાન સાથે ફિલ્મ 'હે રામ'માં પણ જોવા મળ્યો હતો.મિર્ઝા અબ્બાસ અલીએ ૧૯૯૬માં તમિલ ફિલ્મ કધલ દેશમથી અભિનયની શરૂઆત કરી હતી, જેમાં તબ્બુ અને વિનીત જેવા પ્રખ્યાત સ્ટાર્સ હતા. આ ફિલ્મ સુપરહિટ રહી અને મિર્ઝા અબ્બાસ રાતોરાત તેલુગુ ફિલ્મ ઉદ્યોગમાં પ્રખ્યાત થઈ ગયા. આ પછી તેમણે તેલુગુ સિનેમામાં પણ પ્રવેશ કર્યો. પહેલી તેલુગુ ફિલ્મ પોતે જ હિટ રહી હતી. મિર્ઝા અબ્બાસ અલીએ મલયાલમ ફિલ્મ ઉદ્યોગમાં પણ પોતાની ઓળખ બનાવી. થોડા જ સમયમાં, મિર્ઝા અબ્બાસની ગણતરી દક્ષિણના ટોચના અને લોકપ્રિય સ્ટાર્સમાં થવા લાગી.પરંતુ થોડા વર્ષો પછી, મિર્ઝા અબ્બાસની ફિલ્મો બોક્સ ઓફિસ પર નિષ્ફળ જવા લાગી. સતત ફ્લોપ ફિલ્મો પછી, ફિલ્મ નિર્માતાઓએ મિર્ઝા અબ્બાસ સાથે કામ કરવાનું બંધ કરી દીધું. તે દરમિયાન તેમણે વ્યવસાય કરવાનું વિચાર્યું. દુબઈમાં મિલકત ખરીદતી વખતે મિર્ઝા અબ્બાસના પૈસા ખોવાઈ ગયા. તેમણે લોકોના દેવા ચૂકવવા માટે ઘણા નિર્માતાઓ પાસેથી પૈસા લીધા. પોતાના બિલ ચૂકવવા માટે, તેણે મફતમાં ફિલ્મોમાં નાના રોલ કરવાનું શરૂ કર્યું.૨૦૦૬ થી, મિર્ઝા અબ્બાસ અલીને તેમની કોઈપણ ફિલ્મ માટે એક પણ રૂપિયો મળ્યો નથી. પરિણામે મિર્ઝા અબ્બાસ અલીને આર્થિક તંગીનો સામનો કરવો પડ્યો. અબ્બાસ પર મોટું દેવું હતું, જેને ચૂકવવા માટે તેણે પોતાના બધા ફ્લેટ અને કોયમ્બેડુમાં આવેલી પોતાની જમીન પણ વેચવી પડી. ત્યારબાદ મિર્ઝા અબ્બાસ અલી ન્યુઝીલેન્ડ ગયા. તે ઓકલેન્ડમાં ટેક્સી ડ્રાઈવર બન્યો, અને ક્યારેક મિકેનિક તરીકે પણ કામ કરતો.

### ભારતની સૌરઉર્જા લક્ષ્યપૂર્તિમાં મહત્વપૂર્ણ યોગદાન

# PMSG મફત વિજળી યોજનામાં અદાણી સોલર ટોચનું સપ્લાયર

। અમદાવાદ, તા.૮ ।

દેશની સૌરઉર્જા વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપવામાં અદાણી જૂથ મોખરે રહ્યું છે. પીએમ સૂર્ય ઘરઃ મુફ્ત બિજલી યોજના (PMSG: MBY) હેઠળ અદાણી સોલાર ટોચના સપ્લાયર તરીકે ઉભરી આવ્યું છે. અદાણી સોલાર દેશભરમાં સૌર રૂફટોપ માટે જરૂરી સૌર મોડ્યુલના ૫૪ ટકા પૂરા પાડે છે. FY25 માં સૌર ઉર્જા ક્ષેત્રે લગભગ ૨૧ ૪ઉ નો ઉછાળો નોંધાયો છે. ભારતે સ્થાપિત સૌર ક્ષમતાના 100 GW ને વટાવી દીધો છે.




ફેબ્રુઆરી ૨૦૨૪ માં અદાણી સોલારે ૩૫ વિશિષ્ટ ચેનલ ભાગીદારોના રિટેલ નેટવર્ક દ્વારા 1.78 GW (ગીગાવોટ) સ્થાનિક ઉત્પાદિત (DCR) સૌર મોડ્યુલ પૂરા પાડ્યા છે. જેનાથી ભારતમાં તેની સૌથી મોટી રિટેલ ફૂટપ્રિન્ટ ઉભી થઈ છે. નાણાકીય વર્ષ ૨૦૨૫ માં અદાણી સોલાર દ્વારા ૫.૯૪ લાખ ઘરોમાં સોલાર રૂફટોપ સ્થાપન થયા છે. ૨૦૩૦ સુધીમાં તે ભારતના 280 GW ની સૌર ઉર્જા લક્ષ્યપૂર્તિ માટે મહત્વપૂર્ણ યોગદાન છે. અદાણી સોલાર નાણાકીય વર્ષ-૨૬ માં ૩૦ લાખ ઘરોને સૌર ઉર્જા આપવાના લક્ષ્ય સાથે દેશમાં સોલાર રૂફટોપ સ્થાપન માટે જરૂરી કુલ 9 GW DCR સૌર મોડ્યુલમાંથી ૫૦ ટકા સપ્લાય કરવાની અપેક્ષા રાખે છે. કંપની ગુજરાતના મુન્દ્રા ખાતે સ્વદેશી રીતે સોલાર મોડ્યુલ, સેલ, ઈંગોટ્સ અને વેફર્સ તેમજ સોલાર ગ્લાસ, ઈવીએ બેકશીટ વગેરે જેવા સોલાર આનુષંગિક પદાર્થોનું ઉત્પાદન કરે છે.

PMSG: MBY યોજના સોલાર રૂફટોપ સિસ્ટમ ઈન્સ્ટોલ કરનારા પરિવારોને સબસિડી આપે છે. જેમાં 1 kW માટે ૩૦,૦૦૦, 2kW માટે ૬૦,૦૦૦ અને 3 kW સોલાર ઈન્સ્ટોલેશન માટે ૭૮,૦૦૦ સુધીની છે. માર્ચ ૨૦૨૭ સુધીમાં ૧૦ મિલિયન ઘરો લાવવાના લક્ષ્ય સાથે આ યોજનામાં અત્યાર સુધીમાં સૌથી વધુ યોગદાન અદાણી સોલાર 1.78 GW, ત્યારબાદ વારી એનSo 0.59 GW, પ્રીમિયર 0.50 GW, વિક્રમ સોલાર 0.33 GW અને અન્ય 0.10 GW નું રહ્યું છે.

ઉર્જા મંત્રાલય અનુસાર, PMSG: MBY એ ૧૦ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૧૦ લાખ ઘરોને સૌર ઉર્જાથી સંચાલિત કરીને એક ઐતિહાસિક સીમાચિહ્ન હાંસલ કર્યું છે. તેની શરૂઆતના એક વર્ષમાં આ યોજનાથી ૬.૯૮ લાખ લાભાર્થીઓને કેન્દ્રીય નાણાકીય સહાય તરીકે ૫,૪૩૭.૨૦ કરોડનું વિતરણ કરી ચૂકી છે.

PMSG: MBY લેનારા રાજ્યોમાં સૌથી મોખરે ગુજરાત અને મહારાષ્ટ્ર છે. જેમાં ગુજરાતમાં ચાર લાખથી વધુ ઘરો અને મહારાષ્ટ્રમાં બે લાખ પરિવારોએ આ યોજના હેઠળ છત પર સોલાર સિસ્ટમ સ્થાપિત કરી છે. ઉત્તર પ્રદેશ, કેરળ, રાજસ્થાન, તમિલનાડુ અને મધ્ય પ્રદેશ સહિત અન્ય રાજ્યોમાં પણ ધીમે ધીમે વૃદ્ધિ જોવા મળી રહી છે.

PMSG: MBY રહેણાંક ગ્રાહકોના વીજળી બિલમાં ઘટાડો કરે છે. એક અંદાજ મુજબ આ યોજના હેઠળ સોલાર રૂફટોપ પ્લાન્ટ લગાવ્યા બાદ લગભગ ૪૫ ટકા રહેણાંક ગ્રાહકોનું વીજળી બિલ શૂન્ય થઈ ચૂક્યું છે.

# અગ્નિસ્ત્ર પ્રાકૃતિક ખેતી માટે જીવાત નિયંત્રણ માટે અક્ષય ઉપાય

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।

અગ્નિસ્ત્ર એ કુદરતી રીતે જીવાત નિયંત્રણ માટે ખૂબ જ સારું દ્રાવણ છે, જેનો ઉપયોગ પ્રાકૃતિક ખેતીમાં જંતુનાશક તરીકે થાય છે. પ્રાકૃતિક ખેતી પદ્ધતિમાં તમામ પ્રકારની જંતુનાશકો અને ખાતરો ઘરે જ બનાવવામાં આવે છે. જેમાં અગ્નિસ્ત્ર નામનું દ્રાવણ ખૂબજ અસરકારક છે. પ્રાકૃતિક ખેતીએ આત્મનિર્ભર ભારત બનાવવાના અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ છે ,કારણ કે સમગ્ર ભારતમાં લોકોનો એક મોટો વર્ગ ખેતી સાથે સંકળાયેલો છે ,અને જ્યાં સુધી ખેડૂત આત્મનિર્ભર નહીં બને ત્યાં સુધી આખો દેશ આત્મનિર્ભર બની શકશે નહીં. પાકમાં રાસાયણિક જંતુનાશકોનો ઉપયોગ ઘટાડવો અને કુદરતી દ્રાવણનો ઉપયોગ કરવાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારા સાથે જનહિતના આરોગ્યની પણ સાચવણી થાય છે..

**અગ્નિસ્ત્ર દ્રાવણ માટે જરૂરી વસ્તુઓ**

અગ્નિસ્ત્ર દ્રાવણ માટે ૨૦ લિટર દેશી ગાયનું મુત્ર,૫૦૦ ગ્રામ તીખા લીલા મરચાંની ચટણી,૫૦૦ ગ્રામ લસણની ચટણી,૦૧ કિલો ગ્રામ તંબાકુનો પાવડર અને ૦૫ કિલોગ્રામ લીંબડાના પાનની ચટણીનો ઉપયોગ થાય છે. અગ્નિસ્ત્ર બનાવવાના મુખ્ય વસ્તુઓ ખેડૂત ભાઈઓના ઘરે સરળતાથી ઉપલબ્ધ હોય છે.

**અગ્નિસ્ત્ર બનાવવાની રીત**

અગ્નિસ્ત્ર બનાવવા માટે ૨૦ લિટર દેશી ગાયનું ગૌ મુત્ર લેવુ જેમાં ૫૦૦ ગ્રામ તીખા લીલા મરચાંની ચટણી,૫૦૦ ગ્રામ લસણની ચટણી,૦૫ કિલોગ્રામ લીંબડાના પાનની ચટણી અને ૦૧ કિલોગ્રામ તંબાકુના પાવડરની ચટણી ઉમેરી તેનું મિશ્રણ કરવાનું હોય છે.

આ મિશ્રણને લાકડી વડે બરાબર હલાવી ચારથી પાંચ ઉભરા આવે ત્યાં સુધી ગરમ કરવાનું હોય છે. આ ગરમ કરેલ મિશ્રણને ૪૮ કલાક સુધી ઠંડુ પાડી તેને કાપડ વડે ગાળીને પાત્રમાં સંગ્રહ કરી લેવાનું હોય છે આ સંગ્રહ કરેલું મિશ્રણ-દ્રાવણ એટલે અગ્નિસ્ત્ર

**અગ્નિઅસ્ત્ર દ્રાવણનો ઉપયોગ કરવાની પદ્ધતિ**

અગ્નિસ્ત્ર દ્રાવણનો ઉપયોગ મોટાભાગે પાક અને છોડના રસ ચૂસતા જંતુઓ, નાની ઈયળો અને મોટી ઈયળોના નિયંત્રણ માટે થાય છે. અગ્નિસ્ત્ર દ્રાવણ વૃક્ષ ડાળીમાં રહેતા જંતુ, ફૂલમાં રહેતા જંતુ, ફાળોમાં રહેતા જંતુ, કપાસના જંતુ તેમજ તમામ પ્રકારના મોટા જંતુઓ અને ઈયળના નિયંત્રણ માટે ઉપયોગી દ્રાવણ છે.

આ દ્રાવણને ૧૦૦ લિટર પાણીમાં ૦૨ થી ૦૨.૫૦.લિટર અગ્નિસ્ત્ર ભેળવીને પાક પર છંટકાવ કરી શકાય છે. આ બનાવેલ અગ્નિસ્ત્ર ૦૩ મહિના સુધી સંગ્રહી શકાય છે

# નવી સિવિલ કેમ્પસ ખાતે નિર્માણાધીન લાયન્સ કેન્સર હોસ્પિટલની મુલાકાત લેતા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ

। (માહિતી) સુરત, તા.૮ ।



નવી સિવિલ હોસ્પિટલ કેમ્પસ ખાતે નિર્માણાધીન લાયન્સ કેન્સર હોસ્પિટલની આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલે મુલાકાત લીધી હતી. તેમની સાથે સરકારી મેડિકલ કોલેજના ડીન ડો. જયેશ બ્રહ્મભટ્ટ, તબીબી અધીક્ષક ડો. ધારિત્રી પરમાર, ટી.બી એન્ડ ચેસ્ટ વિભાગના વડા ડો.પારૂલ વડગામા, આર.એમ.ઓ. ડો.કેતન નાયક, નર્સિંગ કાઉન્સિલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, લાયન્સ કેન્સર સેન્ટરના ચેરમેન અશોકભાઈ કાનુંગો, સેક્રેટરી અશોકભાઈ મહેતા, P.I.Uના અધિકારીઓ, લાયન્સ કેન્સર વિભાગના તબીબો જોડાયા હતા.

# ઝાલોદ નગરના નાગરિકો દ્વારા લેન્ડગ્રેબીંગ કરનાર વ્યક્તિ વિરુદ્ધ કાર્યવાહી કરવા અંગે માંગ કરાઈ

## ખોડિયાર માતાના મંદિર પાસે દબાણોમા વધારો થતાં હિન્દુ સંગઠનોમા રોષ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ઝાલોદ નગરમાં ખોડિયાર માતાજીનું મંદિર આવેલું છે. આ મંદિર પર નગરના નાગરિકોને અતૂટ શ્રદ્ધા છે. હાલ નગરમાં માતાજીનું મોટું પર્વ નવરાત્રી પુરી થયેલ છે. નવરાત્રી દરમ્યાન ભાવિક ભક્તો અહીંયા દર્શન કરવા આવ્યા ત્યારે તેઓને મંદિરની આજુબાજુ વધતા દબાણ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અગાઉ પણ આ વિસ્તારમાં દબાણ અંગે મૌખિક અને લેખિત રજૂઆત કરવામાં આવેલ હતી પરંતુ આ અંગે તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવેલ નથી.

તારીખ ૦૮-૦૪-૨૦૨૫ મંગળવારના રોજ ઝાલોદ નગરના જાગૃત નાગરિકો દ્વારા લેન્ડગ્રેબીંગ અંગે લેખિત રજૂઆત કરેલ છે. આ લેખીત રજુઆત મુજબ ઝાલોદ નગરના તળાવની પાળ નીચે ખોડિયાર માતાના મંદિરે આવવા જવાનો રસ્તો આવેલ છે. આ રસ્તાની બંને બાજુએ પાકું બાંધકામ કરી દબાણ કરેલ છે. જેથી મંદિરે આવવા જવાનો જે રસ્તો પહોળો હતો તે હવે સાંકડો રસ્તો બની ગયેલ છે જેથી દર્શન કરવા આવનાર માઈ ભક્તોને હાલાકી ભોગવવી પડે છે. ગુજરાત સરકાર હાલ મંદિરની આજુબાજુ થતાં દબાણો અંગે કામગીરી કરી રહેલ છે તે અન્વયે ઝાલોદ તંત્ર પણ આ અંગે સફાળે જાગી કાર્યવાહી કરે તેવું નગરજનો ઈચ્છી રહેલ છે.

ખોડિયાર માતાના મંદિરની જમણી બાજુએ શૌકત શા કુતુબ શા દીવાન નામના માથાભારે શખ્સ દ્વારા નગરપાલિકાના નકશામાં પણ સુધારો કરી મારી જગ્યા છે તેમ જણાવી ખોડિયાર માતાના મંદિરે જવાના રસ્તા પર પતરાની આડાશો ઉભી કરી દબાણ કરેલ છે. જેથી ખોડિયાર માતાના મંદિરે જવાના તમામ રસ્તાની આજુબાજુના તમામ દબાણો ગેરકાયદેસર છે જેને દૂર કરવા નગરના હિન્દુ આગેવાનો દ્વારા લેખિત રજૂઆત મામલતદારને કરવામાં આવેલ છે.

ઝાલોદ નગરના જાગૃત નાગરિક ભરત શ્રીમાળીના કહેવા મુજબ ઝાલોદ નગરના કેટ-લાક ભૂમાફીયાઓ જ્યાં જ્યાં હિન્દુ સમાજના મંદિરો હોય અથવા હિન્દુ સમાજના મકાનો હોય ત્યાં ખોટી રીતે દબાણ કરવાની માનસિકતા ધરાવતા હોય છે. તેમજ કેટલાક લોકો ખુલીને નથી કહેતા કે બહાર આવીને નથી કહેતા પણ તેઓના માનવા મુજબ સરકારી રેકોર્ડ તેમજ નકલોમા છેડછાડ કરી જમીનો ડરાવી ધમકાવી છીનવી લેતા હોય છે. તેમજ ઝાલોદ રામસાગર તળાવની પાળ પર પાળ સાથે છેડછાડ કરી અમુક લોકોએ પાકા બાંધકામ ઉભા કરી દીધેલ છે. તેથી ઝાલોદ નગરના જાગૃત નાગરિક ભરતભાઈ દ્વારા સાચી અને ન્યાયિક પ્રક્રિયા કરી સાચા રેકોર્ડનો ઉપયોગ કરી દબાણો દૂર કરવા માંગણી કરેલ હતી.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ દ્વારા ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા

## માર્ચ મહિનામાં ૧૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોએ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કર્યો

। (માહિતી) અમદાવાદ, તા.૮ ।



અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના અરણેજ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનના ઉપયોગને લઈને જાગૃતિ કાર્યક્રમ તથા નિદર્શનો યોજાયા હતા. આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અરણેજ ખાતે કુલપતિ શ્રી ડો. કે.બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ એગ્રી.ડ્રોન પ્રોજેક્ટ અંડર સબમિશન ઓન એગ્રીકલ્ચર મિકેનિઝેશન યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લાના ખેડૂતો માટે ખેતીમાં ડ્રોનથી છંટકાવના પ્રત્યક્ષ નિદર્શનનું આયોજન કરવામાં આવતું હોય છે.

માર્ચ મહિના દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યક્ષેત્રમાં આવતા કુલ ૧૫ ગામોના ૧૫ જેટલા પ્રગતિશીલ ખેડૂતોની પસંદગી કરવામાં આવી કે જેઓ પોતાના ખેતરમાં ડ્રોન દ્વારા છંટકાવ કરવા સંમત થયા હતા. આ ખેડૂતોએ ખેતરમાં વિવિધ પાકો જેવા કે સુવા, ડાંગર, જીરું, ચણા તેમજ વરિયાળી વગેરે પાકોમાં જુદા જુદા દ્રાવણો જેવા કે સાગરિકા (દરિયાઈ શેવાળ), નેનો યુરિયા, નેનો ડી.એ.પી., ગોળ દૂધનું મિશ્રણ તેમજ જીવામૃતનો ડ્રોન દ્વારા છંટકાવ કરવામાં આવ્યો હતો. આ નિદર્શન હેઠળ ૪૦ એકર જેટલા વિસ્તારને આવરી લેવામાં આવ્યો હતો.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. ડી.જે. રંગપરા (કૃષિ ઈજનેર તથા ડ્રોન પાઈલોટ) તેમજ વૈજ્ઞાનિક ડો. કે.એન. રાઠોડની ટીમ દ્વારા ખેડૂતોને ડ્રોનના ખેતીમાં પ્રયોગથી ખેતી ખર્ચ, સમય અને મજૂરી બચાવી ઓછા સમયમાં અસરકારક છંટકાવના ફાયદા સમજાવી સરકારની ડ્રોનથી છંટકાવ સંલગ્ન વિવિધ યોજનાઓનો લાભ લેવા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# સુરત ૧૦૮ ઇમરજન્સી સેવા દ્વારા વિશ્વ આરોગ્ય દિવસની સુરત જિલ્લામાં ઉજવણી



। (માહિતી) સુરત, તા.૮ ।

સુરત ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા સુરત જિલ્લામાં ૭ એપ્રિલ-વિશ્વ આરોગ્ય દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. રાજ્યમાં ઈર્સ્ઈ ગ્રીન હેલ્થ સર્વિસીસ- ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ છેલ્લા ૧૮ વર્ષથી લોકોને સતત આરોગ્ય સેવા આપી રહી છે. કટોકટીના સમયે જીવાદોરી સમાન બનેલી ૧૦૮ રાજ્યમાં સર્વપ્રિય બની છે, ત્યારે સુરત ૧૦૮ ઈમરજન્સી સેવાના પ્રોગ્રામ મેનેજર અભિષેક ઠાકર તેમજ જિલ્લાના સુપરવાઈઝરો, ૧૦૮ની ટીમ દ્વારા સુરત જિલ્લામાં વિવિધ વિસ્તારોમાં વિશ્વ આરોગ્ય દિવસની ઉજવણીના ભાગરૂપે યુવાનો, સગર્ભા, મહિલાઓ, વૃદ્ધો સહિત ૮૪૦ જેટલા નાગરિકોને બ્લડ પ્રેશર, સુગર, ટેમ્પરેચર ચેક કરવામાં આવ્યું હતું. હાલમાં હીટવેવ- વધતી જતી કાળઝાળ ગરમીને લઈને સાવચેતીના પગલા અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું.

# ઝાલોદ નગરના પોલિસ ASI ની PSI તરીકે બઢતી થતાં ડી.વાય. એસ.પી પટેલની અધ્યક્ષતા હેઠળ વિદાય સમારંભ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૮ ।

ઝાલોદ નગરના ASI રેખાબેન માનસિંગભાઈ નીસરતા જેઓ જવેસી (ફતેપુરા) ના રહેવાસી છે તેઓનો જન્મ ૦૬-૦૫-૧૯૮૮ ના રોજ થયો હતો. ૨૦૧૬ મા ગાંધીનગર જિલ્લામાં ભરતી થતાં તેઓએ પોસ્ટીંગ મેળવેલ હતી. ટ્રેનીંગ બાદ તેઓને પ્રથમ પોસ્ટીંગ થતાં તેઓએ પંચમહાલ જિલ્લાના એ ડીવીઝનમા શહેરા, હાલોલ, કાલોલ ખાતે ફરજ નિભાવેલ હતી. ૨૦૧૯ માં દાહોદ જિલ્લામાં બદલી થતાં લીમડી, ચાકલીયા, પીપલોદ અને ઝાલોદ પોલિસ સ્ટેશનમા પોતાની ફરજ નિભાવેલ હતી. ત્યારબાદ ઝાલોદ પોલીસ સ્ટેશન થી તેઓની બઢતી પી.એસ.આઈ તરીકે થતાં તેઓની બદલી અરવલ્લી મુકામે કરવામાં આવેલ છે.

ઝાલોદ પોલીસ સ્ટેશનના બોલકણા અને પોતાની બોલી અને કામગીરી થી સહુનુ દિલ જીતનાર રેખાબેનની બદલી થતાં નગરના સ્થાનિકો અને પોલિસ સ્ટાફ દ્વારા તેઓને શુભેચ્છાઓ આપ વામાં આવી હતી. ઝાલોદ ડીવીઝનના ડી.વાય. એસ.પી ડી.આર.પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ. આઈ સીસોદીયા તેમજ પોલિસ સ્ટાફ દ્વારા રેખાબેનનો વિદાય સમારંભ યોજવામાં આવ્યો હતો. ઢોલ કુંડીના તાલે વાજતે ગાજતે તેઓને વિદાય આપવામાં આવી હતી. તેમજ વિશેષમાં ડી.વાય.એસ.પી પટેલ દ્વારા નોકરી ફરજ દરમ્યાન આવનાર પડકારો તેમજ કામગીરીને ખૂબ સરસ રીતે નિભાવી વધુ પ્રગતિ કરો તેવી શુભેચ્છાઓ આપી હતી.

# માતૃત્વની મીઠાશઃ માતા અને વિદ્યાર્થી તરીકેની બેવડી ભૂમિકા નિભાવી નિરાલી પોલરાએ પદવી સ્વીકારી

। (માહિતી) નર્મદ, તા.૮ ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ૫૬મા પદવીદાન સમારોહમાં નવસારી જિલ્લાના જલાલપોર ગામની નિરાલીબેન કેતનભાઈ પોલરાએ પોતાની ત્રણ મહિનાની નાની દિકરી સાથે એમ.એ (ગુજરાતી)માં ગોલ્ડ મેડલ સાથે પદવી સ્વીકારી હતી. માતૃત્વની મીઠાશ સમા પદવીદાન સમારોહમાં માતા અને વિદ્યાર્થી તરીકેની બેવડી ભૂમિકા નિભાવનાર નિરાલી પોલરાની ઝિંદાદિલીને સૌએ સરાહી હતી. તેમણે એમ.એ. (ગુજરાતી) માસ્ટર ઓફ લિટરેચરમાં ૮૦.૨૭ ટકા મેળવીને ગોલ્ડ મેડલ મેળવ્યો છે. નિરાલીબેનના લગ્ન વર્ષ ૨૦૧૫માં થયા બાદ પણ તેમણે અભ્યાસ છોડ્યો નહીં. શરૂઆતમાં ધો. ૧૨ સુધીનો અભ્યાસ પૂર્ણ કર્યા પછી નવી દિશામાં આગળ વધવા માટે પરિવારનો સહકાર મળ્યો. સાસરીયામાં સપનાને સાકાર કરવાનું બળ મળ્યું. વાંચનનો શોખ તેમને કોમર્સમાંથી આર્ટ્સ તરફ ખેંચી લાવ્યો. તેમણે નવસારીની એસ.બી.ગાર્ડા આર્ટ્સ કોલેજમાંથી બી.એ અને ત્યારબાદ બિલીમોરાની શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલયમાંથી બી.એડ પૂર્ણ કર્યું છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારા ખભા પર ઘણી જવાબદારી આવી પડી છે અને નિર્ણય લેવા માટે મગજની સ્પષ્ટતા તમારી માટે મહત્વની સાબિત થશે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે શારીરિક પીડા સહન કરવાની શક્યતા છે. તમારા શરીર પર વધુ તાણ લાવે તેવો કોઈપણ પ્રકારનો શારીરિક થાક ટાળવાનો પ્રયાસ કરો. પૂરતો આરામ લેવાનું યાદ રાખજો. આજે તમને સમજ પડી શકે છે કે સમજ્યા વિચાર્યા વગર ધન ખર્ચવું તમને કેટલું નુકસાન કરી શકે છે. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. જે બાબત ખાસ હશે એવી કોઈપણ બાબત માટે નાણાં ધીરવા મહત્વના લોકો તૈયાર હશે. કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. પ્રેમમાં સહન કરવાની હિંમત રાખો તથા ખુશખુશાલ રહો. તમારા સહકર્મચારીઓ આજે તમને અન્ય દિવસોની સરખામણીમાં વધુ સારી રીતે સમજશે.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું સોચી અને સમજી ને પૈસા નિવેશ કરવા ની જરૂર છે. મિત્રો તથા સંબંધીઓ તમારા તરફથી વધુ ધ્યાનની અપેક્ષા રાખશે, પણ બહારના વિશ્વ તરફ દરવાજા બંધ કરી તમારી જાતને રાજવી રીતે ટ્રીટ કરવા માટેનો આ શ્રેષ્ઠ સમય છે. તમારૂં સ્મિત તમારા પ્રિયપાત્રની ખુશા માટેની અકસીર દવા છે.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે તમારા મગજને પજવી રહેલી સમસ્યાઓ ઉકેલવા માટે કરવાની જરૂર છે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. દિવસના ઉત્તરાર્ધ માટે કશુંક ઉત્તેજનાસભર અને મનોરંજક વિચારી રાખો. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે ઝળહળતો અને ખડખડાટ હાસ્યથી ભરેલો દિવસ જ્યારે મોટા ભાગની ઘટનાઓ તમારી ધારણા મુજબ આકાર લેશે. સમય અને ધન ની કિંમત કરતા શીખો નહીંતર આવનારા સમયમાં તમને તકલીફ પડી શકે છે. કોઈપણ અંતિમ નિર્ણય લેતા પૂર્વે તમારા પરિવારના સભ્યોનો અભિપ્રાય લો. તમારા દ્વારા એકલપંડે લેવાયેલો નિર્ણય કોઈક સમસ્યા ઊભી કરી શકે છે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. લાંબા સમયથી તમને ઝકડી રાખનારો એકાંતભર્યો તબક્કો પૂરો થાય છે-લાગે છે કે તમને તમારો સાચો સાથી મળી ગયો છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો.ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. સૌને તમારી મોટી પાર્ટી માટે બોલાવો-આજે તમારામાં એ વધારાની ઊર્જા હશે જે તમારા ગ્રુપ માટે કાર્યક્રમનું આયોજન કરવા પ્રેરશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં શારીરિક સાર્મથ્ય જાળવવા માટે તમે રમત ગમતમાં તમારો સમય ખર્ચ કરો એવી સંભાવના છે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમે જાણતા હો એવા લોકો પર જો આજે તમે કોઈપણ નિણર્ણય થોપવાનો પ્રયાસ કરશો.

**મકર (ખ,જ) :**
આજે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કારણ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે જો અન્યોના શબ્દો પર ધ્યાન આપીને રોકાણ કરશો તો આજે આર્થિક નુકસાનની શક્યતા જોવાય છે. તમારી મુલાકાતે આવનારા મહેમાનો તમારી સાંજ પર કબજો જમાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારું સ્વાસ્થ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો. જો આજે તમે પોતાના મિત્રો સાથે ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો પૈસા સોચી વિચારી ને ખર્ચ કરો નહીંતર ધન હાનિ થયી શકે છે. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો કેમ કે તમને તમારા પરિવારના સભ્યો તથા મિત્રો તરફથી સહકાર મળશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે હવાઈ કિલ્લા રચવામાં તમારો સમય વેડફશો નહીં. એના કરતાં કશું અર્થપૂર્ણ કરવા માટે તમારી શક્તિ બચાવો. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું? આજે તમને લાભ થશે-કેમ કે પરિવારના સભ્યો તમને હકારાત્મક રીતે પ્રતિસાદ આપશે. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

## ઉત્તરપ્રદેશમાં કાયદાનું શાસન સંપૂર્ણ પડી ભાંગ્યુ છેઃ સુપ્રીમ કોર્ટ

**પોતાના એક ચુકાદાનો સંદર્ભ ટાંકતા બેન્ચે જણાવ્યું હતું કે, દીવાની વિવાદના કિસ્સામાં ફરિયાદ દાખલ ના કરી શકાય**



। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

દીવાની વિવાદોના કિસ્સાઓમાં ઉત્તરપ્રદેશ પોલીસ દ્વારા આડેધડ ફાઈલ કરાતી એફઆઈઆરના મામલે રોષ વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતુ કે, રાજ્યમાં કાયદાનુ શાસન સંપૂર્ણ પડી ભાંગ્યુ છે. નાણાંની લેવડ-દેવડના એક કેસમાં સુનાવણી દરમિયાન જસ્ટિસ સંજીવ ખન્ના, સંજય કુમાર તથા કે.વી. વિશ્વાનાથનની બેન્ચે જણાવ્યું હતું કે, દીવાની મામલાને ફોજદારી કેસમાં તબદીલ કરવાની બાબત કોઈ પણ હિસાબે સ્વીકારી ના શકાય. ઉત્તરપ્રદેશમાં કાયદાનુ શાસન સંપૂર્ણ રીતે પડી ભાંગ્યુ છે. સર્વોચ્ચ અદાલતે આ મુદ્દે રાજ્યના ડીજીપીને બે સપ્તાહમાં સોગંદનામુ દાખલ કરવા નિર્દેશ આપ્યો છે. દીપક બહલ નામના એક કારોબારીએ નાણાંના વિવાદ મામલે દેબુ સિંહ અને દીપક સિંહ નામના બે આરોપીઓ સામે કરેલાં ફોજદારી કેસને અલ્હાબાદ હાઈકોર્ટે રદ્દ કરવાનો ઈનકાર કરતાં બંને આરોપીઓએ સુપ્રીમનું શરણું લીધું હતું. સર્વોચ્ચ અદાલતે આરોપીઓ સામેની ફોજદારી કાર્યવાહી સામે મનાઈ હુકમ જારી કર્યો હતો. પોતાના એક ચુકાદાનો સંદર્ભ ટાંકતા બેન્ચે જણાવ્યું હતુ કે, દીવાની વિવાદના કિસ્સામાં ફરિયાદ દાખલ ના કરી શકાય. બેન્ચે ગૌતમ બુદ્ધ નગર જિલ્લાના પોલીસ સ્ટેશનના ઓફિસર અથવા તપાસ અધિકારીને દીવાની કેસમાં ફોજદારી કાયદો કેમ લાગુ કર્યો તેની સ્પષ્ટતા કરતું સોગંદનામું દાખલ કરવા પણ આદેશ આપ્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, ઉત્તરપ્રદેશમાં રોજેરોજ આંચકાજનક ઘટનાઓ બની રહી છે. દરરોજ દીવાની મુકદમાઓને ફોજદારી કેસોમાં તબદીલ કરાઈ રહ્યાં છે. આ અત્યંત વિચિત્ર છે. અમે તપાસ અધિકારીને અમારી સમક્ષ હાજર રહેવા આદેશ આપીએ છીએ.

**યુરોપના દેશો સંગઠિત રહે તો અમેરિકાની સ્થિતિ નબળી થવી નિશ્ચિત**

# યુરોપ-એશિયાના અનેક દેશોને ટેરિફ વોર ઠંડી પડવાની આશા

**લિન જિઆને કહ્યું હતું કે, અમેરિકા ફર્સ્ટનો અભિગમ વૈશ્વિક નિયમોથી વિપરિત છે અને અર્થતંત્રને કચડવાનો પ્રયાસ છે**

। (એજન્સી) બેંગકોક, તા.૮ ।

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરિફ વોરનું રણશિંગુ ફૂંકી દેતાં સમગ્ર વિશ્વના બજારોમાં ખળભળાટ મચી ગયો છે. ટેરિફમાં પુનઃવિચારણા બાબતે અમેરિકા સાથે વાટાઘાટોની શક્યતા અંગે દ્વિધા વધી રહી હોવાથી સોમવારે તમામ બજારોએ કડાકો અનુભવ્યો હતો. આર્થિક મોરચે વ્યાપક બની રહેલા ટેરિફ વોરને ઠંડુ પાડવા યુરોપ અને એશિયાના અનેક દેશોએ પોતાના પ્રતિનિધિઓને અમેરિકા મોકલવાનો નિર્ણય લીધો છે. ડામાડોળ બજારો વચ્ચે વિશ્વના સૌથી મોટા અર્થતંત્ર સાથેના સંબંધોનું પુનઃમૂલ્યાંકન કરવાની મથામણ વચ્ચે જર્મનીના લકઝમબર્ગમાં યુરોપીયન સંઘના દેશોની બેઠક યોજાઈ રહી છે. આ બેઠકમાં જર્મનીના આર્થિક મંત્રી રોબર્ડ હેબેકે જણાવ્યુ હતું કે, ટેરિફમાં વ્યાપક સુધારા નરી મૂર્ખામી



છે અને તેમાંથી બાકાત રહેવામાં એકાદ-બે દેશને સફળતા મળે તો પણ આ પ્રકારના પ્રયાસો અગાઉ ક્યારેય ફળદાયી રહ્યા નથી. યુરોપના દેશો સંગઠિત રહે તે મહત્ત્વનું છે. ટ્રમ્પના આ પગલાએ અમેરિકાની નબળી સ્થિતિને પુરવાર કરી છે ત્યારે યુરોપના દેશો મજબૂત સ્થિતિમાં છે. જર્મનીએ અમેરિકાની નબળી આર્થિક સ્થિતિ અંગે ટિપ્પણી કરી તે પહેલા ચીને અમેરિકા પર ૩૪ ટકા ટેરિફ લાદીને ટ્રેડ વોરને વધુ હવા આપી છે.ચીનના વિદેશી બાબતોના પ્રવક્તા લિન જિઆને કહ્યું હતું કે, અમેરિકા ફર્સ્ટનો અભિગમ વૈશ્વિક નિયમોથી વિપરિત છે અને અર્થતંત્રને કચડવાનો પ્રયાસ છે. ચીનના જવાબી પગલા બાદ હોંગકોંગ શેર બજારના ઈન્ડેક્સમાં ૧૩.૨ ટકા અને શાંગાઈ કોમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૭.૩ ટકાનોકડાકો આવ્યો હતો. દક્ષિણ કોરિયાના વાણિજ્ય મંત્રાલયે પોતાના પ્રતિનિધિને વોશિંગ્ટન મોકલવાનો નિર્ણય લીધો છે. જેમાં અમેરિકાએ કોરિયા પર લાદેલા ૨૫ ટકા ટેરિફ બાબતે વાટાઘાટો કરવામાં આવશે. પાકિસ્તાન પર ૨૯ ટકા ટેરિફ લાગુ થયો હોવાથી પાકિસ્તાનના પ્રતિનિધિ અમેરિકા જવાના છે. પાકિસ્તાનના નબળા અર્થતંત્ર પર અમેરિકાના ટેરિફની અસરના મૂલ્યાંકન માટે વડાપ્રધાને નાણામંત્રી મોહંમદ ઔરંગઝેબને સૂચના આપી છે. પાકિસ્તાનમાંથી દર વર્ષે ૫ અબજ ડોલરના ઉત્પાદનો અમેરિકા જાય છે.

# ટેરિફ વોરઃ ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર કરવામાં આવશે

**અમેરિયકથી બ્રેન્ડન લીંચ હાલમાં જ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ભારત સાથે વેપાર અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દુનિયાના અનેક દેશો પર ટેરિફની જાહેરાત સાથે ટ્રેડ વૉર શરૂ કર્યુ છે. જે બાદ એશિયા, યુરોપ તથા અમેરિકાના શેર બજારમાં હાહાકાર જેવી સ્થિતિ સર્જાઇ છે. ગઇકાલે ભારતીય શેર બજારમાં પણ લાખો કરોડ રૂપિયાનું ધોવાણ થયું. ભારત સરકાર પર અમેરિકા સાથે ટ્રેડ (વેપાર કરાર) કરવાનું દબાણ વધી રહ્યું છે. એવામાં ભારતના વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયો સાથે ટેલિફોનિક વાતચીત કરી છે. જયશંકર અને રૂબિયોએ અમેરિકા અને ભારત વચ્ચે દ્વિપક્ષીય વેપાર કરાર અંગે વિસ્તૃત ચર્ચા કરી. બંને પક્ષે વહેલામાં વહેલી તકે વેપાર કરારને અંતિમ રૂપ આપવા પર સંમતિ દર્શાવી છે. નોંધનીય છે કે અમેરિયકથી બ્રેન્ડન લીંચ હાલમાં જ તેમના પ્રતિનિધિ મંડળ સાથે ભારત સાથે વેપાર અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવ્યા હતા. આ સિવાય જયશંકર અને રૂબિયોએ અન્ય ક્ષેત્રીય તથા વૈશ્વિક મુદ્દાઓ પર પણ ચર્ચા કરી. ટ્રમ્પ વહીવટી તંત્ર દ્વારા ભારતમાંથી અમેરિકામાં થતી નિકાસ પર ૨૬ ટકા ટેરિફ લગાવવામાં આવ્યા પછી ભારત દ્વારા અમેરિકા પર જવાબી કાર્યવાહી કરવામાં આવે તેની શક્યતા ઓછી છે. ભારત દ્વિપક્ષીય વેપાર સમજૂતીને વહેલામાં વહેલી તકે અંતિમ સ્વરૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. ટ્રમ્પના ટ્રેડ વોરને કારણે ભારત સહિતના વૈશ્વિક શેર બજારોમાં મોટા પાયે ઘટાડો થયો હોવા છતાં ભારત દ્વારા અમેરિકા પર જવાબી કાર્યવાહી કરવામાં આવવાની સંભાવના ઓછી છે.

**પાકિસ્તાનના પત્રકારે કરેલો 'વિસ્ફોટ'**

## તાલિબાને બાગરામ એરબેઝ અમેરિકાને સોંપી દીધું છે ? ચીન ચિંતામાં પડી ગયું

**ખામા પ્રેસ ન્યૂઝ એજન્સીનાં જણાવ્યા પ્રમાણે અમેરિકાનું સી-૧૭ વિમાન તે એરબેઝ પર ઊતર્યું હતું**



। (એજન્સી) કાબુલ, તા.૮ ।

અફઘાનિસ્તાનનું બાગરામ એરબેઝ તે સમગ્ર વિસ્તારમાં વ્યૂહાત્મક દ્રષ્ટિએ અતિ મહત્ત્વનું છે. તે વિષે પ્રાપ્ય અહેવાલો માનીએ તો, તાલિબાનોએ તે એરબેઝ અમેરિકાને સોંપી દીધું છે. ખામા ન્યૂઝ એજન્સી જણાવે છે કે, અમેરિકાનું વિશાળ માલવાહક વિમાન સી-૧૭ આ એરબેઝ પર ઉતર્યું હતું અને તેણે લશ્કરી સાધનો, યુદ્ધમાં ઉપયોગી બને તેવાં વાહનો, તેમજ જાસૂસી અધિકારીઓને તે એરબેઝ પર ઉતાર્યા હતા. પાકિસ્તાનના પત્રકારે આ વિસ્ફોટ કરતાં આસપાસના દેશોમાં હલચલ મચી ગઈ છે. ચીન ચિંતાગ્રસ્ત થઈ ગયું છે. જોકે તાલિબાનોએ મિડીયા હેન્ડલ પર આ દાવાને નકારી કાઢ્યા છે.૨૦૨૧માં અમેરિકાનું સૈન્ય અફઘાનિસ્તાનમાંથી ગયું ત્યારે ચીન તેની ઉપર ટાંપીને બેઠું હતું. ચીનનું એક પ્રતિનિધિ મંડળ તે એરબેઝ પહોંચ્યું પણ હતું. તે અંગે પાકિસ્તાનના પત્રકાર ઝરક શબાબે મીડીયમ વેબસાઈટ ઉપર માહિતી આપતાં જણાવ્યું. તે લશ્કરી સાધનો સાથે અમેરિકાના જાસૂસોની એક ટુકડી તો આવી જ હતી, પરંતુ તે સાથે અમેરિકાની આંતરરાષ્ટ્રીય જાસૂસી સંસ્થા સીઆઈએના ડેપ્યુટી ચીફ પણ બાગરામ વિમાન મથકે ઉતર્યા હતા.પાકિસ્તાનના પત્રકારે વધુમાં જણાવ્યું હતું કે બાગરામ એરબેઝનું વ્યૂહાત્મક મહત્ત્વ અમેરિકા બરોબર જાણે છે. તાલિબાનો ભલે ના કહે પરંતુ અમેરિકા તે એરબેઝ પોતાના હાથમાં રાખવા માગે જ છે. પહેલાં તો તાલિબાનો તે એરબેઝ અમેરિકાને સોંપવા તૈયાર ન હતા પરંતુ તાજેતરમાં બનતી ઘટનાઓએ તેને તેમ કરવાની ફરજ પાડી છે. વાસ્તવમાં આઈએસકેપી આતંકવાદીઓ અમેરિકા તેમજ તાલિબાનના શત્રુ છે. તેને પાકિસ્તાન તાલિમ આપી રહ્યું છે. તેથી તે જૂથની સામે તાલિબાનોને સહાયની જરૂર છે.બીજી મહત્ત્વની વાત તે છે કે, તાલિબાનોને પૈસાની જરૂર છે. જે અમેરિકા આપી શકે તેમ છે. તો બીજી તરફ તાલિબાનોને અમેરિકા પાસે તેમની રાજદ્વારી સ્વીકૃતિની પણ જરૂર છે. અમેરિકા રાજદ્વારી સ્વીકૃતિ આપે તો તેના ઘણા અનુયાયી દેશો તરફથી રાજદ્વારી સ્વીકૃતિ મળી શકે.હવે ચીનની મૂંઝવણ વધી છે. તે એરબેઝ ચીનની સરહદની નજીક છે. તેમાં અમેરિકા વધુ રોકાણ કરી તે વિમાન મથક વિસ્તારે પણ ખરૂં. અત્યારે જ તે સી-૧૭ જેવાં વિશાળ વિમાન ઉતારી શકે તેમ છે. આથી ડ્રેગનની ઊંઘ ઉડી ગઈ છે.

**હાર્દિક-તિલકની તોફાની ઈનિંગ્સ કામ ન આવી**

# RCBએ મુંબઈનો કિલ્લો તોડ્યો

। (એજન્સી) મુંબઈ, તા.૮ ।

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં એક દાયકા બાદ વિજય મેળવીને ઈતિહાસ રચ્યો છે. IPL ૨૦૨૫ની આ રોમાંચક મેચમાં ઈઝમ્એ મુંબઈ ઈન્ડિયન્સને ૧૨ રને પરાજય આપ્યો હતો. એક સમયે હાર્દિક પંડ્યા અને તિલક વર્માની તોફાની બેટિંગને કારણે મુંબઈની જીત નિશ્ચિત જણાતી હતી, પરંતુ અંતિમ ઓવરોમાં મેચ પલટાઈ ગયો હતો. પ્રથમ બેટિંગ કરતાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે રજત પાટીદાર અને વિરાટ કોહલીની અડધી સદીની મદદથી ૨૨૧ રન બનાવ્યા હતા. જવાબમાં મુંબઈ ઈન્ડિયન્સની શરૂઆત ખરાબ રહી હતી અને ૧૨ ઓવરમાં ૪ વિકેટ ગુમાવીને માત્ર ૯૯ રન જ બનાવી શકી હતી. જો કે, ત્યારબાદ કેપ્ટન હાર્દિક પંડ્યાએ માત્ર ૧૫ બોલમાં ૪૨ રન અને તિલક વર્માએ ૨૯ બોલમાં ૫૬ રનની તોફાની ઈનિંગ રમીને મેચમાં રોમાંચ લાવી દીધો હતો. આ બંને બેટ્સમેનો આઉટ થતાં જ RCBની જીત નિશ્ચિત થઈ ગઈ હતી.૨૨૨ રનના લક્ષ્યાંકનો પીછો કરતાં મુંબઈની શરૂઆત સારી નહોતી રહી. ઈમ્પેક્ટ પ્લેયર તરીકે આવેલા રોહિત શર્મા માત્ર ૯ બોલમાં ૧૭ રન બનાવીને યશ દયાલનો શિકાર બન્યા હતા. ત્યારબાદ રેયાન રિકલટન પણ ૧૯ બોલમાં ૧૭ રન બનાવીને પેવેલિયન ભેગો થયો હતો. ૩૮ રનમાં બે વિકેટ પડ્યા બાદ સૂર્યકુમાર યાદવ અને વિલ જેક્સ પર ટીમનો મદાર હતો. જો કે, સૂર્યા પણ મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો અને ૨૬ બોલમાં ૨૮ રન બનાવીને આઉટ થયો હતો. તે પહેલાં વિલ જેક્સે ૧૮ બોલમાં ૨૨ રનનું યોગદાન આપ્યું હતું.૯૯ રનમાં ૪ વિકેટ પડી ગયા બાદ એવું લાગતું હતું કે RCB સરળતાથી જીતી જશે, પરંતુ હાર્દિક પંડ્યાએ આવતાની સાથે જ આક્રમક બેટિંગ શરૂ કરી દીધી હતી અને તિલક વર્મા સાથે મળીને મેચનો પલટો કર્યો હતો. ૧૩મી ઓવરમાં ૧૭ રન આવ્યા, જ્યારે જોશ હેઝલવુડે ૧૪મી ઓવરમાં ૨૨ રન આપ્યા. ૧૫મી ઓવરમાં ૧૯ રન બન્યા અને ૧૬મી ઓવરમાં ૧૩ રન બનતા મેચ મુંબઈના પક્ષમાં જતો જોવા મળતો હતો. ૧૭ ઓવરના અંતે મુંબઈનો સ્કોર ૪ વિકેટે ૧૮૧ રન હતો.જો કે, ભુવનેશ્વર કુમારે ૧૮મી ઓવરમાં તિલક વર્માને આઉટ કરીને RCBને રાહત અપ ાવી હતી. ત્યારબાદ ૧૯મી ઓવરના પ્રથમ બોલ પર જોશ હેઝલવુડે હાર્દિક પંડ્યાને આઉટ કરીને RCBની જીત લગભગ નિશ્ચિત કરી દીધી હતી. મુંબઈને છેલ્લા ૧૨ બોલમાં ૨૮ રનની જરૂર હતી, પરંતુ હેઝલવુડે ૧૯મી ઓવરમાં માત્ર ૯ રન આપ્યા. અંતિમ ઓવરમાં ૧૯ રનની જરૂર હતી અને કૃણાલ પંડ્યાએ પ્રથમ બે બોલમાં બે વિકેટ લઈને RCBની જીત પર મહોર મારી દીધી હતી. RCB માટે કૃણાલ પંડ્યાએ ૪ ઓવરમાં ૪૫ રન આપીને ૪ વિકેટ ઝડપી હતી. જોશ હેઝલવુડે ૩૭ રનમાં ૨ અને યશ દયાલે ૪૬ રનમાં ૨ વિકેટ લીધી હતી. બેટિંગમાં વિરાટ કોહલીએ ૬૭, દેવદત્ત પડિક્કલે ૩૭, કેપ્ટન રજત પાટીદારે ૬૪ અને જીતેશ શર્માએ ૧૯ બોલમાં અણનમ ૪૦ રન બનાવ્યા હતા.

## રાયગઢના જંગલમાં આગ ભભૂકી, ચાર કલાક બાદ કાબૂ મેળવાયો

। (એજન્સી) હિંમતનગર, તા.૮ ।

ઉનાળાની કાળઝાળ ગરમીમાં રવિવારે બપોરે હિંમતનગર તાલુકાના રાયગઢ નજીક સંચેરી જવાના માર્ગ પર આવેલા જંગલ વિસ્તારમાં આગ લાગી હતી. જોકે જંગલ વિભાગના અધિકારીઓએ તાત્કાલિક આગ પર પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવી લીધો હતો. આગની આ ઘટનામાં ઝાડી-ઝાંખરાં અને નાના વૃક્ષો બળી ગયા હતા. હિંમતનગર તાલુકાના રાયગઢથી સંચેરી જતા રોડ પર રવિવારે બપોર બાદ અગમ્ય કારણોસર આગ લાગી હતી.

સ્થાનિકો ધૂમાડા જોયા બાદ તરત જ વન વિભાગમાં જાણ કરી હતી. સાથે જ સ્થાનિકોએ શરૂઆતના તબક્કામાં આગ બુઝાવવા માટે પ્રયાસ કર્યા પરંતુ તેમાં સફળતા મળી ન હતી. ત્યારબાદ વન વિભાગની ટીમના ૩૦થી વધુ કર્મચારીઓએ આવીને તરતજ આગ બુઝાવવા માટે પ્રયાસ શરૂ કર્યા હતા.લગભગ ચાર કલાક સુધી મહેનત કર્યા બાદ આગ બુઝાવી દેવામાં આવી હતી. જેમાં રાયગઢ રેન્જના ફોરેસ્ટર, બીટગાર્ડ સહિત ૩૦થી વધુ કર્મચારીએ રજા હોવા છતાં આવ્યા હતા. રાયગઢ વન વિભાગના આરએફઓ અનિરુદ્ધસિંહ સીસોદિયાના જણાવ્યા મુજબ, કર્મચારીઓએ લગભગ ચાર કલાક સુધી સતત મહેનત કરી હતી.

**પ્રત્યાર્પણ રોકવાની અરજી ફગાવી**

# ૨૬/૧૧ હુમલાના આરોપી તહવ્વુર રાણા ભારત આવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૮ ।

મુંબઈ આતંકવાદી હુમલાના મુખ્ય આરોપી તહવ્વુર રાણાના પ્રત્યાર્પણનો માર્ગ મોકળો થઈ ગયો છે અને હવે તેને ભારત લાવવામાં આવશે. હકીકતમાં, યુએસ સુપ્રીમ કોર્ટે તહવ્વુર રાણાના પ્રત્યાર્પણને રોકવા માટેની અરજીને ફગાવી દીધી છે. ૬૪ વર્ષીય તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક છે અને હાલમાં લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં બંધ છે.૨૬/૧૧ના મુંબઈ આતંકવાદી હુમલાના આરોપી તહવ્વુર રાણાને ભારત પ્રત્યાર્પણ કરવાનો માર્ગ હવે મોકળો થઈ ગયો છે. યુએસ સુપ્રીમ કોર્ટે રાણાની તે અરજીને ફગાવી દીધી છે જેમાં તેમણે તેમના પ્રત્યાર્પણ પર રોક લગાવવાની માંગ કરી હતી. સોમવારે સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર પ્રકાશિત એક નોટિસ દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો.૬૪ વર્ષીય તહવ્વુર રાણા પાકિસ્તાની મૂળના કેનેડિયન નાગરિક છે. હાલમાં તેને લોસ એન્જલસના મેટ્રોપોલિટન ડિટેન્શન સેન્ટરમાં રાખવામાં આવ્યો છે. ૨૭ ફેબ્રુઆરીના રોજ, રાણાએ સુપ્રીમ કોર્ટના એસોસિયેટ જસ્ટિસ એલેના કાગન સમક્ષ "ઈમરજન્સી પિટિશન" દાખલ કરી, જેમાં "હેબિયસ કોર્પસ પિટિશનની સુનાવણી બાકી રહે ત્યાં સુધી પ્રત્યાર્પણ પર રોક" લગાવવાની માંગ કરવામાં આવી.જોકે, ગયા મહિને જસ્ટિસ કાગને રાણાની અરજી ફગાવી દીધી હતી. આ પછી, રાણાએ પોતાની અરજી ફરીથી રજૂ કરી અને તેને મુખ્ય ન્યાયાધીશ જોન રોબર્ટ્સ સમક્ષ મોકલવાની માંગ કરી. આના પર, સુપ્રીમ કોર્ટે રાણાની અરજીને ૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ 'કોન્ફરન્સ' માટે સૂચિબદ્ધ કરી અને તેને કોર્ટ સમક્ષ રજૂ કરવાનો નિર્ણય લીધો.સોમવારે યુએસ સુપ્રીમ કોર્ટની વેબસાઇટ પર પ્રકાશિત એક નોટિસમાં કહેવામાં આવ્યું છે કે, "આ અરજી કોર્ટે ફગાવી દીધી છે." આ નિર્ણય પછી, અમેરિકામાં રાણાના કાનૂની વિકલ્પો હવે ખૂબ જ મર્યાદિત થઈ ગયા છે અને ભારત પ્રત્યાર્પણની પ્રક્રિયા આગળ વધારી શકાય છે.ઉલ્લેખનીય છે કે તહવ્વુર રાણા ૨૦૦૮ના મુંબઈ આતંકવાદી હુમલાના કાવતરાખોરોમાંનો એક છે. ભારતીય એજન્સીઓ અનુસાર, રાણાએ પાકિસ્તાની આતંકવાદી ડેવિડ કોલમેન હેડલીને ભારતમાં આતંકવાદી પ્રવૃત્તિઓ કરવામાં મદદ કરી હતી.

**ખાસ લેખ**

**પ્રજાલક્ષી દરોના ઘટાડાથી સામાન્ય નાગરિકોને-મિલકતધારકોને વધુ સરળતા આપવાનો અભિગમ**

# રાજ્યમાં સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અમલમાં સુગમતા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મહત્વપૂર્ણ નિર્ણયો

**વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂા.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે**

। ગાંધીનગર ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના દિશાદર્શનમાં રાજ્ય સરકારના મહેસૂલ વિભાગે ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની ઘણી જોગવાઈઓમાં સુધારા-વધારા કર્યા છે. આ સુધારાઓમાં પ્રજાલક્ષી દરોનો ઘટાડો કરવા સાથે વહીવટી સરળતા અને સુગમતા વધારીને સ્ટેમ્પ ડ્યુટી એક્ટના અસરકારક અમલ માટેનો અભિગમ રાખવામાં આવ્યો છે.

સ્ટેમ્પ ડ્યુટી એક્ટની આ સુધારેલી જોગવાઈઓ રાજ્યમાં ૧૦મી એપ્રિલ, ૨૦૨૫, ગુરુવારથી અમલી થશે.

રાજ્યના મહેસૂલ વિભાગે સ્ટેમ્પ ડ્યુટી એક્ટની જોગવાઈઓમાં જે સુધારા-વધારા કર્યા છે તેમાં કરવામાં આવેલી જોગવાઈઓ મુખ્યત્વે આ મુજબ છે -

- વડીલોપાર્જિત મિલકતના કિસ્સામાં અવસાન પામેલી પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતાં હક્ક કમીના ડોક્યુમેન્ટ રૂ.૨૦૦ની સ્ટેમ્પ ડ્યુટી વાપરીને કરી શકાશે.
- રૂ.૧ કરોડ સુધીની લોનની રકમ ઉપર મહત્તમ રૂ.૫,૦૦૦/-ની મર્યાદામાં સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.
- રૂ.૧૦ કરોડથી વધુ રકમની લોન અંગે કરવામાં આવતાં ગીરોખત/હાઈપોથીકેશનના ડોક્યુમેન્ટ ઉપર મહત્તમ રૂ.૮,૦૦,૦૦૦/-ની ડ્યુટીની હાલની જોગવાઈમાં વધારો કરીને તે રૂ.૧૫,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. પરંતુ, એક કરતાં વધારે બેંકો પાસેથી જ્યારે લોન લેવામાં આવતી હોય તો તેવા કિસ્સામાં સરચાર્જ સિવાય મહત્તમ રૂ.૭૫,૦૦,૦૦૦/- સુધીની સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે તેવી જોગવાઈ કરવામાં આવી છે.
- વધારાની જામીનગીરીના કિસ્સામાં હવેથી ફિક્સ રૂ.૫,૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની રહેશે.
- ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા કિસ્સામાં જો અરજદાર સામેથી ડ્યુટી ભરવા આવે તો ડોક્યુમેન્ટથી તારીખથી માસિક બે ટકાના દરે, પરંતુ મહત્તમ ખૂટતી ડ્યુટીની ચાર ગણી રકમ વસૂલ કરવામાં આવશે.
- તે જ રીતે, સ્ટેમ્પ ડ્યુટીવની ચોરી જો તંત્ર દ્વારા પકડવામાં તો તેવા કિસ્સામાં માસિક ૩ ટકાના દરે પરંતુ મહત્તમ ૬ ગણી સુધી દંડની રકમ વસૂલ લેવાની જોગવાઈ કરવામાં આવી છે.
- એક વર્ષથી ઓછા સમયગાળાના ભાડા પટ્ટાના ડોક્યુમેન્ટ ઉપર સરેરાશ વાર્ષિક ભાડાની રકમના ૧%ની જગ્યાએ હવે રાજ્ય સરકારે રહેણાંક(રેસિડેન્સિયલ) માટે ફિક્સ રૂ.૫૦૦/- અને વાણિજ્ય(કોમર્શિયલ) માટે રૂ.૧૦૦૦/-ની ડ્યુટી ભરપાઈ કરવાની જોગવાઈ કરી છે.
- ગીરોખતના કિસ્સામાં જો બેંકો/નાણાંકીય સંસ્થાઓ દ્વારા ડોક્યુમેન્ટ કરી તેના ઉપર સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરાવવામાં નહિ આવે, તો તેવા કિસ્સામાં આવા ડોક્યુમેન્ટ સંબંધે ડ્યુટી ભરપાઈ કરવાની જવાબદારી બેંકો/નાણાંકીય સંસ્થાઓની રહેશે.
- ઉપરાંત, અસલ લેખ (ઓરિજિનલ ડોક્યુમેન્ટ)ની ગેરહાજરીમાં ઓછી સ્ટેમ્પ ડ્યુટી ભરપાઈ કરી હોય તેવા ડોક્યુમેન્ટની નકલ ઉપર પણ ડ્યુટી વસૂલ કરી શકાશે તેવી જોગવાઈ પણ આ એક્ટમાં કરવામાં આવી છે.

રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮ની જોગવાઈઓમાં કરાયેલા આ સુધારા ઉપરાંત અન્ય સુધારા-વધારા પણ કરવામાં આવ્યા છે. આ ડ્યુટીમાં સુધારા વધારા મૂળ ડ્યુટી માટે કરવામાં આવેલા છે. તેમાં કાયદાની જોગવાઈઓ મુજબ વધારાની ડ્યુટી (સરચાર્જ) પણ લેવાપાત્ર થશે.

આના જોગવાઈઓથી ઉધોગકારો તેમજ હાઉસીંગ લોનધારકોને નાણાંકીય બોજમાં ઘટાડો થાય તેવો સરકારે પ્રયત્ન કર્યો છે.

વડીલોપાર્જિત મિલકતમાંથી હક્ક કમી કરવાના કિસ્સામાં ઉપસ્થિત થતાં અર્થઘટનના પ્રશ્નોના નિવારણ તથા કાયદાની જોગવાઈઓ સંબંધે ઉપસ્થિત થતાં કોર્ટ મેટર્સ-લીટીગેશન્સમાં ઘટાડો થાય તે માટે આ નવા સુધારા કરવામાં આવ્યાં છે.

### નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતુ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટલે ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા કરી, શ્રદ્ધાળુઓ સાથે સંવાદ કર્યો

## મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે મા રેવાને પ્રાર્થના કરી હતી



। (એજન્સી) નર્મદા, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ચૈત્ર મહિનામાં ચાલી રહેલી મા નર્મદાની પંચકોશી પવિત્ર પરિક્રમાના CM Bhupuendrabhai performed Uttarvahini Narmada Parikrama અવસરે મંગળવારે સવારે નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના રામપુરા ઘાટ ખાતે પહોંચીને નર્મદા મૈયાની પૂજા અર્ચના કરી હતી. મુખ્યમંત્રીએ ગુજરાત અને દેશના સૌ નાગરિકોની સુખ-શાંતિ અને સમૃદ્ધિ તથા વિશ્વ કલ્યાણ માટે મા રેવાને પ્રાર્થના કરી હતી. તેમણે અહીં નર્મદા મૈયાના પ્રાકૃતિક સૌંદર્યને નિહાળ્યું હતું અને નર્મદા મૈયાના દર્શન કર્યા હતા.

રામપુરા ઘાટ ખાતે મુખ્યમંત્રીએ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટીતંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે ઊભી કરવામાં આવેલી સુવિધાનું નિરીક્ષણ કર્યું હતું. આરોગ્ય વિભાગના રાહત કેમ્પ, સખી મંડળના બહેનોના સ્ટોલ, પરિક્રમા રૂટ પર મૂકવામાં આવેલા CCTV કન્ટ્રોલ રૂમ વગેરેનું નિરીક્ષણ કરીને તેમણે ઊભી કરવામાં આવેલી સુવિધાઓ અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

ભૂપેન્દ્રભાઈ પટેલે રામપુરા ઘાટ ખાતેથી શ્રી રણછોડરાયજી મંદિરે પહોંચી દર્શન કર્યા હતા તથા દેશભરમાંથી આવેલા વિવિધ પ્રાંતના પરિક્રમાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો હતો.

પરિક્રમાર્થીઓ સાથે વાતચીતમાં તેમણે જણાવ્યું કે, પવિત્ર મા નર્મદાની પંચકોશી પરિક્રમા છેલ્લાં કેટલાંય વર્ષોથી અનેક શ્રદ્ધાળુઓ પગપાળા કરે છે. પરિક્રમાર્થીઓ માટે રાજ્ય સરકારના ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઊભી કરાયેલી સુવિધાઓ અંગે મુખ્યમંત્રીએ પરિક્રમાર્થીઓને પૃચ્છા કરીને તેમના મંતવ્યો-સૂચનો-પ્રતિભાવો મેળવ્યા હતા. પરિક્રમાર્થીઓએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી સુવિધાઓ અંગે સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

મહારાષ્ટ્રથી આવેલા પરિક્રમાર્થી ઋષિકેશ ઓઝા દ્વારા મા નર્મદાની પરિક્રમાનું મહત્ત્વ દર્શાવતું હિન્દી પુસ્તક મુખ્યમંત્રીને અર્પણ કરીને પરિક્રમાર્થીઓ માટે ઊભી કરાયેલી સુવિધાની પ્રશંસા કરી હતી. રણછોડરાયજી મંદિર ખાતે સંવાદના આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીને નર્મદા જિલ્લા કલેક્ટર એસ.કે.મોદીએ શાલ અને મા નર્મદાની પ્રતિમા અર્પણ કર્યા હતા. ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સેક્રેટરી રમેશ મેરજાએ મુખ્યમંત્રીને શ્રીફળ અને માતાજીની ચૂંદડી અર્પણ કરી હતી. મુખ્યમંત્રીની આ સમગ્ર મુલાકાત દરમિયાન નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ ભીમસિંહ તડવી, ભરૂચના સાંસદ મનસુખભાઈ વસાવા, છોટાઉદેપુરના સાંસદ જશુભાઈ રાઠવા, નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખ, જિલ્લાના અગ્રણી નિલકુમાર રાવ, મુખ્યમંત્રીના ઓએસડી અતુલ ગોર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, પોલીસ અધિક્ષક પ્રશાંત સુંબે સહિત જિલ્લા વહીવટી તંત્રના અમલીકરણ અધિકારીઓ અને સ્થાનિક અગ્રણીઓ-પરિક્રમાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા.

### માલધારી પરિવાર માટે મોટા સમાચાર

# ૧૧૦૦ માલધારી પરિવારોને પોતાનાં ઘરનો માલિકી હક્ક મળશે

। (એજન્સી) અમદાવાદ, તા.૮ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકારે અમદાવાદ મહાનગર પાલિકાની હદમાં આવેલી રબારી વસાહતોના માલધારી કબજેદારોને જમીન પર રાહત દરે કાયમી ધોરણે માલિકી હક્ક આપવાનો મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારના આ ઐતિહાસિક નિર્ણયથી અમદાવાદના આશરે ૧૧૦૦ માલધારી પરિવારોને પોતાનાં ઘરનો માલિકી હક્ક મળશે.

આ નિર્ણય સંદર્ભે રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ગાંધીનગર ખાતે પત્રકાર પરિષદને સંબોધન કરતા જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં રબારી સમાજના વસવાટ તેમજ તેમના ઢોર માટે રાખવાની વ્યવસ્થા થઈ શકે તેવા શુભ આશયથી રાજ્ય સરકારે વર્ષ ૧૯૬૦-૬૧માં જમીન સંપાદન કરી અમદાવાદ મહાનગરપાલિકાને સુપરત કરી હતી. આ જમીન પર અમદાવાદ મહાનગર પાલિકાએ પ્લોટ પાડીને ઓઢવ, અમરાઈવાડી, જશોદાનગર જૂની અને જશોદાનગર નવી એમ કુલ ચાર રબારી વસાહતોમાં રહેઠાણ સાથેના મકાનો બાંધીને જે તે સમયે રબારી પરિવારોને પ્લોટની ફાળવણી કરી હતી.

જેમાં જશોદાનગર જૂની વસાહતમાં ૧૩૭ પ્લોટ, જશોદાનગર નવી વસાહતમાં ૪૪૦ પ્લોટ, ઓઢવ વસાહતમાં ૩૧૦ પ્લોટ અને અમરાઈવાડીમાં ૨૧૨ પ્લોટ મળીને ચારેય વસાહતોમાં આશરે કુલ ૧,૦૯૯ પ્લોટની ફાળવણી માલધારી સમાજને કરવામાં આવી હતી. આ ચારેય વસાહતનું અંદાજીત કુલ ક્ષેત્રફળ ૬,૫૭,૩૬૩ ચો.મીટર થાય છે. રાજ્ય મંત્રી જગદીશ વિશ્વકર્માએ ઉમેર્યું હતું કે, હાલ આ ચારેય રબારી વસાહતોમાં પ્લોટોની ફાળવણીને ૫૦ વર્ષથી વધુ સમય થઈ ગયો છે.

આ દરમિયાન અનેકવાર માલધારી સમાજે રાજ્ય સરકાર સમક્ષ જમીન પરનો માલિકી હક્ક આપવા અંગે રજૂઆત કરી હતી. દરેક સમાજની માંગણીઓને હકારાત્મક પ્રતિભાવ આપવાના અનુક્રમને જાળવી રાખતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારે આજે માલધારી સમાજની વર્ષો જૂની માંગણીને પણ હકારાત્મક વાચા આપતો નિર્ણય કર્યો છે. આ તમામ વસાહતોનાં જૂના ભાડૂઆતો અથવા હાલનાં કબજેદારોને ફાળવવામાં આવેલી જમીન પર તેઓને કાયમી માલિકી હક્ક મળે તે આશયથી અમદાવાદ મહાનગરપાલિકા અને રાજ્ય સરકારે જમીનના બજારભાવને બદલે રાહતભાવે જમીન વેચાણથી આપવાનો નિર્ણય કર્યો છે.

# પોરબંદર અને આસનસોલ વચ્ચે ચાલશે સમર સ્પેશિયલ ટ્રેન

। અમદાવાદ, તા.૮ ।

પશ્ચિમ રેલ્વેએ મુસાફરોની સુવિધા માટે પોરબંદર અને આસનસોલ વચ્ચે વિશેષ ભાડા પર સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ની બે ટ્રીપ ચલાવવાનો નિર્ણય લીધો છે. વિગતો નીચે મુજબ છે:

ટ્રેન નં.૦૯૨૦૫/૦૯૨૦૬ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ (૨-૨ ટ્રિપ)

ટ્રેન નંબર ૦૯૨૦૫ પોરબંદર-આસનસોલ સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ૧૦.૦૪.૨૦૨૫ અને ૧૭.૦૪.૨૦૨૫ ના રોજ સવારે ૦૮.૫૦ વાગ્યે પોરબંદર સ્ટેશનથી ઉપડશે, રાજકોટ તે જ દિવસે બપોરે ૧.૧૫ વાગ્યે પહોંચશે અને શનિવારે સાંજે ૬.૪૫ વાગ્યે આસનસોલ સ્ટેશન પહોંચશે. તેવી જ રીતે, ટ્રેન નં. ૦૯૨૦૬ આસનસોલ-પોરબંદર સાપ્તાહિક સમર સ્પેશિયલ ટ્રેન ૧૨.૦૪.૨૦૨૫ અને ૧૯.૦૪.૨૦૨૫ ના રોજ આસનસોલ સ્ટેશનથી ૧૭.૪૫ વાગ્યે ઉપડશે અને સોમવારે સવારે ૧૦.૩૦ વાગ્યે રાજકોટ અને બપોરે ૧.૪૫ વાગ્યે પોરબંદર પહોંચશે.

આ ટ્રેનમાં ફર્સ્ટ એસી, સેકન્ડ એસી, થર્ડ એસી, સ્લીપર અને જનરલ કોચ હશે. આ ટ્રેન બંને દિશામાં ભાણવડ, લાલપુર જામ, જામનગર, હાપા, રાજકોટ, વાંકાનેર, સુરેન્દ્રનગર, વિરમગામ, અમદાવાદ, આણંદ, છાયાપુરી, ગોધરા, રતલામ, નાગદા, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, લલિતપુર, વીરાંગના લક્ષ્મીબાઈ ઝાંસી, ગોવિંદપુરી, પ્રયાગરાજ, મિર્ઝાપુર, પંડિત દીન દયાલ ઉપાધ્યાય જંક્શન, સાસારામ, ગયા, કોડરમા અને ધનબાદ સ્ટેશનો પર રોકાશે.

ટ્રેન નંબર ૦૯૨૦૫ માટે બુકિંગ ૯ એપ્રિલ, ૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

ગરમી સામે સાવચેતી એ જ સલામતી

હીટવેવ સામે લડવા સજ્જ રહીએ, ગરમીમાં 'લૂ' લાગવાથી બચીએ

હીટવેવથી બચવા શું કરવું અને શું ન કરવું?

આટલું કરો
- તરસ ન લાગી હોય તો પણ યોગ્ય માત્રામાં પાણી પીવું
- શરીરમાં પ્રવાહીની માત્રા ઓછી ન થાય તે માટે ORS દ્રાવણ અથવા છાશ, લસ્સી, લીંબુ પાણી, ભાતનું ઓસામણ અને નારિયેળ પાણીનો ઉપયોગ કરો
- ઘરની બહાર જતી વખતે માથાનો ભાગ કપડાં, છત્રી કે ટોપીથી ઢાંકી રાખો
- વજનમાં અને રંગમાં હળવા પ્રકારના સુતરાઉ વસ્ત્રો પહેરો
- આંખોના રક્ષણ માટે સનગ્લાસીસ અને ત્વચાના રક્ષણ માટે સનસ્ક્રીન લગાવો
- પ્રાથમિક સારવાર માટેની તાલીમ લો
- બાળકો, વૃદ્ધો, બિમાર વ્યક્તિ કે વધુ વજન ધરાવતા વ્યક્તિ કે જેઓ "લૂ"ના ભોગ બનવાની સંભાવના વધુ ધરાવે છે તેમની વિશેષ કાળજી રાખો

આટલું ન કરો
- શક્ય હોય ત્યાં સુધી બપોરના ૧૨ વાગ્યાથી ૪ વાગ્યા સુધી તડકામાં બહાર ન નીકળવું
- શરીરમાંથી પાણીનું પ્રમાણ ઘટાડે તેવા પીણાં જેવા કે ચા, કોફી, સોફ્ટ ડ્રિંક્સ ન લેવા
- મસાલેદાર, તળેલા, વધુ પડતા મીઠાવાળા આહારનો ઉપયોગ ટાળવો

લૂ લાગેલ વ્યક્તિની પ્રાથમિક સારવાર
- જો કોઈ વ્યક્તિને લૂ લાગી હોય તો પ્રાથમિક સારવાર માટે ભીના કપડાનો ઉપયોગ કરો અથવા તેના માથા પર પાણી રેડો
- શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે તે માટે ORS દ્રાવણ અથવા લીંબુ પાણી આપો
- લૂ લાગેલ વ્યક્તિને તાત્કાલિક નજીકના આરોગ્ય કેન્દ્ર પર લઈ જવા
- જો શરીરનું તાપમાન સતત વધતું હોય, માથાનો અસહ્ય દુઃખાવો હોય, નબળાઈ હોય, ઉલટી થતી હોય કે બેભાન થઈ જાય તો તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવવી

સચેત રહો, સુરક્ષિત રહો





હેલ્પલાઈન નંબર-૧૦૭૭

ગુજરાત સરકાર દ્વારા જનહિતમાં જારી